# જંગલ ગૌણપેદાશ એકત્રિકરણની આદિવાસી જીવનસ્તર પર અસર અને તેના મળતા ભાવો : એક અભ્યાસ


અહેવાલ લેખન
ભીખાભાઈ સો. પટેલ

સંકલન
ડૉ. ચંદ્રકાન્તભાઈ ઉપાધ્યાય



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦ ૦૧૪
૨૦૦૫-૦૬



૪૦૨

# અનુક્રમણિકા


| પ્રકરણ નં. | વિગત | પાન નં. |
| --- | --- | --- |
| ૧ | અભ્યાસની કાર્યપધ્ધતિ | ૧ થી ૧૭ |
| ૨ | જંગલ અને આદિવાસીઓ | ૧૮ થી ૩૪ |
| ૩ | વસતિ અને વિસ્તાર પરિચય | ૩૫ થી ૭૨ |
| ૪ | રાજ્યમાં ગૌણ વનપેદાશનું ઉત્પાદન | ૭૩ થી ૧૨૦ |
| ૫ | આદિવાસી વિકાસ અને જંગલને લગતા કેટલાક સુઝાવો | ૧૨૧ થી ૧૫૧ |

# પ્રકરણ-૧
# અભ્યાસની કાર્યપદ્ધતિ

## પ્રસ્તાવના

આજના વિકાસશીલ રાષ્ટ્રમાં કુદરતી સાધનસંપત્તિ પાણી, પર્યાવરણ પત્થર, જમીન, ખનીજો અને જંગલો કે જે કુદરતી સ્ત્રોત છે. આ બધાનું વિકાસની પ્રક્રિયામાં આગવું પ્રદાન હોય છે. જંગલોનું આજની અર્થવ્યવસ્થામાં પણ ઘણું યોગદાન રહ્યું છે. જંગલો દ્વારા રોજગારીનું ઉપાર્જન, માનવજીવનની સુખાકારી ઊભી કરવી, જંગલમાંથી અર્થોપાર્જન કરવું, જંગલો દ્વારા પર્યાવરણીય સમતુલા જાળવવી વગેરે આમ જંગલો માનવ સમુદાય માટે અનેક વિધ રીતે ઉપયોગી છે. ગુજરાત અને ભારતના સંદર્ભમાં જંગલો અને આદિવાસીઓનો સંબંધ અતૂટ રહ્યો છે. આદિવાસી અને જંગલો અંગે ઐતિહાસિક રીતે જોતાં તે જુદા જુદા તબક્કામાંથી પસાર થાય છે.

## ઐતિહાસિક પૃષ્ઠભૂમિ :

આઝાદી પહેલાં અને બ્રિટીશરોના વખતમાં જંગલ સમુદાયોની અર્થવ્યવસ્થાનું ચિત્ર સ્પષ્ટ ન હતું. આદિવાસીઓ અને જંગલ અર્થવ્યવસ્થાના સંબંધ અંગેની માહિતી સંસ્થાનવાદના વહીવટદારોના લખાણમાંથી પ્રાપ્ત થાય છે. આ સમયે ગ્રામ્ય સમુદાયો પોતાના વિસ્તારમાં આવેલી પડતર જમીનો અને જંગલનો અમર્યાદિત રીતે ઉપયોગ કરતા હતા. સ્થાનિક રાજવીઓ જયારે ઔષધિય છોડવાની નિકાસ કરવાની હોય ત્યારે તેના પર નજીવો કર નાખતા. પરંતુ જંગલ પેદાશો જે સ્થાનિક સમુદાયો દ્વારા વપરાશમાં લેવામાં આવતી હતી તેના પર કર લેવાતા ન હતો.

બ્રિટીશ સલતનના અધિકારીઓ દ્વારા ૨૦મી સદીના શરૂઆતના તબક્કામાં તૈયાર કરેલા કેટલાક અહેવાલોમાં દર્શાવ્યા મુજબ સ્થાનિક સમુદાયોને જંગલ વિસ્તારમાં માત્ર પોતાના ઢોર ચરાવવાની છૂટ હતી તેમજ બળતણ, ખેતીના ઓજાર બનાવવા માટે મકાનો બનાવવા માટે જરૂરિયાત મુજબનાં લાકડાં છાજ માટે તથા છત અને દિવાલો માટેના વાંસ વિગેરે છૂટથી લઈ શકતા. મકાનની સાથે સાથે મકાનની ફરતે વાડ બનાવવા માટે જરૂરિયાત મુજબના થોર, ખાતર બનાવવા ઉપયોગી પાન પણ છૂટથી લઈ શકતા હતા. જંગલ વિસ્તારમાં વસવાટ કરતા તમામ આદિવાસી કુટુંબો તેમની પ્રાકૃતિક વસાહત ઉપર અનેકવિધ રીતે આધાર રાખતા હતા. જંગલોમાંથી આખું વર્ષ ચાલે તેટલી ખાદ્યચીજો મળી રહેતી હતી. ૧૮૮૧ના ભારતીય દુકાળ કમિશનના અહેવાલમાં જુદા જુદા ૩૧ ઝાડોની જાત બતાવી છે. જેમાં સાતપુડા પર્વત અને સહ્યાદ્રિ પર્વતના રહેવાસી એવા આદિવાસીઓ દુકાળના કપરા સમયમાં નભી શકતા હતા. જંગલ વિસ્તારમાં વસતા આદિવાસીઓ અને બીજા સમુદાયો સામાન્ય રીતે સો ઉપરાંતની કુદરતી જંગલ પેદાશો વિષે જાણકારી ધરાવતા હતા. આ અવલંબનથી લાંબા સમયથી ચાલી આવતી સાંસ્કૃતિક અને ધાર્મિક વિધિઓ સંપન્ન થવાથી તેઓ

પોતાનું અસ્તિત્વ ટકાવી શક્યા છે. આના અનેક દાખલા-દંતકથાઓ અને લોકપરંપરાઓમાં જોવા મળે છે. દા.ત. 'ઝુમ' પદ્ધતિથી ખેતી કરતા આદિવાસી સમુદાયો પરંપરા અનુસાર જંગલની હદને જાળવી રાખે છે. જંગલખાતાના સૌ પ્રથમ ઈન્સ્પેકટર જનરલ ડાયટ્રીસ બ્રાન્ડીસ લખે છે કે અંગ્રેજ અમલ દરમ્યાનના ભારતમાં ઘણી પવિત્ર ગુફાઓ હતી તે પરંપરા મુજબ જળવાઈ રહી હતી.

બ્રિટીશ શાસનની શરૂઆતના તબક્કામાં સન ૧૮૬૨ના ગાળામાં ગવર્નર જનરલે અલગ જંગલ વિભાગ સ્થાપવાની જાહેરાત કરી. કારણકે આ અરસામાં ભારતના જંગલો આડેધડ રીતે ખાનગી કોન્ટ્રાકટરો દ્વારા કપાવવામાં આવતા હતા. ૧૮૬૪માં જર્મન ફોરેસ્ટરની મદદથી ઈમ્પીરીયલ જંગલ ખાતુ શરૂ કરવામાં આવ્યું. જંગલખાતાનો સ્વતંત્ર વિભાગ શરૂ થતાંની સાથે જ સ્થાનિક સમુદાયોને જે અમર્યાદ હક્કો અને છૂટછાટો હતી, પરંપરાગત રૂઢિઓ હતી તેમાં કાયદો થવાથી તેના ઉપર કાપ મૂકવામાં આવ્યો. સન ૧૮૬૫ના ભારતીય જંગલ કાયદાથી રાજયનો પ્રથમ ઈજારાશાહી હક્ક દાખલ કરવામાં આવ્યો. જયારે ૧૮૭૮ના કાયદા પ્રમાણે રાજયને જરૂર જણાય ત્યાં નિતિમાં સુધારા કરવા અને જરૂર જણાય ત્યાં જંગલ વિસ્તારમાં ફેરફાર કરવાની છૂટ અપાઈ.

### આદિવાસીઓના હક્કો પર અસર :

રાજાશાહીમાં આદિવાસીઓના જંગલ આધારિત હક્કો પર સીધી અસર થતા આદિવાસીઓના જંગલ સંપત્તિ પરના હક્કો પર નિયંત્રણ આવતાં તે વખતની સામાજિક ચળવળોમાં જંગલ કેન્દ્ર સ્થાને રહ્યું છે. ગઢવાલ વિસ્તારમાં ૧૯૧૩ની સાલમાં જંગલો મુકરર કરવામાં આવતાં સન ૧૯૧૬ અને ૧૯૨૧માં સામાજિક ચળવળો શરૂ થઈ. આ વિસ્તારોમાં આદિવાસીઓનાં તોફાનો પણ શરૂ થયાં હતાં. ત્યારથી જંગલ ખાતાની કામગીરી સાથે અસહકારની પ્રથા પણ શરૂ થઈ. રક્ષિત જંગલોમાં અંકિત કરવામાં આવતી હદ અને ફેન્સીંગ તે આદિવાસી સમુદાય માટે તેમના જ વિસ્તારમાં તેમનો જંગલ વિસ્તાર પરનો કાબુ ગુમાવ્યા સમાન હતું. જયારે સરકાર પક્ષે જંગલના અસ્તિત્વ અર્થે નિયંત્રણ જરૂરી હતું.

જંગલ ઉપરના હક્કો અને ભોગવટામાં સ્થાનિક સમુદાયને અળગા કરતાં માણસ અને જંગલને જોડતી કડી તૂટી ગઈ હતી. "જૌનસાર બેવાર" ગ્રામ્યવાસીઓના જંગલ વસાહત તરફના વર્તન અંગે જણાવે છે કે ગ્રામ્યવાસીઓ એવું માનતા હતા કે આ જંગલો ઉપરના હક્કોમાં થયેલા ઘટાડાને કારણે જંગલોની જાળવણી અને સુધારા માટે અમને જે મુશ્કેલી પડશે તે જંગલખાતા તરફથી વેપારીકરણ થશે ત્યારે ઓછી થશે. (તેવું દહેરાદૂન, મેરૂત ડીવીઝન દ્વારા ૧૮૯૭માં થયેલા અભ્યાસમાં દર્શાવેલ છે.) આના સમર્થનમાં સમાજમાનવશાસ્ત્રી 'વેરિયર એલ્વિન' લખે છે કે જંગલ મુકરર કરવામાં આવ્યું તેથી આદિવાસીઓ બહુ દુઃખી થયા હતા. તેમને સરકાર તરફ પણ ધૃણા થઈ. કારણકે જંગલો આદિવાસીઓની અંગત મિલકત સમાન હતા. આમ આ સમયગાળા દરમ્યાન અનેક સંઘર્ષો અને ચળવળો શરૂ થઈ હતી.

૨૦મી સદીની શરૂઆતના તબક્કામાં જંગલ ગૌણ પેદાશોનું ઉત્પાદન હાથ ધરવામાં આવ્યું હતું. આ ગૌણ વનપેદાશો ભારતમાંથી ઉપલબ્ધ થતી અને ઈંગ્લેન્ડના વિવિધ ઔદ્યોગિક ઉત્પાદનમાં કામ લાગતી તે વખતની જંગલ પેદાશોમાં રેઝીન અને ટર્પેન્ટાઈન, ચામડું કમાવાની સામગ્રી, કાથો, જરૂરી તેલ આ બધી ગૌણ પેદાશોમાંથી વિદેશી વેપારે ઘણો રસ દાખવ્યો હતો. તે વખતે અનેક વિધ જંગલ કામગીરીમાં જેમને માટે આવી નીતિઓ અમલમાં મૂકવામાં આવી હતી તેવા સ્થાનિક આદિવાસીઓના સમુદાયને બાકાત રાખવામાં આવ્યો હતો.

સન ૧૮૯૪નો ઠરાવ એ ભારતની જંગલ ખાતાની આજદિન સુધીની નીતિનો આધાર છે. જેમ જેમ જંગલોનો ઉપયોગ વધતો ગયો તેમ તેમ જંગલ વસાહતીઓ જંગલ ઉપરનું તેમનું નિયંત્રણ ગુમાવવા લાગ્યા અને આજે જંગલ ગુમાવ્યાની લાગણી છે તે ઘણી આદિવાસીઓની ચળવળોમાં વ્યક્ત થાય છે. ૧૯૪૨ થી ૧૯૬૦ના ગાળામાં પણ આવી ચળવળો થયેલી જોવા મળે છે. અત્યારે ઘણા જંગલોમાં સત્તા સામે પણ બળવો પોકારવામાં આવે છે. આમાંની બધી ચળવળો ઉત્તરખંડ, ઝારખંડ, પશ્ચિમમાં થાણા, ધુળિયા જિલ્લાની ચળવળો એકજ પ્રશ્નની આસપાસગુંથાયેલી જોવા મળે છે કે જંગલ અને જમીન ઉપર જે તે વિસ્તારના સ્થાનિક આદિવાસી સમુદાયોનું નિયંત્રણ હોવું જોઈએ.

ઉપર દર્શાવેલ કેટલીક ઐતિહાસિક બાબતોની વિગતો જોતાં આદિવાસીઓનો પરંપરાગતથી જંગલ સાથે ખૂબજ સાહજિક સંબંધ રહેલો જોવા મળે છે અને આટલા નજીકના સંબંધને નાતે જંગલ અને જમીનના પ્રશ્નો જુદા જુદા સમયે બ્રિટીશરો અને સાશનકર્તાઓ સાથે વિવિધ ચળવળો અને સંઘર્ષો થતા આવ્યા છે. ૧૮૬૧માં બ્રિટીશરોએ જંગલ ખાતાની સ્થાપના કરી વહીવટ દાખલ કર્યો હતો. સાથે સાથે કોન્ટ્રાકટરો અને શાહુકારોને જંગલકામના કોન્ટ્રાકટ આપીને જંગલ ગૌણ પેદાશો એકત્રિત કરવાની તક મળતાં, જે વન્ય પેદાશો આદિવાસી પ્રજા એકઠી કરતી હતી. તે આ નવા ઊભા થયેલા ઈજારદારોએ તેમની પાસેથી નજીવા ભાવે લઈ બદલામાં આદિવાસી પ્રજાને હલકા પ્રકારની જીવન જરૂરી વસ્તુઓ આપતા અને શોષણ કરતા. આ શોષણ અટકાવવા તેમાં ક્રમિક ઘટાડો કરવા સરકારે રાષ્ટ્રીય કૃષિપંચની ૧૯૭૩ની ભલામણો અનુસાર વનક્ષેત્રે ઝડપભેર વિકાસ હાંસલ કરવા ૧૯૭૯માં જંગલ ગૌણ પેદાશોનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને વિવિધ રાજ્યોમાં વનવિકાસ નિગમો સ્થાપવા ભલામણ કરી. આમ આ રાષ્ટ્રીયકરણ અન્વયે ગુજરાતમાં ૧૯૭૬-'૭૭ના વર્ષથી ગુજરાત રાજય વનવિકાસ નિગમ આદિવાસીઓ દ્વારા એકત્રિત કરેલ ગૌણ વનપેદાશો અને વનૌષધિઓને એકત્રિત કરી વિકાસ અર્થે કામગીરી કરે છે. આજે અનેક વિધ રીતે આદિવાસી જંગલ ઉપર નિર્ભર જોવા મળે છે અને જંગલમાંથી રોજગારીની તકો મેળવે પણ છે. ત્યારે આ અભ્યાસમાં એ પણ જોવું છે કે ખરેખર આદિવાસી કુટુંબોને જંગલ ગૌણ પેદાશોના પૂરતા ભાવ મળે છે કે કેમ ? તથા તેના જીવનસ્તર પર આજે તેની શું અસર થઈ છે તે જોવાનો આશય પણ છે.

**તપાસના ઉદ્દેશ :**

(૧) ગુજરાત રાજય વન વિકાસની સ્થાપનાની શરૂઆતથી નિગમ દ્વારા વિવિધ પેદાશો એકત્રિત કરવાની જવાબદારી જે તે વિસ્તારના સ્થાનિક પરવાનેદારોને આપી છે. ત્યારે વનમાંથી ઉપલબ્ધ પેદાશોમાંથી આદિવાસી પ્રજાને કેટલી આવક થાય છે તે પણ જોવું છે તથા જંગલોની આસપાસ વસતા આદિવાસીઓ માટે રોજગારીની નવી તકો ઊભી કરવા માટે ખાસ મહત્વ પણ અપાયું છે તો કેટલો વખત રોજગારી મળે છે તે પણ હાલના સંજોગોમાં જોવું જરૂરી બન્યું છે.

(૨) ખાનગી કોન્ટ્રાકટર અને શાહુકારો દ્વારા થતું શોષણ અટકાવવા કેવા પગલાં ભરવાં જોઈએ તે અંગે સૂચન કરવા.

(૩) વન આધારિત પેદાશોમાં ખાસ કરીને જંગલ ગૌણ-વન પેદાશોનું એકત્રિકરણ કરી તેને બજારમાં મૂકી તેની ગુણવત્તા અને વેચાણની પ્રક્રિયામાં સુધારો કરી સારા ભાવો મળે છે કે કેમ ? તે પણ જોવાનો આશય છે.

(૪) આજે દિનપ્રતિદિન જંગલોનો નાશ થતો જાય છે ત્યારે આદિવાસીઓની જીવાદોરી સમાન જંગલોમાંથી થતું ઉપાર્જન તેમના જીવનનિર્વાહ પૂરતું છે કે કેમ તે પણ જોવાનો આશય છે.

(૫) વનમાંથી મળતી ગૌણ પેદાશોનું આર્થિક વિકાસમાં મહત્વ ચકાસવું.

(૬) વન વિકાસ નિગમની સ્થાપના પછી આદિવાસી પ્રજાને થયેલ લાભો અંગે જાણકારી મેળવવી.

(૭) આજે ગુજરાત રાજય વનવિકાસ નિગમની સ્થાપનાને ૨૫ વર્ષ ઉપરાંતનો સમય પસાર થયો છે ત્યારે આ સમયગાળા દરમ્યાન વનવિકાસ નિગમના આદિવાસી વિકાસ અંગેના કાર્યક્રમોને અમલી બનાવવામાં પૂરતો સમય મળી રહેલ છે તે દ્રષ્ટિબિંદુને ધ્યાનમાં લઈ વનવિકાસ દ્વારા નિગમે આદિવાસીઓ માટે વિકાસને લગતી કઈ યોજનાઓ અમલમાં મૂકી છે. આદિવાસીઓના ઉત્થાન માટે કઈ નવી પ્રવૃત્તિઓ વિકસાવી છે તેનો અંદાજ મેળવવાનો આશય છે.

(૮) સાથે સાથે શોષણખોર વેપારીઓને સ્થાને લોકોના પ્રતિનિધિરૂપ એવી સહકારી મંડળીઓ, મહિલા મંડળો તેમજ આદિવાસી યુવક-યુવતીઓને કેટલું પ્રોત્સાહન આપવામાં આવે છે તે જોવું છે.

(૯) રોજગારીની તકોના સંદર્ભમાં ઢેબર કમિશનના અહેવાલમાં ઉલ્લેખ છે તે પ્રમાણે કાચી વનપેદાશો અને રૂપાંતરિત વનપેદાશોના મળતા ભાવો અંગે ચકાસણી કરી ખરેખર આદિવાસીઓના વિકાસ અંગે કઈ કઈ કલ્યાણ યોજનાઓ અમલી છે તે જાણવું.

આજે રાજ્યમાં વનવિકાસને લગતી કામગીરી જુદા જુદા આઠ વિભાગોમાં વહેંચાયેલી છે અને દરેક વિભાગમાં રાજકોટ અને ભૂજ સિવાય મુખ્યત્વે આદિવાસી વસતિ આવેલી છે. જંગલ ખાતા દ્વારા રાજ્યના જુદા જુદા આદિવાસી વિસ્તારોમાં નીચે મુજબ જંગલના વિભાજન નક્કી કરી તેની કામગીરીની વહેંચણી કરવામાં આવી છે.

(૧) ગોધરા ડીવીઝન
(૨) દેવગઢબારિયા ડીવીઝન
(૩) છોટાઉદેપુર ડીવીઝન
(૪) રાજપીપળા ડીવીઝન
(૫) વાંસદા ડીવીઝન
(૬) હિંમતનગર ડીવીઝન
(૭) રાજકોટ ડીવીઝન
(૮) ભુજ ડીવીઝન

**સંબંધિત અભ્યાસો :**

જંગલ ગૌણ વન પેદાશોની આદિવાસી જીવનસ્તર પર અસર અને તેને મળતા ભાવો અંગે રાજ્યમાં અને ગુજરાત રાજ્ય સિવાય પણ કેટલાક અભ્યાસો થયા છે.

વન વિકાસ નિગમની શરૂઆતના વર્ષોમાં કેન્દ્ર દ્વારા ૧૯૭૯-૮૦ના વર્ષમાં "Role of Minor Forest Produce in Tribal Life and Culture" નો અભ્યાસ કરવામાં આવેલ જેમાં રાજ્યના ડાંગ, ધરમપુર, રાજપીપળા, છોટાઉદેપુર અને પંચમહાલ જિલ્લાના રતનમહાલના વિસ્તારોમાં સર્વેક્ષણ હાથ ધરીને વનપેદાશ એકત્રિકરણની કામગીરી કરતા આદિવાસીઓને તેમાંથી પ્રાપ્ત થતી આવકનો ઉલ્લેખ કરેલ છે. જેમાં કુલ વાર્ષિક આવકના ૩૫% આવક જંગલ ગૌણ પેદાશમાંથી થતી હતી તેનો ઉલ્લેખ જોવા મળે છે. પરંતુ આજે વન્યપેદાશોની આવક ઘટીને ૨૦% જેટલી થવા જાય છે.

ડૉ. ટી.બી. નાયક તેમના અભ્યાસ લેખ ડાંગના આદિવાસીઓનો વિકાસ અને વિકાસનું પરંપરાગત સમાજમાનવશાસ્ત્રનો ઉલ્લેખ કરતાં જણાવ્યું છે કે ડાંગના ખેડૂત પાસે જમીન કેટલી છે તે જાણી શકાયું પરંતુ તેના ઉપરના ઝાડ કેટલા છે ? કોની માલિકીના છે, કયા અધિકારો-કેટલા સમય માટે તેને આપવામાં આવેલા છે તે વિષે ખાસ કંઈ જણાયું નથી. જંગલ અને આદિવાસીઓના સંબંધનો ઉલ્લેખ કરતાં તેમણે એમ પણ જણાવ્યું છે તે વિષે ડાંગ જિલ્લા વિકાસ વિષયક કાર્યગોષ્ઠીમાં ચર્ચા થયા મુજબ આપણા અભ્યાસોમાં બહુ અછડતો ઉલ્લેખ જોવા મળે છે.

ડૉ. સિધ્ધરાજ સોલંકી અને શ્રી જશવંતસિંહ રાઠોડ દ્વારા થયેલ વનૌષધિના અભ્યાસ પરથી અને ડૉ. સોલંકીના અભ્યાસ લેખ કે જે ડાંગ જિલ્લા વિકાસ વિષયક કાર્યગોષ્ઠીમાં રજૂ થયેલ તેમાં દર્શાવ્યા મુજબ ડાંગમાં વનૌષધિ તરીકે તેમજ અન્ય વપરાશમાં કેટલાંક વૃક્ષોનો ઉપયોગ અંગેના ડાંગી આદિવાસીઓની જાણકારી અંગેની વિગતો કેટલાક માહિતીદાતાઓ પાસેથી મેળવેલી તેની રજુઆત કરી છે. આ બધા ઝાડ **'વંશી'** વનૌષધિ હોવાની મહત્વની ડાંગી સભાનતાનો જ નિર્દેશ કરે છે. પેઢી દર પેઢી તેમજ સદીઓ સુધીના

વપરાશના અનુભવની પશ્ચાદ ભૂમિકા પણ કેટલીકવાર તેમાં પ્રતિબિંબિત થાય છે. આ લેખમાં તેમણે વનૌષધિ અને અન્ય વપરાશમાં આવતા ૧૫૭ જેટલા વૃક્ષોનો ઉલ્લેખ કરેલ છે. આમાં જુદા જુદા વૃક્ષના પાન, છાલ, ફળ તેનાં મૂળિયાં તેનો રસ વગેરે સ્વરૂપે જુદા જુદા ઉપયોગ દર્શાવ્યા છે.

જંગલ ગૌણ પેદાશને સંબંધિત બીજો એક અભ્યાસ કેન્દ્ર સરકારના પર્યાવરણ વિભાગ તરફથી સરદાર પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈકોનોમીક એન્ડ સોસ્યલ રીસર્ચ, અમદાવાદ દ્વારા ૧૯૮૬-૮૭માં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના રક્ષિત જંગલ વિસ્તારના પહાડી વિસ્તારમાં વસતા આદિવાસી લોકોની આર્થિક સ્થિતિ, પર્યાવરણની વ્યવસ્થા, ત્યાંની ભોગોલિક પરિસ્થિતિ વગેરેનો અભ્યાસ કરાવવામાં આવેલ. જેમાં દર્શાવ્યા મુજબ તપાસ હેઠળના દરેક ગામોમાંથી મોટા ભાગના આદિવાસી કુટુંબો નજીકના જંગલમાં જઈને ગુંગળ, સરગવા, બહેડા વગેરે વન્ય પેદાશો એકઠી કરતા હતા. પરંતુ કોઈ વ્યવસ્થિત બજાર પદ્ધતિ ન હોવાને લીધે ખાનગી વેપારીને વન્ય પેદાશે ઓછા ભાવે વેચતા તેનો ઉલ્લેખ ડૉ. રોહિતભાઈ શુકલ "Socio-cultural traits sustaining tribal ecology" અભ્યાસમાં જોવા મળે છે.

બીના અગ્રવાલ તેમના "Cold Hearth and Burren Slopes" પુસ્તકમાં દક્ષિણ એશિયામાં થયેલા કેટલાક અભ્યાસોના ડોક્યુમેનટેશનમાં આદિવાસીઓનું ફોરેસ્ટ ગાર્ડ દ્વારા શોષણ થતું દર્શાવેલ છે. આવા બીજા અભ્યાસોનો આના સમર્થનમાં ઉલ્લેખ કરેલ છે.

- ચોપા જોષી (૧૯૮૧) આંધ્ર પ્રદેશના આદિવાસી વિકાસ ઘટકમાં આદિવાસીઓ દ્વારા એકત્રિત કરવામાં આવતી વન્ય પેદાશોમાં ફોરેસ્ટગાર્ડ ઘણીવાર હિસ્સો માગે છે. કેટલીકવાર લોકોને વગર મહેનતાણાએ પણ કામ કરવું પડે છે.
- બીજો એક અભ્યાસ છે મધ્યપ્રદેશના કુસમી ઘટકમાં સર્વેક્ષણ કર્યા મુજબ ફોરેસ્ટ ગાર્ડ નિયમિત રીતે હિસ્સો એકત્રિત કરે છે. હિસ્સો ન આપનારને કાયદાનો આશરો લઈ તેની ચુંગાલમાં ફસાવવામાં આવે છે તેવો ઉલ્લેખ છે.
- કુલકર્ણી (૧૯૮૩-૮૪) તેમના અભ્યાસમાં જણાવે છે કે ભારતમાં ૩૦ લાખ કરતાં વધુ લોકો (મહદ્‌અંશે આદિવાસીઓ અને જંગલમાં વસવાટ કરનાર) જંગલની ગૌણ વન પેદાશ પર તેમના નિર્વાહ માટે સીધી અથવા આડકતરી રીતે આધાર રાખે છે જેમાં હવે ક્રમસ ઘટાડો થતો જોવા મળે છે.
- નિરમલચંદ્ર શાહું (૧૯૮૬) તેમના "ઈકોનોમીક્સ ઓફ ફોરેસ્ટ રીસોર્સીંગ" પુસ્તકમાં ઓરિસ્સાના કરેલા અભ્યાસમાં જણાવે છે કે જંગલની ગૌણપેદાશોમાં ટીમરૂપાન એકત્રીકરણની કામગીરીમાં મોસમી રોજગારીની મહત્તમ ક્ષમતા રહેલી છે. જેમાં મોટી ઉંમરની સ્ત્રી પુરૂષો, યુવાન છોકરા-છોકરીઓ અને બાળકો જુદા જુદા પ્રકારની કામગીરી જેવી કે ડાળીઓ કાપવી, પાંદડા ચૂંટવા, પાંદડા સૂકવવા અને સંગ્રહ કરવો વગેરે કામગીરીમાંથી વધુમાં વધુ રોજગારી ઉભી કરવામાં આવે છે. તે સિવાય બળદગાડા

દ્વારા વાહતુકના સાધન તરીકે ભાડાની મજૂરીમાંથી પૂરક રોજગારી મેળવે છે. તેમજ ગૌણપેદાશ એકત્રિકરણ તપાસ સમિતિ (૧૯૬૫)ના જણાવ્યા અનુસાર વન મજૂર સહકારી મંડળી દ્વારા કરવામાં આવતા નફામાંથી આદિવાસીને કોઈ ફાયદો થયો નથી. ભાવો ઊંચા હોય તો પણ કોઈ ફાયદો થયો નથી જે પરિસ્થિતિ આજે પણ પ્રવર્તે છે. સહકારી મંડળીઓ માં નીચલો કર્મચારી આદિવાસીઓનું શોષણ કરે છે. સહકારી સંસ્થામાં સોદાબાજી પણ ચાલે છે. તેના લીધે સહકારી સોસાયટીઓ પાંગળી બની ગઈ છે. એટલે વનવિભાગ જાહેર હરાજીની પદ્ધતિથી વનપેદાશને વેચાણ કરવા પ્રેરાય છે.

આમ જંગલ ગૌણ પેદાશની એકત્રીકરણની આદિવાસીઓના જીવન સ્તર પર અસર અંગે અને તેના મળતા ભાવોના સંદર્ભમાં ઘણા અભ્યાસો થયા છે. તેમાં ૧૯૮૫-૮૬ સુધીની પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં ઠીક-ઠીક પ્રમાણમાં આવક થતી હતી. પરંતુ હાલમાં જંગલ ગૌણ પેદાશમાંથી મળતી આવક ઘટી છે. છેલ્લા પાંચેક વર્ષમાં તો દુષ્કાળ અને ઓછા વરસાદને કારણે ખાસ કરીને મહુડાફુલ ડોળીની ઉપજ ઘણી ઓછી થાય છે. ટીમરૂ પાન પણ ખૂબજ ઓછા મળે છે જેની અસર આદિવાસી જીવન પર જોવા મળે છે. પહેલાં કરતાં જંગલ પેદાશમાંથી મળતી આવકમાં આજે આપોઆપ ઘટાડો થયેલ જોવા મળે છે.

**અભ્યાસનું મહત્વ :**

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આદિવાસી વિસ્તારોમાં જુદાં જુદાં પાસાંને લગતા અભ્યાસો હાથ ધરવામાં આવે છે. કેન્દ્ર દ્વારા કેટલાક જાતિ તપાસને લગતા, કેટલાક મોનોગ્રાફસ, કેટલાક શિક્ષણને લગતા અભ્યાસો થયા છે. આ ઉપરાંત ૧૯૭૯-૮૦ના વર્ષમાં વન વિકાસ નિગમની પ્રવૃત્તિઓની સમીક્ષા કરવા અંગેનો એક અભ્યાસ હાથ ધરી રાજયના ડાંગ, ધરમપુર, રાજપીપળા, છોટાઉદેપુર, રતનમહાલ એમ જુદા જુદા વિસ્તારોના ગામડાઓમાં સર્વેક્ષણ દ્વારા વનપેદાશ એકત્રિકરણની કામગીરી કરતા આદિવાસી કુટુંબોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં દર્શાવ્યા મુજબ આદિવાસીઓની કુલ વાર્ષિક આવકના ૩૫ ટકા આવક ગૌણ વનપેદાશમાંથી થતી હતી. પરંતુ આજે ગૌણવનપેદાશ એકત્રિકરણની કામગીરીમાંથી થતી આવકનું પ્રમાણ અંદાજીત ૨૦ થી ૨૨ ટકા થાય છે. એટલે કે આવક ઘટી છે.

ભારત સરકાર દ્વારા આ અભ્યાસ કેન્દ્રને કરવા સૂચવ્યું છે તે પ્રમાણે પ્રસ્તુત અભ્યાસમાં ખાસ કરીને જંગલ વિસ્તારના ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જયાં ખાસ કરીને ટીમરૂપાન, ડોળી, મહુડાફુલ, ગુંદર, વનૌષધિઓ અને અન્ય ગૌણપેદાશ મળી આવતી હોય તેવા અંતરિયાળ ગામોની પસંદગી કરવામાં આવી છે. જેમાં જુદા જુદા આદિવાસી જૂથોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આદિવાસી અર્થવ્યવસ્થામાં ગૌણ ઉપજનું મહત્વ સામાજિક અને સાંસ્કૃતિક જીવનમાં તેની મહત્તા પણ દર્શાવવામાં આવેલ છે. આ ઉપરાંત પ્રસ્તુત અભ્યાસમાં વન વિકાસ નિગમની પ્રવૃત્તિઓનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. પ્રસ્તુત અભ્યાસમાં ગુણવત્તાની દ્રષ્ટિએ જોતાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના બે ગામો, સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા

તાલુકાના બે, વિજયનગર તાલુકાના બે બે ગામો તથા ડાંગ જિલ્લાના ૩ ગામોનો સમાવેશ કરીને જુદા જુદા આદિવાસી જૂથોની જંગલ ગૌણ પેદાશ એકત્રિકરણ ક્ષમતાને પણ દર્શાવવામાં આવીછે એટલે સમગ્રતાની દ્રષ્ટિએ આ અભ્યાસ નોખો તરી આવે છે.

**અભ્યાસ હેઠળનો વિસ્તાર :**

આ અભ્યાસ બનાસકાંઠા, સાબરકાંઠા અને ડાંગ જિલ્લાના જંગલ વિસ્તારમાં વસવાટ કરતા આદિવાસી કુટુંબોને અને જંગલ વિસ્તારના ગામોને ધ્યાનમાં લઈ પસંદ કરેલ છે. અભ્યાસમાં જંગલ ગૌણ પેદાશની આદિવાસી જીવન સ્તર પર અસર અને તેના મળતા ભાવોને ધ્યાનમાં રાખી આદિવાસીઓના જંગલ પ્રત્યેના અને વનવિકાસ નિગમની પ્રવૃત્તીઓથી થયેલ ફાયદા અંગે ચર્ચા કરવામાં આવી છે. ગૌણ પેદાશ એકઠી કરવામાં પડતી મુશ્કેલીઓ અંગે પણ છણાવટ કરી છે. જેમાં કેટલીક મર્યાદાઓ પણ રહેવા પામી છે. જેવી કે સમિતિ વિસ્તાર, કુટુંબોની પસંદગી અને ઉત્તરદાતાના વ્યક્ત કરાયેલ અભિપ્રાયો ઉપર જ આધારિત છે.

**અભ્યાસમાં આવરી લીધેલ ગામો**

| ક્રમ | જિલ્લો/તાલુકો | ગામનું નામ | કુટુંબ સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ડાંગ | ગાઢવી | ૨૫ |
| | આહવા | ચનખલ | ૨૦ |
| | | દિવાન ટેમરૂ | ૨૦ |
| ૨. | સાબરકાંઠા | ઘોલવાણી | ૧૦ |
| | વિજયનગર | વિરેશ્વર | ૧૦ |
| | ખેડબ્રહ્મા | બારા | ૨૦ |
| | | મામાપીપળા | ૧૫ |
| ૩. | બનાસકાંઠા | પીપળાવાળી વાવ | ૧૫ |
| | દાંતા | હરિવાવ | ૧૫ |
| | કુલ | ૯ | ૧૫૦ |

ઉપરના કોઠામાં દર્શાવ્યા મુજબ ડાંગ જિલ્લાના ત્રણ, સાબરકાંઠા જિલ્લાના ૨ તાલુકાના ૪ અને બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના ૨ એમ ૯ ગામોને કેન્દ્રસ્થાને રાખી આ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

**સંશોધન પદ્ધતિ :**

આ અભ્યાસ મહદ્‌અંશે વિશ્લેષણાત્મક છે. આ અહેવાલમાં વન-વિકાસ નિગમ અને જંગલ ખાતા દ્વારા વન ઉપજ એકત્રિત કરવાનું કાર્ય શરૂ કર્યુ તેનાથી આદિવાસીઓનું જે સીધી રીતે કે આડકતરી રીતે જે શોષણ થતું હતું તે કેટલે અંશે અટક્યું છે. તદ્‌ઉપરાંત જયાં નહિવત ગૌણવન ઉપજ ઉપલબ્ધ છે તેવા વિસ્તારોની

શુ પરિસ્થિતિ છે તેનો પણ ખ્યાલ મેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. અગાઉ દર્શાવેલ અભ્યાસના ઉદ્દેશોને ધ્યાનમા રાખી સંશોધન રૂપરેખા અને માહિતી એકત્રિત કરવા માટે પસંદ કરેલ પ્રવિધિઓ વિશે જોઈએ.

- સંશોધનના હેતુઓને નજર સમક્ષ રાખી વનવિકાસ નિગમના છેલ્લા કેટલાક વાર્ષિક અહેવાલોને આધારે મહુડા, ડોળી, ટીમરૂપાન, વિવિધ પેદાશોમાં ગુંદર, મધ, વનૌષધિઓ એકઠી કરવી અને વનપેદાશમાં મોટો હિસ્સો ધરાવે છે તેને નજર સમક્ષ રાખી ગાંધીનગર, વડોદરા સ્થિત કચેરીઓનો રૂબરૂ સંપર્ક કરી નિગમ દ્વારા એકત્રિત કરાતી ગૌણ વનપેદાશોનું પ્રમાણ કેટલું છે તે જોવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.
- ગામોની પસંદગી પણ આદિવાસી વિસ્તારને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. વિસ્તારની પસંદગી વખતે માત્ર જંગલ વિસ્તારને ધ્યાનમાં ન લેતાં ઊંડાણના ગામો કે જેનો સૌથી વધુ જંગલ સાથે ઘરોબો છે એવા બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના હરિપુરા અને પીપળાવાળી વાવ, સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના બારા અને મામાપીપળા, વિજયનગર તાલુકાના વિરેશ્વર અને ઘોલવાણી એમ ચાર ગામો તેમજ ડાંગ જિલ્લાના ગાઢવી, ચનખલ અને દિવાન ટેમરૂમ એમ ત્રણ ગામો કુલ મળી નવ ગામો આ અભ્યાસમાં આવરી લેવામાં આવ્યા હતા.

**અનુસૂચિ :**

સંશોધનના હેતુને ધ્યાનમાં રાખી ઉત્તરદાતાઓ પાસેથી જંગલ ગૌણ પેદાશને લગતી વિગતો પ્રાપ્ત કરવા અનુસૂચિ અને મુલાકાત દ્વારા કેટલીક માહિતી મેળવી હતી જેમાં વનપેદાશ એકત્રિત કરતા અને વન સાથે નાતો ન હોય તેવા પણ કુટુંબોનો સમાવેશ થતો હતો. પ્રત્યક્ષ કાર્ય વખતે તેમની કેટલીક સામાજિક-આર્થિક બાબતોને પણ ધ્યાનમાં રાખી માહિતી મેળવી હતી.

અનુસૂચિના ઉપયોગ કરીને સહભાગી નિરીક્ષણ દ્વારા પ્રત્યક્ષ મુલાકાત લઈ ઉત્તરદાતાઓનો સ્થળ પર જ સંપર્ક કરવામાં આવ્યો હતો. અભ્યાસ સંબંધી કેટલીક માહિતી એકત્રિત કરવા માટે ગ્રંથાલય કાર્ય કરીને વનોની માહિતી મેળવવામાં આવી હતી. કેટલાક સંદર્ભગ્રંથો અને અગાઉ થયેલા અભ્યાસોને પણ જોવામાં આવ્યા હતા. વસ્તી ગણતરી પુસ્તિકા અને અન્ય સરકારી અહેવાલને પણ ચકાસવામાં આવ્યા હતા.

**માહિતીનું વિશ્લેષણ :**

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધનના હેતુઓને ધ્યાનમાં રાખી તેનું કોષ્ટીકરણ અને વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેના દ્વારા અભ્યાસના જુદા જુદા પ્રકરણોમાં તેની અસરકારકતાને જોઈ શકાય છે. પ્રસ્તુત અભ્યાસમાં આદિવાસીઓ અને જંગલો વચ્ચેના સંબંધને મૂલવવા ઉપરાંત જંગલ ગૌણ પેદાશની તેમના જીવન સ્તર પર અસર અને તેના મળતા ભાવોને ધ્યાનમાં રાખી અભ્યાસના રૂપમાં રજુ કરવાનો પ્રયાસ કર્યો છે.

આદિવાસીઓ અને જંગલો વચ્ચેનો સંબંધ સાહજિક હતો. તેઓ અનેકવિધ રીતે જંગલો ઉપર, જંગલની

ઉત્પન્ન પેદાશો ઉપર આધાર રાખતા હતા. પરંતુ સમયાંતરે ઈજારદારો અને કોન્ટ્રાકટરો જેવી એજન્સીઓનો પ્રવેશ જંગલોમાં થતાં આદિવાસી અને જંગલ વચ્ચેનો સંબંધ જે અટૂત હતો તેમાં ઉણપ વર્તાવા લાગી. જંગલો ધીમે ધીમે કપાતા ગયા, જેથી આજે આદિવાસીની પરિસ્થિતિ કથળેલી જોઈ શકાય છે. જેનો આપણે આગળ ખ્યાલ મેળવીશું. આજે જંગલ હેઠળના વિસ્તારની વિગતો જોઈએ તો તે વિસ્તાર ઘટતો જોવા મળેલ છે. જેની સીધી અસર આદિવાસીના સામાજિક - આર્થિક જીવન પર પણ પડેલી જોવા મળે છે.

**ગુજરાતનો જંગલ હેઠળનો વિસ્તાર :**

ગુજરાત રાજયમાં કુલ જંગલ હેઠળનો વિસ્તાર ૧૮૮૯૨ ચો.કિ.મી છે. જંગલ હેઠળના આ વિસ્તારમાં જુદા જુદા ચાર સર્કલનો સમાવેશ થાય છે.જેમાં સુરત, વડોદરા, જૂનાગઢ અને ગાંધીનગર સર્કલ આ ચારેય સર્કલમાં ગુજરાતના જંગલ વિસ્તાર ધરાવતા આદિવાસી વિસ્તારો પણ આવી જાય છે.

સુરત સર્કલમાં ડાંગ-વ્યારા, રાજપીપળા, વલસાડ, વડોદરા સર્કલમાં બારિયા, ગોધરા, દાહોદ, છો.ઉદેપુર, જૂનાગઢ સર્કલમાં ભાવનગર, જામનગર, સુરેન્દ્રનગર, ગીર અને જૂનાગઢ તથા રાજકોટ , જ્યારે ગાંધીનગર સર્કલમાં સાબરકાંઠા, બનાસકાંઠા, દાંતીવાડા, રીવરવેલી પ્રોજેક્ટ અને કચ્છનો સમાવેશ થાય છે. ગુજરાતનો કુલ જંગલ વિસ્તાર અનામત, રક્ષિત અને બિનવર્ગીકૃત એમ ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યો છે.

ગુજરાતો જંગલ વિસ્તાર (ચો.કિ.)માં ૧૯૮૬

| ક્રમ | વિગત | અનામત | રક્ષિત | બીનવર્ગીકૃત | કુલ |
|---|---|---|---|---|---|
| ૧. | વડોદરા સર્કલ | ૨૯૩૯.૭૬ | ૯.૩૮ | ૨૦૮.૨૪ | ૩૧૫૭.૩૮ |
| ૨. | જૂનાગઢ સર્કલ | ૧૨૯૦.૮૧ | ૬.૨૬ | ૭૫૪.૬૭ | ૨૦૫૧.૭૪ |
| ૩. | સુરત સર્કલ | ૩૨૪૫.૧૭ | ૮૫૬.૪૯ | ૫૩૨.૬૮ | ૪૬૩૪.૩૪ |
| ૪. | ગાંધીનગર સર્કલ | ૧૫૮૬.૦૦ | ૧૨.૨૩ | ૧૩૨૫.૮૬ | ૨૯૨૪.૦૯ |
| ૫. | કચ્છ | ૧૬૭૦.૫૯ | ૪૭૩.૦૦ | ૧૨૧૪.૮૬ | ૨૮૮૫.૪૫ |
| ૬. | વલસાડ વનવિભાગ | ૧૧૬૩.૪૮ | ૧૯.૦૦ | ૬.૮૦ | ૧૧૮૯.૨૮ |
| ૭. | વન્યપ્રાણી વર્તુળ જુનાગઢ | ૧૫૮૯.૨૪ | ૧૧૮.૩૮ | ૨૨૭.૫૩ | ૧૯૩૫.૧૫ |
| ૮. | જામનગર વનવર્તુળ | ૧૦.૭૨ | -- | ૫૩૦.૧૮ | ૫૪૦.૯૦ |
| | કુલ રાજય | ૧૩૪૯૩.૩૯ | ૧૦૨૧.૦૯ | ૪૮૦૪.૮૨ | ૧૯૩૧૮.૩૦ |

**પ્રાપ્તિ સ્થાન :** મુખ્ય વન સંરક્ષકશ્રી, ગુજરાત રાજય, આંકડાકિય રૂપરેખા ૧૯૮૬

## જિલ્લાવાર જંગલ વિસ્તાર

| ક્રમ | જિલ્લો | કુલ ભૌગોલિક વિસ્તાર | જંગલ વિસ્તાર | ૧૯૬૦-૬૧ જંગલ વિસ્તાર ના ભૌગોલિક વિસ્તારના ટકા | જંગલ વિસ્તાર | ૧૯૮૫-૮૬ જંગલ વિસ્તાર ના ભૌગોલિક વિસ્તારના ટકા |
|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ | ૮૭૦૭ | ૧૨.૭૪ | ૦.૧૫ | ૧૧૪.૬૫ | ૧.૩૨ |
| ૨. | અમરેલી | ૬૭૬૦ | ૨૧૨.૧૭ | ૩.૧૪ | ૪૦૨.૦૫ | ૫.૯૦ |
| ૩. | બનાસકાંઠા | ૧૨૭૦૩ | ૧૩૭૬.૪૮ | ૧૦.૮૪ | ૧૪૬૦.૦૧ | ૧૧.૪૯ |
| ૪. | ભરૂચ | ૯૦૩૮ | ૧૧૭૧.૭૪ | ૧૨.૯૬ | ૧૪૫૮.૧૧ | ૧૬.૧૩ |
| ૫. | ભાવનગર | ૧૧૧૫૫ | ૨૮૦.૫૨ | ૨.૫૧ | ૩૦૯.૮૪ | ૨.૭૮ |
| ૬. | ડાંગ | ૧૭૭૪ | ૧૭૦૯.૮૬ | ૯૬.૯૩ | ૧૬૯૮.૦૦ | ૯૬.૨૮ |
| ૭. | ગાંધીનગર | ૬૪૯ | -- | -- | -- | -- |
| ૮. | જામનગર | ૧૪૧૨૫ | ૭૧૦.૫૧ | ૫.૦૩ | ૮૯૦.૮૭ | ૬.૩૨ |
| ૯. | જુનાગઢ | ૧૦૬૦૭ | ૧૮૮૬.૮૩ | ૧૭.૬૦ | ૧૯૯૧.૦૦ | ૧૮.૭૭ |
| ૧૦. | કચ્છ | ૪૧૬૫૨ | ૪૭૪.૬૧ | ૧.૦૪ | ૨૯૦૧.૩૦ | ૬.૩૫ |
| ૧૧. | ખેડા | ૭૧૯૪ | ૧૨૧.૪૫ | ૧.૬૯ | ૯૩.૦૩ | ૧.૨૯ |
| ૧૨. | મહેસાણા | ૯૦૨૭ | ૧૭.૩૫ | ૦.૧૯ | ૧૬૫.૩૭ | ૧.૮૩ |
| ૧૩. | પંચમહાલ | ૮૮૬૬ | ૨૧૯૮.૭૭ | ૨૪.૮૦ | ૨૨૫૬.૭૯ | ૨૫.૪૫ |
| ૧૪. | રાજકોટ | ૧૧૨૦૩ | ૨૨૭.૫૩ | ૨.૦૩ | ૩૫૩.૮૨ | ૩.૧૬ |
| ૧૫. | સાબરકાંઠા | ૭૩૯૦ | ૧૨૬૩.૦૨ | ૧૭.૦૯ | ૧૨૫૮.૨૫ | ૧૭.૦૩ |
| ૧૬. | સુરત | ૭૬૫૭ | ૩૧૩૧.૨૯ | ૨૪.૧૨ | ૧૪૧૭.૭૦ | ૧૮.૫૧ |
| ૧૭. | સુરેન્દ્રનગર | ૧૦૪૮૯ | ૧૪૪.૬૭ | ૧.૩૮ | ૪૭૪.૪૩ | ૪.૫૨ |
| ૧૮. | વડોદરા | ૭૭૯૪ | ૫૦૬.૭૧ | ૬.૫૧ | ૮૨૩.૦૮ | ૧૦.૫૬ |
| ૧૯. | વલસાડ | ૫૨૪૪ | ૦ | ૦ | ૧૨૪૯.૩૫ | ૨૩.૮૨ |
| | ગુજરાત રાજય | ૧૯૬૦૨૪ | ૧૫૪૨૬.૪૫ | ૭.૮૭ | ૧૯૩૧૮.૩૦ | ૯.૮૬ |

૦ જંગલ વિસ્તાર સુરતમાં સમાવેશ કરેલ છે.

અહીં આગળ જિલ્લાવાર જંગલ વિસ્તાર ૧૯૮૫-૮૬ સુધીની વિગતો ૧૯ જિલ્લાના સંદર્ભમાં દર્શાવી છે. પરંતુ ૨૦૦૧ના વસતિ ગણતરીના જિલ્લા પ્રમાણે ૨૫ જિલ્લાઓનો કુલ જંગલ વિસ્તાર કુલ વિસ્તારની સામે જંગલ વિસ્તારના અને રીઝર્વ, રક્ષિત અને બીનવર્ગીકૃત જંગલ વિસ્તારની વિગતો જોઈએ તો રાજયના ૧૯૮૫-૮૬ પછીના આંકડાકીય વર્ગીકરણ પ્રમાણે ૧૯૯૦-૯૧ થી ૨૦૦૦-૨૦૦૧ સુધીના જંગલ વિસ્તારની

વિગતો આ સાથેના કોઠામાં દર્શાવેલ છે. જેમાં જંગલ વિસ્તારની વિગતો ઊંડાણપૂર્વક જોઈ શકાય છે. સાથે મુખ્ય જંગલ પેદાશ કે જેમાં સાગી લાકડું કેટલા ઘનમીટર ૧૯૬૦-૬૧ની ૨૦૦૧-૦૨ સુધીમાં પ્રાપ્ત થયું અને કેટલું બળતણનું લાકડું મળ્યું. તેની વિગત પણ આ સાથેના કોઠામાં જોઈ શકાય છે.

### વનસંવર્ધન અને લાકડાની બનાવટ
### જંગલ હેઠળનો વિસ્તાર

| ક્રમ | વર્ષ/જિલ્લા | કુલ જંગલ વિસ્તાર | કુલ ભૌગોલિક વિસ્તારના ટકા | જિલ્લાવાર કુલ ભૌગોલિક વિસ્તારના જંગલ વિસ્તારના ટકા |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૬૦-૬૧ | ૧૫૪૨૬.૪૫ | - | ૭.૮૭ |
| ૨ | ૧૯૭૦-૭૧ | ૧૫૭૩૦.૯૮ | - | ૮.૦૩ |
| ૩ | ૧૯૮૦-૮૧ | ૧૯૬૫૫.૦૪ | - | ૧૦.૦૩ |
| ૪ | ૧૯૮૫-૮૬ | ૧૯૩૧૮.૩૦ | - | ૯.૮૬ |
| ૫ | ૧૯૯૦-૯૧ | ૧૯૩૭૯.૨૦ | - | ૯.૮૯ |
| ૬ | ૧૯૯૧-૯૨ | ૧૯૩૭૯.૩૧ | - | ૯.૮૯ |
| ૭ | ૧૯૯૨-૯૩ | ૧૯૩૯૨.૪૭ | - | ૯.૮૯ |
| ૮ | ૧૯૯૩-૯૪ | ૧૯૩૯૩.૦૨ | - | ૯.૮૯ |
| ૯ | ૧૯૯૪-૯૫ | ૧૯૪૦૫.૭૬ | - | ૯.૯૦ |
| ૧૦ | ૧૯૯૫-૯૬ | ૧૮૮૬૮.૨૮ | - | ૯.૬૩ |
| ૧૧ | ૧૯૯૬-૯૭ | ૧૮૮૧૫.૧૪ | - | ૯.૬૦ |
| ૧૨ | ૧૯૯૭-૯૮ | ૧૮૮૩૦.૩૭ | - | ૯.૬૧ |
| ૧૩ | ૧૯૯૮-૯૯ | ૧૮૮૩૩.૪૫ | - | ૯.૬૧ |
| ૧૪ | ૧૯૯૯-૦૦ | ૧૮૯૯૯-૫૦ | - | ૯.૬૯ |
| ૧૫ | ૨૦૦૦-૦૧<br>જિલ્લા (૨૦૦૦-૦) | ૧૯૧૧૨.૫૪ | - | ૯.૭૫ |
| ૧. | જામનગર | ૧૩૧૬.૫૮ | ૬.૮૯ | ૯.૩૨ |
| ૨. | રાજકોટ | ૩૬૭.૮૨ | ૧.૯૨ | ૩.૨૮ |
| ૩. | સુરેન્દ્રનગર | ૫૩૧.૦૮ | ૨.૭૮ | ૫.૦૬ |
| ૪. | ભાવનગર | ૨૬૭.૦૧ | ૧.૪૦ | ૨.૬૮ |
| ૫. | અમરેલી | ૩૫૯.૪૭ | ૧.૮૮ | ૪.૮૬ |
| ૬. | જુનાગઢ | ૧૮૦૬.૬૨ | ૯.૪૫ | ૨૦.૪૨ |

| ક્રમ | વર્ષ/જિલ્લા | કુલ જંગલ વિસ્તાર | કુલ ભૌગોલિક વિસ્તારના ટકા | જિલ્લાવાર કુલ ભૌગોલિક વિસ્તારના જંગલ વિસ્તારના ટકા |
|---|---|---|---|---|
| ૭. | કચ્છ | ૩૧૪૫.૨૬ | ૧૬.૪૬ | ૬.૮૯ |
| ૮. | બનાસકાંઠા | ૧૧૦૬.૫૫ | ૫.૭૯ | ૧૦.૨૯ |
| ૯. | સાબરકાંઠા | ૧૨૬૨.૪૬ | ૬.૬૧ | ૧૭.૦૮ |
| ૧૦. | મહેસાણા | ૭૧.૭૫ | ૦.૩૮ | ૧.૬૪ |
| ૧૧. | ગાંધીનગર | ૨૦.૪૩ | ૦.૧૧ | ૦.૯૪ |
| ૧૨. | અમદાવાદ | ૧૦૫.૭૩ | ૦.૫૫ | ૧.૩૧ |
| ૧૩. | ખેડા | ૯૫.૯૩ | ૦.૫૦ | ૨.૨૭ |
| ૧૪. | પંચમહાલ | ૧૨૧૩.૫૩ | ૬.૩૫ | ૨૩.૨૫ |
| ૧૫. | વડોદરા | ૭૫૩.૫૧ | ૩.૯૪ | ૯.૯૮ |
| ૧૬. | ભરૂચ | ૨૪૫.૩૭ | ૧.૨૮ | ૩.૭૬ |
| ૧૭. | સુરત | ૧૪૦૮.૧૯ | ૭.૩૭ | ૧૮.૩૯ |
| ૧૮. | વલસાડ | ૧૧૮૭.૮૯ | ૬.૨૨ | ૩૯.૧૪ |
| ૧૯. | ડાંગ | ૧૦૫૪.૭૨ | ૫.૫૨ | ૫૯.૭૯ |
| ૨૦. | દાહોદ | ૮૮૧.૮૨ | ૪.૬૧ | ૨૪.૧૯ |
| ૨૧. | આણંદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૨૨. | નર્મદા | ૧૧૪૭.૫૫ | ૬.૦૦ | ૪૧.૬૫ |
| ૨૩. | નવસારી | ૨૩.૯૯ | ૦.૧૩ | ૧.૦૯ |
| ૨૪. | પાટણ | ૪૬૭.૧૦ | ૨.૪૪ | ૮.૧૫ |
| ૨૫. | પોરબંદર | ૨૭૨.૧૮ | ૧.૪૨ | ૧૧.૮૫ |

• ગુજરાતનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧,૯૬,૦૨૪ ચો.કિ.મી. છે. સેન્સસ ૨૦૦૧

| ક્રમ | વર્ષ/જિલ્લા | અનામત જંગલ | રાક્ષિત જંગલ | બિનવર્ગીકૃત જંગલ | કુલ જંગલ વિસ્તાર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | ૧૯૮૫-૮૬ | ૧૩૪૯૩.૦૬ | ૧૦૨૧.૦૯ | ૪૮૦૪.૧૫ | ૧૯૩૧૮.૩૦ |
| ૨. | ૧૯૯૦-૯૧ | ૧૩૮૦૫.૩૮ | ૯૯૭.૬૧ | ૪૫૭૬.૨૧ | ૧૯૩૭૯.૨૦ |
| ૩. | ૧૯૯૧-૯૨ | ૧૩૮૧૭.૫૧ | ૯૯૮.૦૯ | ૪૫૬૩.૭૧ | ૧૯૩૭૯.૩૧ |
| ૪. | ૧૯૯૨-૯૩ | ૧૩૮૨૦.૦૧ | ૯૯૫.૩૧ | ૪૫૭૭.૧૫ | ૧૯૩૯૨.૪૭ |
| ૫. | ૧૯૯૩-૯૪ | ૧૩૮૧૮.૮૩ | ૯૯૭.૪૩ | ૪૫૭૬.૭૬ | ૧૯૩૯૩.૦૨ |
| ૬. | ૧૯૯૪-૯૫ | ૧૩૮૩૨.૯૭ | ૯૯૭.૫૩ | ૪૫૭૫.૨૬ | ૧૯૪૦૫.૭૬ |
| ૭. | ૧૯૯૫-૯૬ | ૧૩૭૦૪.૧૦ | ૩૮૮.૩૭ | ૪૭૭૫.૮૧ | ૧૮૮૬૮.૨૮ |
| ૮. | ૧૯૯૬-૯૭ | ૧૩૬૯૪.૭૦ | ૩૮૭.૯૯ | ૪૭૩૨.૪૫ | ૧૮૮૧૫.૧૪ |
| ૯. | ૧૯૯૭-૯૮ | ૧૩૬૯૬.૦૪ | ૩૮૮.૧૨ | ૪૭૪૬.૨૧ | ૧૭૮૩૦.૩૭ |
| ૧૦. | ૧૯૯૮-૯૯ | ૧૩૭૨૪.૦૭ | ૩૮૮.૧૮ | ૪૭૨૧.૨૧ | ૧૮૮૩૩.૪૬ |
| ૧૧. | ૧૯૯૯-૦૦ | ૧૩૯૦૩.૭૭ | ૩૯૫.૯૬ | ૪૬૯૯.૭૮ | ૧૭૯૯૯.૫૧ |
| ૧૨. | ૨૦૦૦-૦૧ | ૧૪૧૫૫.૧૭ | ૩૯૪.૮૭ | ૪૫૬૨.૫૦ | ૧૯૧૧૨.૫૪ |
| | જિલ્લા (૨૦૦૦-૦૧) | | | | |
| ૧. | અમદાવાદ | ૪૮.૭૯ | ૦.૦૦ | ૫૬.૯૪ | ૧૦૫.૭૩ |
| ૨. | અમરેલી | ૨૭૭.૪૩ | ૦.૦૦ | ૮૨.૦૪ | ૩૫૯.૪૭ |
| ૩. | આણંદ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| ૪. | બનાસકાંઠા | ૫૧૯.૬૭ | ૧૨.૯૯ | ૫૭૩.૮૯ | ૧૧૦૬.૫૫ |
| ૫. | ભરૂચ | ૨૩૩.૬૨ | ૦.૦૬ | ૧૧.૬૯ | ૨૪૫.૩૭ |
| ૬. | ભાવનગર | ૨૦૫.૯૫ | ૦.૦૦ | ૬૧.૦૬ | ૨૬૭.૦૧ |
| ૭. | દાહોદ | ૮૬૯.૩૫ | ૧.૬૩ | ૧૦.૮૪ | ૮૮૧.૮૨ |
| ૮. | ગાંધીનગર | ૨૦.૪૩ | ૦.૦૦ | ૦.૦૦ | ૨૦.૪૩ |
| ૯. | જામનગર | ૨૩૪.૮૫ | ૬.૪૨ | •૧૦૭૫.૩૧ | ૧૩૧૬.૫૮ |
| ૧૦. | જુનાગઢ | ૧૬૪૩.૩૯ | ૧૧૮.૮૬ | ૪૪.૩૭ | ૧૮૦૬.૬૨ |
| ૧૧. | કચ્છ | ૧૮૨૨.૦૮ | ૦.૦૨ | ૧૩૨૩.૧૬ | ૩૧૪૫.૨૬ |
| ૧૨. | ખેડા | ૮૨.૧૦ | ૦.૦૦ | ૧૩.૮૩ | ૯૫.૯૩ |
| ૧૩. | મહેસાણા | ૨૩.૪૭ | ૦.૦૦ | ૪૮.૨૮ | ૭૧.૭૫ |
| ૧૪. | નર્મદા | ૧૦૮૦.૭૮ | ૧.૧૩ | ૬૫.૬૪ | ૧૧૪૭.૫૫ |
| ૧૫. | નવસારી | ૧૭.૯૧ | ૦.૦૦ | ૬.૦૮ | ૨૩.૯૯ |
| ૧૬. | પંચમહાલ | ૧૧૮૯.૬૨ | ૪.૩૫ | ૧૯.૫૬ | ૧૨૧૩.૫૩ |
| ૧૭. | પાટણ | ૪૬૧.૧૧ | ૫.૭૫ | ૦.૨૪ | ૪૬૭.૧૦ |
| ૧૮. | પોરબંદર | ૨૬૨.૩૨ | ૧.૭૧ | ૮.૧૫ | ૨૭૨.૧૮ |
| ૧૯. | રાજકોટ | ૧૯૦.૯૫ | ૦.૦૦ | ૧૭૬.૮૭ | ૩૬૭.૮૨ |
| ૨૦. | સાબરકાંઠા | ૬૫૨.૯૮ | ૦.૯૮ | ૬૦૮.૫૦ | ૧૨૬૨.૪૬ |
| ૨૧. | સુરત | ૧૩૭૭.૯૯ | ૧.૯૭ | ૨૮.૨૩ | ૧૪૦૮.૧૯ |
| ૨૨. | સુરેન્દ્રનગર | ૨૩૭.૨૪ | ૪.૫૫ | ૨૮૯.૨૯ | ૫૩૧.૦૮ |
| ૨૩. | ડાંગ | ૮૪૩.૮૮ | ૨૧૦.૮૪ | ૦.૦૦ | ૧૦૫૪.૭૨ |
| ૨૪. | વડોદરા | ૬૯૬.૨૪ | ૫.૫૪ | ૫૧.૭૩ | ૭૫૩.૫૧ |
| ૨૫. | વલસાડ | ૧૧૬૩.૦૨ | ૧૮.૦૭ | ૬.૮૦ | ૧૧૮૭.૮૯ |

● અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી દ્વારા પ્રકાશિત ગુ.રા. જંગલ વિસ્તાર આંકડાકિય માહિતી.

મુખ્ય જંગલ પેદાશ જથ્થો અને કિંમત

| ક્રમ | વર્ષ | લાકડું (૦૦ cu.m.) | બળતણ (૦૦ M.T.) | કિંમત (૦૦૦ રૂ.માં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | ૧૯૬૦-૬૧ | ૩૯૪૩ | ૨૮૫૯ | ૩૪૯૩૭ |
| ૨. | ૧૯૭૦-૭૧ | ૧૮૭૩ | ૨૪૮૩ | ૩૬૨૭૯ |
| ૩. | ૧૯૮૦-૮૧ | ૧૪૭૧ | ૧૭૯૬ | ૧૯૮૭૧૫ |
| ૪. | ૧૯૮૫-૮૬ | ૨૨૯૮ | ૪૫૯૧ | ૪૮૯૭૮૬ |
| ૫. | ૧૯૯૦-૯૧ | ૨૦૧ | ૪૮૮ | ૧૨૭૩૩૨ |
| ૬. | ૧૯૯૧-૯૨ | ૪૨૪ | ૨૨૩ | ૨૭૫૨૦૨ |
| ૭. | ૧૯૯૨-૯૩ | ૧૯૪ | ૧૭૮ | ૧૧૨૪૨૪ |
| ૮. | ૧૯૯૩-૯૪ | ૨૯૯ | ૨૭૦ | ૨૦૬૬૩૬ |
| ૯. | ૧૯૯૪-૯૫ | ૩૪૦ | ૧૪૦ | ૨૦૩૬૫૬ |
| ૧૦. | ૧૯૯૫-૯૬ | ૩૬૬ | ૧૭૧ | ૨૪૨૦૦૭ |
| ૧૧. | ૧૯૯૬-૯૭ | ૩૨૮ | ૨૦૦ | ૨૪૭૪૦૯ |
| ૧૨. | ૧૯૯૭-૯૮ | ૩૭૫ | ૩૮૪ | ૨૬૬૪૫૮ |
| ૧૩. | ૧૯૯૮-૯૯ | ૩૯૯ | ૨૧૦ | ૨૮૦૬૭૨ |
| ૧૪. | ૧૯૯૯-૦૦ | ૨૩૩ | ૧૮૫ | ૧૮૮૪૩૭ |
| ૧૫. | ૨૦૦૦-૦૧ | ૨૯૭ | ૨૩૨ | ૨૬૬૪૫૯ |
| ૧૬. | ૨૦૦૧-૦૨ | ૨૯૭ | ૩૩૨ | ૩૧૭૯૦૧ |

● અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી, ગુ.રા. ગાંધીનગર દ્વારા પ્રકાશિત.

## 15 FORESTRY AND LOGGING

### 15.4 FOREST AREA PROTECTED FROM THE FIRE AND CATTLE GRAZING

| Sr. No. | Year | Total Forest Area (sq.kms) | Protection against fire | | | Cost of fire Conesor-vancy operation (Rs.) | Protection against | | Grazzing |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | Atte-mpted (sq.kms) | Prote-cted (sq.kms) | %Age of Forest under fire protection to total Forest area | | Area closed Grazing (sq.kms) | Area open to grazing throu-ghout year (sq.mks) | Are open to grazzing for part of the year (sq.kms) |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 |
| 1. | 1960-61 | 15426.45 | 15426,45 | 15099.41 | 97.88 | 72816 | 1276.28 | 12784.79 | 1365.38 |
| 2. | 1970-71 | 15730.98 | 15730.98 | 15641.16 | 99.43 | 72555 | 1675.67 | 12879.44 | 1175.87 |
| 3. | 1980-81 | 19655.04 | 18418.45 | 18262.50 | 92.92 | 571432 | 6792.52 | 12372.73 | 489.79 |
| 4. | 1981-82 | 19647.63 | 19647.63 | 19565.85 | 99.58 | 167192 | 4381.49 | 14794.78 | 472.36 |
| 5. | 1982-83 | 19657.01 | 19650.98 | 19533.76 | 99.37 | 775348 | 4649.60 | 14602.91 | 404.50 |
| 6. | 1983-84 | 19472.55 | 18931.65 | 18726.95 | 96.17 | 1036919 | 5496.78 | 13626.89 | 345.88 |
| 7. | 1984-85 | 19359.93 | 18819.03 | 18675.63 | 96.47 | 1312890 | 4968.60 | 13981.65 | 410.68 |
| 8. | 1985-86 | 19318.30 | 19318.30 | 19024.88 | 98.48 | 1939612 | 4175.60 | 14193.48 | 949.22 |
| 9. | 1986-87 | 19387.55 | 19387.55 | 19306.60 | 99.58 | 1680011 | 3974.78 | 14395.93 | 1016.84 |
| 10. | 1987-88 | 19409.66 | 19409.66 | 19371.69 | 99.80 | 2936034 | 3944.82 | 14451.70 | 1013.14 |
| 11. | 1988-89 | 19414.16 | 19414.16 | 19350.31 | 99.67 | 2943887 | 4309.66 | 14155.79 | 949.15 |
| 12. | 1989-90 | 19388.01 | 19388.01 | 19116.44 | 98.60 | 6463399 | 3536.37 | 14896.84 | 954.80 |
| 13. | 1990-91 | 19379.20 | 19379.20 | 19185.66 | 99.00 | 4392790* | 3671.90 | 14753.94 | 953.36 |
| 14. | 1991-92 | 19379.31 | 19379.31 | 19232.25 | 99.24 | 4445112 | 3376.15 | 15052.63 | 950.53 |
| 15. | 1992-93 | 19392.47 | 19392.47 | 19042.59 | 98.20 | 4765469 | 3290.50 | 15200.32 | 901.65 |
| 16. | 1993-94 | 19393.02 | 19393.02 | 19170.46 | 98.85 | 4446533 | 3234.80 | 15262.30 | 892.92 |
| 17. | 1994-95 | 19504.76 | 19405.76 | 19331.97 | 99.11 | 5140911 | 3200.77 | 15269.38 | 935.61 |
| 18 | 1995-96 | 18868.28 | 18868.28 | 18568.94 | 98.41 | 5942336 | 3442.26 | 14389.01 | 937.01 |
| 19 | 1996-97 | 18815.14 | 18815.14 | 18592.80 | 98.82 | 6082513 | 3519.48 | 14405.77 | 856.89 |
| 20. | 1997-98 | 18830.37 | 18830.37 | 18623.70 | 98.90 | 7939000 | 3718.01 | 14222.87 | 889.49 |
| 21. | 1998-99 | 18830.45 | 18833.45 | 18425.91 | 97.85 | 14114000 | 3688.76 | 14246.33 | 922.99 |
| 22. | 1999-00 | 18999.50 | 18999.50 | 18849.35 | 99.21 | 15027000 | 5492.86 | 12622.78 | 702.57 |
| 23 | 2000-01 | 19112.54 | 18931.44 | 18734.68 | 98.02 | 8695000 | 6148.47 | 12152.71 | 630.26 |
| 24. | 2001-02 | 19079.13 | 19079.13 | 18609.65 | 97.54 | 5469000 | 5816.24 | 12631.05 | 631.84 |

Source : Office of Principal Chief Conservator of Forest, Gujarat State,Gandhinagar.

## પ્રકરણ-૨

# જંગલ અને આદિવાસીઓ

વર્ષોથી આદિવાસીઓ જંગલો અને ડુંગરોમાં રહેતા આવ્યા છે. જંગલોએ જ આદિવાસીઓને જીવતદાન આપ્યું છે. જીવનની જરૂરિયાતો જયારે ઓછામાં ઓછી અને સાદામાં સાદી હતી ત્યારે આદિવાસીઓને જંગલોમાંથી તેમને જોઈએ તેટલી માત્રામાં અને તેના કરતાં વધુ પ્રાપ્ય થતું હતું. તે વખતે બહારના ભાગીદારો જૂજ હતા. આજે એ પરિસ્થિતિમાં બદલાવ જોઈ શકાય છે. આદિવાસીઓનો અને જંગલોનો બહારની દુનિયા સાથેનો સંપર્ક વધી ગયો છે. આદિવાસીઓએ કેમ રહેવું અને કેવી રીતે જીવનધોરણ નિભાવવું તે તેમના હાથની વાત રહી નથી. બહારની દુનિયાનું એનું ભાન અને જ્ઞાન વધતું ચાલ્યું તેમ એની જરૂરિયાતો પણ વધતી ચાલી અને જંગલો પર જે એ એકલો હકદાર હતો તેમાં ભાગીદારો વધતા ચાલ્યા અને આજે પરિસ્થિતિ વિકટ બનીને ઊભી છે.

ચાર દાયકા પહેલાં આદિવાસી પ્રજા મરજી પડે તે મુજબ પોતાની ઝૂંપડી માટે, પોતાની જરૂરિયાત મુજબના લાકડાં કાપી શકતા, મરજી પડે ત્યારે ઝાડી-ઝાંખરાં કાપી ત્યાંને ત્યાં બાળી નાનું સરખું ખેતર તૈયાર કરી પોતાને જરૂર પૂરતાં નાગલી, કોદરા, બંટી જેવાં હલકાં ધાન્ય પકવી લેતો. તેને બદલે આજે પોતાના ઝૂંપડાં/મકાન માટે તે પોતે લાકડું કાપી શકતો નથી. જંગલના કાયદા પ્રમાણે ડાળું પણ કાપી શકે નહિ. ત્યારે બીજી બાજું તેની સામે એના હાથે જ કપાયેલી સાગી-ઈમારતી લાકડાં ગાડાં, ખટારા ભરીને બહારના લોકો દ્વારા કાયદેસર, ગેરકાયદેસર ઉપાડી જાય તેની ઈર્ષ્યા તેને થાય તેમાં કાંનો વાંક ?

આપણે ત્યાં જંગલમાલિકી મોટે ભાગે રાજયની ગણાય છે એટલે તેની વાર્ષિક આવક પણ રાજયની ગણાય, ગુજરાત રાજયને પણ જંગલમાંથી વાર્ષિક ૫ કરોડ ઉપરાંતની આવક થાય છે. રાજયમાં જંગલનું પ્રમાણ ઘણું જ ઓછું છે. આજે ખાસ કરીને ડાંગ, ગીર, વાંસદા, છોટાઉદેપુર અને વિજયનગર તાલુકામાં થોડાંક જંગલો ગીચ જોવા મળે છે. જંગલ વ્યવસાય એ કૃષિ વ્યવસાય જેવો છે. કોઈપણ ઉદ્યોગની જેમ તેની વ્યવસ્થા અને કારભારમાં સઘન વિકાસ માટે પૂરો અવકાશ છે. આદિવાસીઓને જંગલોમાંથી પ્રત્યક્ષ અને પરોક્ષ લાભો પ્રાપ્ત થાય છે. પરંતુ આજે તેમાં ઘટાડો થયો છે.

ગુજરાતના આદિવાસીઓ આજે પણ ગુંદર, ટીમરૂપાન, ખાખરાનાં પાન, મહુડાના ફૂલ-ફળ અને લાકડું એકઠું કરીને પૂરક રોજગારી મેળવે જ છે. પરંતુ આ બધી વસ્તુના ભાવ સ્થાનિક વેપારીઓ પૂરા આપતા નથી. જેઓ મફતના ભાવે પડાવી લેતા હોય છે. ૧૯૮૫-૮૬ સુધી જે જે વિસ્તારમાં જંગલ કામદાર સહકારી મંડળીઓ કાર્યરત હતી ત્યાં સુધી તેમને કૂપમાં મજૂરીનું કામ મળી રહેતું. આજે જંગલ મંડળીઓ કાર્યરત નથી, ત્યારે તેમને જંગલમાં રોપા-ઉછેરવા-રોપવા. ખાડા કરવા જેવી મજૂરી મળે છે. કાથોડી આદિવાસીઓ માટે આજે માત્ર કોલસા પાડવા અને મજૂરી સિવાય બીજુ કોઈ ઉપાર્જનનું સાધન રહ્યું નથી.

ગુજરાત સરકારે આદિવાસીઓ માટેની કલ્યાણ યોજનાઓમાં જંગલને લગતી કેટલીક યોજનાઓનો

પણ સમાવેશ કર્યો છે. બધા જ આદિવાસીઓનું જીવન જંગલ અને ખેતી તેમજ છૂટક મજૂરી અને પશુપાલન પર આધારિત છે. ટૂંકમાં આદિવાસી અને જંગલ એકબીજા સાથે નિકટતાથી જોડાયેલાં હોવાથી જંગલ ખાતાએ પોતાની યોજનાઓ સાવધાનીથી આગળ ધપાવવી જોઈએ. જંગલખાતું આદિવાસીઓ માટે મિત્ર બની તેમના ઉત્કર્ષ માટેના વિવિધ પ્રયત્નો દ્વારા વિશ્વાસ સંપાદન કરી તેમને જંગલમાં ભાગીદાર બનાવવાના પ્રયત્નો કરવા જોઈએ.

ભારતમાં અને રાજયમાં જંગલ વિસ્તારમાં પણ કેટલાક બદલાવ આવેલા જોવા મળે છે. જેની વિગતો અહીં આપેલા કોઠાઓ પરથી જોવા મળે છે.

**(૧) ભારત અને ગુજરાતમાં વન વિસ્તાર :**

કોઠા-૧માં દર્શાવ્યા મુજબ ભારતનો કુલ ભૌગોલિક વિસ્તાર ૩૨,૮૭,૨૬૩ ચો.કિ.મી. છે. જેની સામે ગુજરાતનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧,૯૬,૦૨૨ ચો.કિ.મી. એટલે કે ૫.૯૬ ટકા થાય છે. જેમાં ભારતમાં ૨૩.૩૮ ટકા અને ગુજરાતમાં ૯.૬૯ ટકા વન વિસ્તાર છે. જયારે વન આચ્છાદિત વિસ્તારની ટકાવારીની દ્રષ્ટિએ જોઈએ તો ભારતમાં ૨૦.૫૫ ટકા અને ગુરજાતમાં ૭.૭૩ ટકા થાય છે. જયારે વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ભારતમાં ૨૩.૦૩ ટકા અને ગુજરાતમાં ૯.૭૯ ટકા થાય છે.

**(૨) ભારત અને ગુજરાતમાં આરક્ષિત અને રક્ષિત વન વિસ્તાર :**

ભારતમાં કુલ ભૌગોલિક વિસ્તારની સામે આરક્ષિત વન વિસ્તાર ૧૨.૮૮ ટકા અને રક્ષિત વન વિસ્તાર ૬.૬૧ ટકા છે. જયારે ગુજરાત રાજયના કુલ ભોગોલિક વિસ્તાર સામે ૭.૦૯ ટકા આરક્ષિત વન વિસ્તાર અને ૦.૨૦ ટકા જંગલ રક્ષિત વન વિસ્તાર તરીકે જાહેર કરેલ છે.

રાજયમાં અને ભારતમાં ગાઢ જંગલોનો વિસ્તાર અને પાંખા-આછા જંગલોનો વિસ્તાર જોઈએ તો ૧૨.૬૮ ટકા વિસ્તાર ભારતમાં ગાઢ વન વિસ્તાર અને ૭.૮ ટકા વિસ્તાર પાંખો વન વિસ્તાર છે અને પાંખો વન વિસ્તાર કુલ ભૌગોલિક વિસ્તારના ૩.૩ ટકા છે. જયારે ઝાંખરાંવાળો વન વિસ્તાર રાજયમાં માત્ર ૧.૨ ટકા છે.

**(૩) ભારતનો વન વિસ્તાર :**

ભારતના કુલ વન વિસ્તારમાં ગાઢ વનો ૧૨.૬૮ ટકા વિસ્તારમાં પથરાયેલા છે. પાંખા વનોનો વિસ્તાર ૭.૮૭ ટકા, જયારે ઝાંખરાવાળો વન વિસ્તાર ૧.૪૪ ટકા અને બિન વન વિસ્તાર ૭૯.૪૫ ટકા છે. જેની વિગતો કોઠા ૩ માં જોઈ શકાય છે.

**(૪) ભારત અને ગુજરાતમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર (વન વિસ્તાર સિવાય)**

ભારતમાં કુલ ભૌગોલિક વિસ્તારની સામે ૬૮.૩૧ ટકા વિસ્તાર ખેડાણ લાયક બિન વન વિસ્તાર જેમાં પ્રતિ હેકટરે ૧૧.૦ વૃક્ષોની સંખ્યા છે. જેમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ૨.૪૮ ટકા થાય છે. જયારે બિન ખેડાણ લાયક વન વિસ્તાર ૩.૬૩ ટકા થાય છે. રાજયમાં કુલ ભૌગોલિક વિસ્તારની

સામે ૮૮.૨૧ ટકા ખેડાણલાયક બિન વન વિસ્તાર છે. જેમાં પ્રતિ હેકટરે ૮.૧ જેટલી વૃક્ષોની સંખ્યા છે. જ્યારે વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ૨.૦૬ ટકા છે. જેની ખેડાણલાયક બિન વન વિસ્તારની સામે ૨.૩૩ ટકા થાય છે.

**(૫) ભારતના રાજ્યોનો વન વિસ્તાર :**

ભારતના રાજ્યોમાં વન વિસ્તાર જોઈએ તો કુલ ભૌગોલિક વિસ્તારની સામે માત્ર ૨૦.૫૫ ટકા જંગલ વિસ્તાર છે. જેમાં ગાઢ વન વિસ્તાર ૧૨.૬૮ ટકા, પાંખો વન વિસ્તાર ૭.૮૭ ટકા છે, જેમાં ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ ઓછો વિસ્તાર હોવા છતાં ૮૫.૯૧ ટકા જંગલ વિસ્તાર ધરાવતું રાજ્ય લક્ષદિપ છે. જેનો કુલ ભૌગોલિક વિસ્તાર માત્ર ૩૨ ચો.કિ.મી. છે. જંગલો આમ તો ભારતના ૩૫ રાજયોમાં વધુમાં વધુ ૮૫.૯૧ ટકા વિસ્તારથી માંડીને ઓછામાં ઓછા ૩.૯૭ ટકા જંગલ વિસ્તાર ધરાવતા રાજ્યો છે. જેમાં ગુજરાતનો નંબર ૭.૭૩ ટકા જંગલ વિસ્તાર સાથે ૨૬મો આવે છે. રાજ્યમાં વન વિસ્તાર ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ ઘણો ઓછો ગણાવી શકાય. રાજ્યવાર વન વિસ્તારની સઘળી વિગતો કોઠા ૫ માં દર્શાવી છે.

**(૬) ખેડાણલાયક અને બિનખેડાણલાયક વન વિસ્તાર :**

ભારતમાં કુલ ભૌગોલિક વિસ્તારની સામે નોંધાયેલ વન વિસ્તાર ૨૩.૩૪ ટકા છે, જ્યારે બાકીના વિસ્તારમાંથી ૦.૬૮ ટકા વિસ્તાર વેટલેન્ડ અને જળ સ્ત્રોત ધરાવતો વિસ્તાર, ૦.૪૨ ટકા વિસ્તાર નદી અને નદીના પટ્ટા ધરાવતો વિસ્તાર, ૪.૦૫ ટકા વિસ્તાર ઠંડા રણ અને બરફ આચ્છાદિત વિસ્તાર, જયારે ૩.૨૦ ટકા વિસ્તાર નોંધાયેલ વન વિસ્તારની બહાર એક હેકટર કરતાં વધારે વન આચ્છાદિત વિસ્તાર છે અને ખેડાણ લાયક બિન વનવિસ્તાર ૬૮.૩૧ ટકા છે. ગુંજરાતમાં કુલ ભૌગોલિક વિસ્તારના ૯.૬૯ ટકા નોધાયેલ વન વિસ્તાર છે, જયારે બાકીના બિનખેડાણ વન વિસ્તાર પૈકી ૦.૮૦ ટકા વિસ્તાર વેટલેન્ડ અને જળસ્ત્રોત ધરાવતો વિસ્તાર, ૦.૩૧ ટકા વિસ્તાર નદી અને નદીના પટ્ટનો વિસ્તાર, ૦.૯૯ ટકા વિસ્તાર નોંધાયેલ વન વિસ્તારની બહાર એક હેકટર કરતાં વધારે વન આચ્છાદિત વિસ્તાર છે, જયારે બાકીનો ૮૮.૨૧ ટકા વિસ્તાર ખેડાણલાયક બિન વન વિસ્તાર છે. જેની વિગત કોઠા નં.૬માં જોઈ શકાય છે.

**(૭) ભારતમાં રાજય પ્રમાણે વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર :**

ભારતમાં વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર જોઈએ તો કુલ ભૌગોલિક વિસ્તારના ૨૩.૦૩ ટકા છે. જે ભારતની કુલ વસ્તીના ધોરણે માથાદીઠ ૦.૦૭ હેકટર થાય છે. રાજયમાં આ વિસ્તાર ભારતના કુલ ભૌગોલિક વિસ્તાર સામે વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર ૦.૫૮ ટકા અને રાજયના કુલ વિસ્તાર સામે ૯.૮ ટકા વિસ્તાર વન અને વૃક્ષ આચ્છાદિત છે. જે રાજયની કુલ વસ્તીના માથાદીઠ વિસ્તાર પ્રમાણે ૦.૧૬ હેકટર થાય છે. જેની વિગત કોઠા નં.૭ માં દર્શાવી છે.

(૮) **ભારતમાં વન આચ્છાદિત વિસ્તારની ટકાવારી પ્રમાણે જિલ્લાઓની સંખ્યા :**

ભારતમાં વન આચ્છાદિત વિસ્તાર પ્રમાણે ૧ ટકા કરતાં ઓછું જંગલ હોય તેવા ૫૯ જિલ્લા, ૧ થી ૫ ટકા કરતાં ઓછું હોય તેવા ૧૪૦ જિલ્લા, ૫ થી ૧૦ ટકા કરતાં ઓછું હોય તેવા ૬૧ જિલ્લા, ૧૦ થી ૨૦ ટકા કરતાં ઓછું હોય તેવા ૯૮ જિલ્લા, ૨૦ થી ૩૩ ટકા કરતાં ઓછું હોય તેવા ૮૫ જિલ્લા, ૩૩ થી ૬૭ ટકા કરતાં ઓછું જંગલ હોય તેવા ૮૮ જિલ્લા અને ૬૭ ટકા કે તેથી વધારે વિસ્તાર હોય તેવા ૫૮ જિલ્લા છે.

(૯) **ભારતમાં પર્વતીય વિસ્તારમાં વન વિસ્તાર :**

રાષ્ટ્રમાં કુલ ૫૮૯ જિલ્લાઓમાંથી પર્વતીય વિસ્તાર ધરાવતા જિલ્લાઓની સંખ્યા ૧૨૩ છે કે જયાં આદિવાસી વસ્તી પથરાયેલી છે. આ પર્વતીય જિલ્લાઓનો કુલ ભૌગોલિક વિસ્તાર ૭,૦૭,૭૪૭ ચો.કિ.મી. છે. જે કુલ ભૌગોલિક વિસ્તારના ૨૧.૫૩ ટકા વિસ્તાર થાય છે. જેમાં કુલ વન વિસ્તાર ૨,૭૧,૩૨૬ ચો.કિ.મી. એટલે કે કુલ પર્વતીય વિસ્તારના ૩૮.૩૪ ટકા થાય છે.

(૧૦) **આદિવાસી વિસ્તારમાં વન વિસ્તાર :**

ભારતમાં કુલ ૫૮૯ જિલ્લાઓમાંથી ૧૮૭ જિલ્લાઓમાં આદિવાસી વસ્તી ધરાવતા વિસ્તારોમાં વન વિસ્તાર પથરાયેલ છે. જયારે ગુજરાતના આઠ જિલ્લાઓમાં વન વિસ્તાર પથરાયેલ છે કે જયાં મોટાભાગની આદિવાસી વસ્તી આવેલી છે. આદિવાસી જિલ્લાઓનો કુલ ભૌગોલિક વિસ્તાર ભારતમાં ૧૧,૦૩,૪૬૩ ચો.કિ.મી. એટલે કે કુલ ભૌગોલિક વિસ્તારના ૩૩.૫૬ ટકા વિસ્તાર થાય છે, જયારે ગુજરાતમાં કુલ ભૌગોલિક વિસ્તારના ૪૮,૬૫૦ ચો.કિ.મી. એટલે કે ૨૪.૮૨ ટકા વિસ્તારમાં આદિવાસી જિલ્લાઓનો સમાવેશ થાય છે. જેમાં આદિવાસી જિલ્લાઓના કુલ ભૌગોલિક વિસ્તારના ૩૬.૬૨ ટકા ભારતમાં અને ગુજરાતના આદિવાસી વિસ્તારમાં આવેલ કુલ ભૌગોલિક વિસ્તારના ૧૫.૫૬ ટકા જંગલ વિસ્તાર છે.

(૧૧) **ગુજરાતમાં રક્ષિત અને વન વિસ્તારનું વિતરણ :**

રાજયમાં પ્રદેશવાર વન વિસ્તારની ટકાવારી જોઈએ તો સૌરાષ્ટ્ર અને કચ્છમાં ૬.૧ ટકા, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં ૧૦.૦ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૨૪.૫ ટકા વન વિસ્તાર છે. જેમાં રક્ષિત વન વિસ્તારોની સંખ્યા અનુક્રમે ૧૭.૫ અને ૩ વિસ્તારો છે. જેમાં આવેલા વન વિસ્તારમાંથી રક્ષિત વન વિસ્તારની ટકાવારી જોઈએ તો સૌરાષ્ટ્ર અને કચ્છના ૪૯.૦ ટકા, મધ્ય અને ઉત્તર ગુજરાતના ૧૬.૦ ટકા વિસ્તાર અને દક્ષિણના ગુજરાતના ૭.૩ ટકા વિસ્તાર રક્ષિત વિસ્તાર છે.રાજયમાં વૃક્ષ અને વન આચ્છાદિત વિસ્તાર ૧૯,૧૮૮ ચો.કિ.મી. એટલે કે કુલ ભૌગોલિક વિસ્તારની સામે ૯.૮ ટકા છે. ભારતની ટકાવારીમાં ગુજરાતનો હિસ્સો ૨.૫ ટકા છે. જયારે માથાદીઠ વન અને વૃક્ષણ આચ્છાદિત વિસ્તાર ગુજરાતમાં ૦.૦૪ હેકટર છે.

(૧૨) ભારત અને ગુજરાતના વન વિસ્તારમાં ફેરફાર :

ભારત અને ગુજરાતમાં ૧૯૯૯ અને ૨૦૦૧ના વર્ષોમાં થયેલ સર્વે મુજબ રાષ્ટ્રના અને રાજયના ગાઢ જંગલો પાંખા વનોમાં ફેરફાર જોવા મળે છે. જેની વિગતો કોઠા નં.૧૨માં દર્શાવી છે. કોઠામાં દર્શાવ્યા મુજબ ભારતમાં ૩૮,૨૪૫ ચો.કિ.મી. અને રાજયમાં ૨,૧૮૭ ચો.કિ.મી. વિસ્તારનો વધારો જોવા મળેલ છે.

(૧૩) રાજયમાં વન વિસ્તારોની અન્ય ઉપયોગ માટે તબદીલી :

રાજયના કુલ ૬૩,૯૪૮.૬૫ હેકટર જમીનમાંથી ૪૦.૩૯ ટકા હેકટર ડુબાણમાં, ૩૦.૩૬ હેકટર ટકા પુનઃવસવાટ માટે, ૭.૧૯ હે. ટકા ખેતી માટે, ૦.૬૩ ટકા હે. રસ્તાઓ માટે, ૨.૬૩ ટકા હે. ઉદ્યોગો અને ટાઉનશીપ માટે અને ૧૮.૭૯ ટકા હે. અન્ય ઉપયોગ માટે તબદીલ કરેલ છે.

(૧૪) રાજયમાં જિલ્લાવાર વનઆચ્છાદિત વિસ્તાર :

રાજયના ૨૫ જિલ્લાઓ પૈકી ડાંગ, નર્મદા, વલસાડ, સુરત, જુનાગઢ, પંચમહાલ, દાહોદ, વડોદરા, સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લાઓમાં સૌથી વધુ વન આચ્છાદિત વિસ્તાર જોવા મળે છે. જયારે બાકીના જિલ્લાઓમાં વન આચ્છાદિત વિસ્તાર ઘણો ઓછો જોવા મળે છે. કોઠા ૧૪માં રાજયના ૨૫ જિલ્લાઓના ભૌગોલિક વિસ્તાર અને વન વિસ્તારની માહિતી દર્શાવી છે. જેના દ્વારા દરેક જિલ્લાના વન આચ્છાદિત વિસ્તારનો ખ્યાલ આવે છે.

(૧૫) ગુજરાતમાં જિલ્લાવાર વન વિસ્તાર :

રાજયના કુલ ભૌગોલિક વિસ્તારમાંથી ૧૮,૮૬૮.૨૮ ચો.કિ.મી.નો વિસ્તાર વન વિસ્તાર છે. જેમાં આરક્ષિત જંગલ, રક્ષિત અને બિનવર્ગીકૃત જંગલ વિસ્તારનો સમાવેશ થાય છે જેની વિગત કોઠા નં.૧૫ માં દર્શાવી છે.

(૧૬) ગુજરાત રાજયમાં જિલ્લાવાર વન અચ્છાદિત વિસ્તાર :

રાજયમાં ૫ ટકા કરતાં ઓછો જંગલ વિસ્તાર હોય તેવા કુલ ૧૮ જિલ્લાઓમાંથી ૧૦ જિલ્લાઓનો સમાવેશ થાય છે. જિલ્લાના કુલ ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ ૫ થી ૧૦ ટકા વિસ્તાર ધરાવતા ૩ જિલ્લા, ૧૦ થી ૧૫ ટકા વિસ્તાર ધરાવતા ૨ જિલ્લા, ૧૫ થી ૨૦ ટકા વિસ્તાર ધરાવતા ૨ જિલ્લા અને ૨૦ થી ૨૫ ટકા વિસ્તાર હોય તેવો માત્ર વલસાડ જિલ્લો અને ૨૫ ટકાથી વધારે વનઆચ્છાદિત વિસ્તાર ધરાવતો ડાંગ જિલ્લો મોખરે છે.

**(૧૭) ગુજરાતમાં વનઆચ્છાદિત વિસ્તારમાં ૧૯૮૭ થી ૨૦૦૧ દરમ્યાન થયેલ ફેરફાર :**

કોઠા નં.૧૭માં ભારત અને ગુજરાતના કુલ વન આચ્છાદિત વિસ્તાર ૧૯૮૭માં કેટલા ચોરસ કિ.મી. હતો અને ૨૦૦૧માં તેમાં કેટલા ચો.કિ.મી.નો ફેરફાર થયો તેની વિગતો છેલ્લા ૧૫ વર્ષની દર્શાવી છે. આ અગાઉ પ્રકરણ ૧માં પણ ૧૯૮૬ સુધી થયેલ ફેરફારની વિગતો દર્શાવી છે. જેમાં ઘણો મોટો ફેરફાર આજે જોવા મળે છે.

**(૧૮) ગુજરાતમાં વનપેદાશો (૧૯૯૩-૯૪) :**

રાજ્યના આરક્ષિત અને રક્ષિત વિસ્તારોમાંથી મળેલ માહિતી મુજબ વન પેદાશોની વિગત કોઠા નં.૧૮માં દર્શાવી છે. વનની મુખ્ય ૧૦ પેદાશોમાંથી ઈમારતી લાકડું ૩.૦ લાખઘનમીટર, બળતણનું લાકડું, ૨.૭ લાખ ટન, વાંસ ૧૨,૭૧૦ ટન, ઘાસ ૬,૮૦૦ ટન, ગુંદર ૫૨ ટન, ટીમરૂપાન ૮,૭૦૦ ટન, બહેડાં હરડે આમળાંનું ઉત્પાદન ૨૪ ટન, મહુડાનાં ફુલ ૨,૩૨૦ ટન અને મહુડાના બીજ (ડોળી) ૬૧૦ ટન ઉત્પાદન થયેલ. આ ઉત્પાદન ૧૦ વર્ષ પહેલાંનું છે. આજે આમાં ક્રમશઃ ઘટાડો નોંધાયેલ જોવા મળે છે.

છેલ્લા ચાર પાંચ વર્ષના દુષ્કાળની પરિસ્થિતિ અને ઓછો વરસાદ થવાથી જંગલ ગૌણ પેદાશના ઉત્પાદન પર માઠી અસર પડી છે. જેનો સર્વેક્ષણ વખતે મેળવેલ વિગતો ઉપરથી ખ્યાલ આવે છે.

આમ અહીં ભારત અને ગુજરાતના વનોની કેટલીક વિગતો જોયા પછી હવે રાજ્યનો કુલ ભૌગોલિક વિસ્તાર અને જમીનના ઉપયોગની વિગતો હવે પછીના પ્રકરણમાં જોઈશું.

**કોઠા નં.૧**

**ભારત અને ગુજરાતમાં વન વિસ્તાર**

| ક્રમ | વિગત | ભારત | ગુજરાત |
|---|---|---|---|
| ૧ | કુલ ભૌગોલિક વિસ્તાર (ચો.કિ.મી.) | ૩૨,૮૭,૨૬૩ | ૧,૯૬,૦૨૨ |
| ૨. | નોંધાયેલ વન વિસ્તાર (ચો.કિ.મી.) | ૭,૬૮,૪૩૭ | ૧૮,૯૯૯ |
| ૩. | વનવિસ્તારની ટકાવારી (ટકા) | ૨૩.૩૮ | ૯.૬૯ |
| ૪. | વનઆચ્છાદિત વિસ્તાર (ચો.કિ.મી.) | ૬,૭૫,૫૩૮ | ૧૫,૧૫૨ |
| ૫. | વનઆચ્છાદિત વિસ્તારની ટકાવારી (ટકા) | ૨૦.૫૫ | ૭.૭૩ |
| ૬. | વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર (ચો.કિ.મી.) | ૭,૫૭,૦૧૦ | ૧૯,૧૮૮ |
| ૭. | વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારની ટકાવારી (ટકા) | ૨૩.૦૩ | ૯.૭૯ |

● **ગુજરાત** સ્ટેટ ફોરેસ્ટ રીપોર્ટ-૨૦૦૧ ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા

(**પર્યાવરણ** સાથી પાન ૪૭)

## કોઠા નં.૨

### ભારત અને ગુજરાતમાં આરક્ષિત તથા રક્ષિત વન વિસ્તાર

| ક્રમ | વિગત | ભારત | ગુજરાત |
|---|---|---|---|
| ૧ | કુલ ભૌગોલિક વિસ્તાર (ચો.કિ.મી.) | ૩૨,૮૭,૨૬૩ | ૧,૯૬,૦૨૨ |
| ૨. | આરક્ષિત વન વિસ્તાર (ચો.કિ.મી.) | ૪,૨૩,૩૧૧ | ૧૩,૯૦૪ |
| ૩. | રક્ષિત વન વિસ્તાર(ચો.કિ.મી.) | ૨,૧૭,૨૪૫ | ૩૯૬ |
| ૪. | બિનવર્ગીકૃત વન વિસ્તાર (ચો.કિ.મી.) | ૧,૨૭,૮૮૧ | ૪,૬૯૯ |
| ૫. | કુલ વન વિસ્તાર (ચો.કિ.મી.) | ૭,૬૮,૪૩૬ | ૧૮,૯૯૯ |
| ૬. | વન વિસ્તાર (ટકા) | ૨૩.૩૮ | ૯.૬૯ |

## કોઠા નં.૩

### ભારત અને ગુજરાતમાં ગાઢ તથા પાંખો વન વિસ્તાર

| ક્રમ | વિગત | ભારત | ગુજરાત |
|---|---|---|---|
| ૧. | કુલ ભૌગોલિક વિસ્તાર (ચો.કિ.મી.) | ૩૨,૮૭,૨૬૩ | ૧,૯૬,૦૨૨ |
| ૨. | ગાઢ વન વિસ્તાર (ચો.કિ.મી.) | ૪,૧૬,૮૦૯ | ૮,૬૭૩ |
| ૩. | પાંખો વન વિસ્તાર (ચો.કિ.મી.) | ૨,૫૮,૭૨૯ | ૬,૪૭૯ |
| ૪. | કુલ વન વિસ્તાર (ચો.કિ.મી.) | ૬,૭૫,૫૩૮ | ૧૫,૧૫૨ |
| ૫. | વન વિસ્તાર (ટકા) | ૨૦.૫૫ | ૭.૭૩ |
| ૬. | ઝાંખરાં-વિસ્તાર (ચો.કિ.મી.) | ૪૭,૩૧૮ | ૨,૪૦૮ |

● ધ સ્ટેટ ઓફ ફોરેસ્ટ રીપોર્ટ ૨૦૦૧, ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા, દહેરાદૂન
પર્યાવરણ સાથી પાન ૪૮

કોઠા નં.૪

ભારતનો વન વિસ્તાર

| વર્ગ | વિસ્તાર ચોરસ કિ.મી. | ભૌગોલિક વિસ્તારની ટકાવારીમાં |
|---|---|---|
| **વન વિસ્તાર** | | |
| ગાઢ વન (૪૦ ટકા ગીચતા) | ૪,૧૬,૮૦૯ | ૧૨.૬૮ |
| પાંખાં વન (૧૦-૪૦ ટકા ગીચતા) | ૨,૫૮,૭૨૯ | ૭.૮૭ |
| કુલ (મેંગ્રોવ વન સાથે) | ૬,૭૫,૫૩૮ | ૨૦.૫૫ |
| **બિન વન-વિસ્તાર** | | |
| ઝાંખરાં | ૪૭,૨૧૮ | ૧.૪૪ |
| **કુલ બિન વન વિસ્તાર (ઝાંખરાં સાથે)** | **૨૬,૧૧,૭૨૫** | **૭૯.૪૫** |
| કુલ ભૌગોલિક વિસ્તાર | ૩૨,૮૭,૨૬૩ | ૧૦૦.૦૦ |

કોઠા નં.૫

ભારત અને ગુજરાતમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર (વન વિસ્તાર સિવાય)

| વિસ્તાર | ભારત | ગુજરાત |
|---|---|---|
| ભૌગોલિક વિસ્તાર (ચો.કી.મી.) | ૩૨,૮૭,૨૬૩ | ૧,૯૬,૦૨૨ |
| ખેડાણ લાયક બિન વન વિસ્તાર (ચોરસ કિ.મી.) | ૨૨,૪૫,૪૩૧ | ૧,૭૨,૯૧૫ |
| વૃક્ષોની સંખ્યા, પ્રતિ હેકટર (સંખ્યા) | ૧૧.૦ | ૮.૧ |
| કુલ વૃક્ષોની સંખ્યા (હજારમાં) | ૨૪,૬૧,૫૯૩ | ૧,૩૯,૩૯૬ |
| વૃક્ષ આચ્છાદિત વિસ્તાર (ચોરસ કિ.મી.) | ૮૧,૪૭૨ | ૪,૦૩૬ |
| ભૌગોલિક વિસ્તારની સામે ટકાવારી | ૨.૪૮ | ૨.૦૬ |
| ખેડાણ લાયક બિન વન વિસ્તારની સામે ટકાવારી | ૩.૬૩ | ૨.૩૩ |

સંદર્ભ : ધ સ્ટેટ ઑફ ફૉરેસ્ટ રિપોર્ટ, ૨૦૦૧, ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા, દહેરાદૂન

## કોઠા નં.૬

### ભારતનાં રાજ્યોનાં વન વિસ્તાર

| ક્રમ | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ | ભૌગોલિક વિસ્તાર (ચોરસ કિ.મી.) | ગાઢ વન (ચોરસ કિ.મી.) | પાંખાં વન (ચોરસ કિ.મી.) | કુલ વન વિસ્તાર (ચોરસ કિ.મી.) | ટકાવારી (ટકા) | ઝાંખરાં (ચોરસ કિ.મી.) | વન વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | આંધ્રપ્રદેશ | ૨૭૫૦૬૯ | ૨૫૮૨૭ | ૧૮૮૧૦ | ૪૪૬૩૭ | ૧૬.૨૩ | ૯૯૦૭ | ૨૨ |
| ૨. | અરૂણાચલ પ્રદેશ | ૮૩૭૪૩ | ૫૩૯૩૨ | ૧૪૧૧૩ | ૬૮૦૪૫ | ૮૧.૨૫ | ૧૪૧ | ૩ |
| ૩. | આસામ | ૭૮૪૩૮ | ૧૫૮૩૦ | ૧૧૮૮૪ | ૨૭૭૧૪ | ૩૫.૩૩ | ૨૨૪ | ૧૫ |
| ૪. | બિહાર | ૯૪૧૬૩ | ૩૩૭૨ | ૨૩૪૮ | ૫૭૨૦ | ૬.૦૭ | ૧૨૨ | ૩૦ |
| ૫. | છત્તીસગઢ | ૧૩૫૧૯૧ | ૩૭૮૮૦ | ૧૮૫૬૮ | ૫૬૪૪૮ | ૪૧.૭૫ | ૨૦૦ | ૧૩ |
| ૬. | દિલ્હી | ૧૪૮૩ | ૩૮ | ૮૩ | ૧૧૧ | ૭.૫૧ | ૪ | ૨૮ |
| ૭. | ગોવા | ૩૭૦૨ | ૧૭૮૫ | ૩૧૦ | ૨૦૯૫ | ૫૬.૧૯ | ૦ | ૯ |
| ૮. | ગુજરાત | ૧૯૬૦૨૨ | ૮૬૭૩ | ૬૪૭૯ | ૧૫૧૫૨ | ૭.૭૩ | ૨૪૦૮ | ૨૬ |
| ૯. | હરિયાણા | ૪૪૨૧૨ | ૧૧૩૯ | ૬૧૫ | ૧૭૫૪ | ૩.૯૭ | ૮૮ | ૩૫ |
| ૧૦. | હિમાચલ પ્રદેશ | ૫૫૬૭૩ | ૧૦૪૨૯ | ૩૯૩૧ | ૧૪૩૬૦ | ૨૫.૭૯ | ૫૬૬ | ૧૮ |
| ૧૧. | જમ્મુ અને કાશ્મીર | ૨૨૨૨૩૬ | ૧૧૮૪૮ | ૯૩૮૯ | ૨૧૨૩૭ | ૯.૫૬ | ૩૦૮૭ | ૨૫ |
| ૧૨. | ઝારખંડ | ૭૯૭૧૪ | ૧૧૭૮૭ | ૧૦૮૫૦ | ૨૨૬૩૭ | ૨૮.૪૦ | ૯૭૬ | ૧૭ |
| ૧૩. | કર્ણાટક | ૧૯૧૭૯૧ | ૨૬૧૫૬ | ૧૦૮૩૫ | ૩૬૯૯૧ | ૧૯.૨૯ | ૩૨૪૫ | ૨૦ |
| ૧૪. | કેરાલા | ૩૮૮૬૩ | ૧૧૭૭૨ | ૩૭૮૮ | ૧૫૫૬૦ | ૪૦.૦૪ | ૭૧ | ૧૪ |
| ૧૫. | મધ્યપ્રદેશ | ૩૦૮૨૪૫ | ૪૪૩૮૪ | ૩૨૮૮૧ | ૭૭૨૬૫ | ૨૫.૦૭ | ૩૪૫૨ | ૧૯ |
| ૧૬. | મહારાષ્ટ્ર | ૩૦૭૭૧૩ | ૩૦૮૯૪ | ૧૬૫૮૮ | ૪૭૪૮૨ | ૧૫.૪૩ | ૬૧૩૭ | ૨૩ |
| ૧૭. | મણીપુર | ૨૨૩૨૭ | ૫૭૧૦ | ૧૧૨૧૬ | ૧૬૯૨૬ | ૭૫.૮૧ | ૧૯૦ | ૬ |
| ૧૮. | મેઘાલય | ૨૨૪૨૯ | ૫૬૮૧ | ૯૯૦૩ | ૧૫૫૮૪ | ૬૯.૪૮ | ૨૫૯ | ૭ |
| ૧૯. | મીઝોરમ | ૨૧૦૮૧ | ૮૯૩૬ | ૮૫૫૮ | ૧૭૪૯૪ | ૮૨.૯૮ | ૪૬૭ | ૪ |
| ૨૦. | નાગાલેન્ડ | ૧૬૫૭૯ | ૫૩૯૩ | ૭૯૫૨ | ૧૩૩૪૫ | ૮૦.૪૯ | ૪૭ | ૫ |
| ૨૧. | ઓરિસ્સા | ૧૫૫૭૦૭ | ૨૭૯૭૨ | ૨૦૮૬૬ | ૪૮૮૩૮ | ૩૧.૩૬ | ૫૭૮૨ | ૧૬ |
| ૨૨. | પંજાબ | ૫૦૩૬૨ | ૧૫૪૯ | ૮૮૩ | ૨૪૩૨ | ૪.૮૩ | ૩૦ | ૩૩ |
| ૨૩. | રાજસ્થાન | ૩૪૨૨૩૯ | ૬૩૨૨ | ૧૦૦૪૫ | ૧૬૩૬૭ | ૪.૭૮ | ૪૯૨૫ | ૩૪ |
| ૨૪. | સિક્કિમ | ૭૦૯૬ | ૨૩૯૧ | ૮૦૨ | ૩૧૯૩ | ૪૫.૦૦ | ૩૪૧ | ૧૦ |
| ૨૫. | તામિલનાડુ | ૧૩૦૦૫૮ | ૧૨૪૯૯ | ૮૯૮૩ | ૨૧૪૮૨ | ૧૬.૫૨ | ૩૧૮૦ | ૨૧ |
| ૨૬. | ત્રિપુરા | ૧૦૪૮૬ | ૩૪૬૩ | ૩૬૦૨ | ૭૦૬૫ | ૬૭.૩૮ | ૪૪ | ૮ |
| ૨૭. | ઉત્તરપ્રદેશ | ૨૪૦૯૨૮ | ૮૯૬૫ | ૪૭૮૧ | ૧૩૭૪૬ | ૫.૭૧ | ૬૭૮ | ૩૧ |
| ૨૮. | ઉત્તરાંચલ | ૫૩૪૮૩ | ૧૯૦૨૩ | ૪૯૧૫ | ૨૩૯૩૮ | ૪૪.૭૬ | ૫૯૮ | ૧૧ |
| ૨૯. | પશ્ચિમ બંગાળ | ૮૮૭૫૨ | ૬૩૪૬ | ૪૩૪૭ | ૧૦૬૯૩ | ૧૨.૦૫ | ૧૪૯ | ૨૪ |
| ૩૦. | આંદામાન અને નિકોબાર | ૮૨૪૯ | ૬૫૯૩ | ૩૩૭ | ૬૯૩૦ | ૮૪.૦૧ | ૦ | ૨ |
| ૩૧. | ચંદીગઢ | ૧૧૪ | ૫ | ૪ | ૯ | ૭.૫૧ | ૦ | ૨૭ |
| ૩૨. | દાદરા અને નગર હવેલી | ૪૯૧ | ૧૫૧ | ૬૮ | ૨૧૯ | ૪૪.૬૦ | ૦ | ૧૨ |
| ૩૩. | દમણ અને દીવ | ૧૧૨ | ૨ | ૪ | ૬ | ૫.૫૩ | ૦ | ૩૨ |
| ૩૪. | લક્ષદ્વીપ | ૩૨ | ૨૭ | ૦ | ૨૭ | ૮૫.૯૧ | ૦ | ૧ |
| ૩૫. | પાંડીચેરી | ૪૮૦ | ૩૫ | ૧ | ૩૬ | ૭.૪૫ | ૦ | ૨૯ |
| | કુલ | ૩૨૮૭૨૬૩ | ૪૧૬૮૦૯ | ૨૫૮૭૨૯ | ૬૭૫૫૩૮ | ૨૦.૫૫ | ૪૭૩૧૮ | |

**સંદર્ભ :** ધ સ્ટેટ ઑફ ફોરેસ્ટ રિપોર્ટ, ફોરેસ્ટ સર્વે ઑફ ઈન્ડિયા, દહેરાદૂન

## કોઠા નં.૭

### ખેડાણલાયક અને બિનખેડાણ વન વિસ્તાર

| ક્રમ | વિસ્તાર | ભારત (ચો.કિ.મી.) | ગુજરાત (ચો.કિ.મી) |
|---|---|---|---|
| ૧. | કુલ ભૌગોલિક વિસ્તાર | ૩૨૮૭૨૬૩ | ૧૯૬૦૨૨ |
| ૨. | નોંધાયેલ વન વિસ્તાર | ૭૬૮૪૩૭ | ૧૮૯૯૯ |
| ૩. | બિનખેડાણ બિન વન વિસ્તાર | | |
| | અ. વેટલેન્ડ અને જળ સ્ત્રોતો | ૨૨૧૩૪ | ૧૫૬૭ |
| | બ. નદી અને નદીના પટ્ટ | ૧૩૩૬૨ | ૬૦૬ |
| | ક. ઠંડા રણ અને બરફ આચ્છાદિત પ્રદેશ | ૧૩૩૦૪૯ | ૦ |
| | ડ. નોંધાયેલ વન વિસ્તારની બહાર અને હેકટર કરતાં વધારે વન આચ્છાદિત વિસ્તાર | ૧૦૪૮૫૦ | ૧૯૩૬ |
| ૪. | ખેડાણલાયક બિન વન વિસ્તાર (૧ - (૨ + અ + બ + ક + ડ) | ૨૨૪૫૪૩૧ | ૧૭૨૯૧૪ |

સંદર્ભ : ધ સ્ટેટ ઑફ ફોરેસ્ટ રિપોર્ટ, ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયા, દહેરાદૂન

## કોઠા નં.૮

### ભારતમાં રાજય પ્રમાણે વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર

| ક્રમ | રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશ | ભૌગોલિક વિસ્તાર (ચો.કિ.મી.) | વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | કુલ વિસ્તાર (ચો.કિ.મી.) | ભૌગોલિક વિસ્તાર સામે ટકાવારી (ટકા) | દેશના કુલ વિસ્તારમાં રાજયનો ફાળો (ટકા) | માથાદીઠ વિસ્તાર (હેકટર) |
| ૧. | આંધ્રપ્રદેશ | ૨૭૫૦૬૯ | ૫૩૬૪૮ | ૧૯.૫ | ૭.૧ | ૦.૦૭ |
| ૨. | અરૂણાચલ પ્રદેશ | ૮૩૭૪૩ | ૬૮૫૨૩ | ૮૧.૮ | ૯.૧ | ૬.૨૮ |
| ૩. | આસામ | ૭૮૪૩૮ | ૨૯૬૫૬ | ૩૭.૮ | ૯.૧ | ૬.૨૮ |
| ૪. | બિહાર | ૯૪૧૬૩ | ૯૪૧૩ | ૧૦.૦ | ૧.૨ | ૦.૦૧ |
| ૫. | છત્તીસગઢ | ૧૩૫૧૯૧ | ૫૯૯૮૩ | ૪૪.૪ | ૭.૯ | ૦.૨૯ |
| ૬. | દિલ્હી | ૧૪૮૩ | ૧૫૧ | ૧૦.૨ | ૦.૦૨ | ૦.૦૦ |
| ૭. | ગોવા | ૩૭૦૨ | ૨૧૫૭ | ૫૮.૨ | ૦.૩ | ૦.૧૬ |
| ૮. | ગુજરાત | ૧૯૬૦૨૨ | ૧૯૧૮૮ | ૯.૮ | ૨.૫ | ૦.૦૪ |
| ૯. | હરિયાણા | ૪૪૨૧૨ | ૩૨૮૦ | ૭.૪ | ૦.૪ | ૦.૦૨ |

કોઠો નં.૮ (ચાલુ)

| ક્રમ | રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશ | ભૌગોલિક વિસ્તાર (ચો.કિ.મી.) | વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તાર | | | |
|---|---|---|---|---|---|---|
| | | | કુલ વિસ્તાર (ચો.કિ.મી.) | ભૌગોલિક વિસ્તાર સામે ટકા-વારી (ટકા) | દેશના કુલ વિસ્તારમાં રાજ્યનો ફાળો(ટકા) | માથાદીઠ વિસ્તાર (હેક્ટર) |
| ૧૦. | હિમાચલ પ્રદેશ | ૫૫૬૭૩ | ૧૪૭૫૭ | ૨૬.૫ | ૧.૯ | ૦.૨૪ |
| ૧૧. | જમ્મુ અને કાશ્મીર | ૨૨૨૨૩૬ | ૨૩૪૫૪ | ૧૦.૬ | ૩.૧ | ૦.૨૩ |
| ૧૨. | ઝારખંડ | ૭૯૭૧૪ | ૨૫૩૩૧ | ૩૧.૮ | ૩.૩ | ૦.૦૯ |
| ૧૩. | કર્ણાટક | ૧૯૧૭૯૧ | ૪૪૪૩૭ | ૨૩.૨ | ૫.૯ | ૦.૦૮ |
| ૧૪. | કેરાલા | ૩૮૮૬૩ | ૧૬૭૦૬ | ૪૩.૦ | ૨.૨ | ૦.૦૫ |
| ક્રમ | ગૌણવન પેદાશનું નામ | એકત્રીકરણ વર્ષ | એકત્ર થયેલ જથ્થો | એકત્રીકરણ ખર્ચ | વેચાણથી ઉપજેલ રકમ | અન્ય આવક | કુલ આવક | વહીવટી ખર્ચ | ખર્ચ બાદ થતાં થયેલ આવક | વર્ગીકરણ માટેની ૧૫ ટકા લેખે થતી રકમ | સંચયકારોમાં કલ્યાણ અર્થે થતી ૧૫ ટકા રકમ | ગ્રા.પ.ને પાયાની સુવિધા માટેની ૬૦ ટકાની રકમ | વિકાસ કમિશ્નરશ્રીના હવાલે જમા કરવાની થતી ૧૦ ટકા રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા |
| ૧. | ટીમરૂપાન (હરાજી વેચાણ થયેલ યુનિટ) ટીમરૂપાન ખાતાકીય યુનિટ | ૨૦૦૦ ની સિઝન " | ૪૫૦૦૦ (સ્ટાન્ડર્ડ બોરા) | ૦ | ૧૫૩૧૨૦૦૫ | ૨૯૬૮૬૨૬ | ૧૮૨૮૦૯૩૧ | ૧૪૧૬૭૯૯.૦૦ | ૧૬૮૬૪૧૩૨.૦૦ | ૨૫૨૯૬૧૯.૯૦ | ૨૫૨૯૧૯.૯૦ | ૧૦૧૧૮૪૭૯.૬૨ | ૧૬૮૬૮૧૩.૨૮ |
| ૨. | મહુડાફુલ | " | ૨૮૦ (ક્વિન્ટલ) | ૧૪૦૬૨૩.૭૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩. | મહુડા ડોળી | " | ૧૬૦.૮૮ (ક્વિન્ટલ) | ૧૧૫૨૨૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪. | ગુંદરો | " | ૨૪.૭૨ (ક્વિન્ટલ) | ૫૯૦૯૬.૦૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | કુલ | ૩૧૪૯૪૪.૭૦ | ૧૫૩૧૨૦૦૫ | ૨૯૬૮૬૨૬ | ૧૮૨૮૦૯૩૧ | ૧૪૧૬૭૯૯.૦૦ | ૧૬૮૬૪૧૩૨.૦૦ | ૨૫૨૯૬૧૯.૯૦ | ૨૫૨૯૧૯.૯૦ | ૧૦૧૧૮૪૭૯.૬૨ | ૧૬૮૬૪૧૩.૨૮ |

રીમાર્કસ :

૧. વર્ષ ૧૯૯૯ની સિઝન દરમ્યાન વન વિકાસ વિભાગ દ્વારા જંગલ પેદાશ એકત્રિકરણની કામગીરી કરેલ હતી જેની આવકનાં (નફાનાં) રૂા.૨૮૦૦૦૦૦/- (અંકે રૂપિયા અઠ્ઠાવીસ લાખ) સને ૨૦૦૦ના વર્ષના હિસાબોમાં જમા લીધેલ છે.

૨. ગ્રામ પંચાયતોને પાયાની સુવિધા માટેની ૬૦% ટકા રકમ લેખે રૂા. ૧૦૦૮૨૬૨૪.૦૦ તા. ૧૭-૨-૨૦૦૩ના રોજ ચેકો મારફતે જે તે ગ્રામપંચાયતને ફાળવી આપવામાં આવેલ છે.

## કોઠા નં.૪.૯ (ચાલુ)

### ગૌણ વન પેદાશની ૬૦ ટકા ગ્રામપંચાયતોનું વહેંચણી કરવાપાત્ર રકમની વિગત

જિલ્લા પંચાયતનું નામ : સાબરકાંઠા, હિંમતનગર

| વર્ષ | ચોખ્ખી આવકની વિગત | ચોખ્ખી આવક પૈકી ૬૦ ટકા રકમ ગ્રામ પંચાયતોને સુવિધામાંથી રકમ | ૬૦ ટકા ગ્રામ પંચાયતોને સુવિધા માટે (ખરેખર) વહેંચણી થયેલ રકમ | ગ્રામ પંચાયતોને હજુ વહેંચણી કરવાની બાકી રહેતી રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૦૦૧ ની સીઝન | ૧૬૮૬૪૭૩૨.૦૦ | ૧૦૧૧૮૪૭૯.૬૨ | ૧૦૦૮૨૬૨૪.૪૦ | ૩૫૮૫૫.૨૨ |

## કોઠા નં.૪.૯ (ચાલુ)

### ગૌણવન પેદાશની આવક જાવક દર્શાવતું પત્રક

જિલ્લા નું નામ : સાબરકાંઠા

| ક્રમ | ગૌણવન પેદાશનું નામ | એકત્રીકરણ વર્ષ | એકત્ર થયેલ જથ્થો | એકત્રીકરણ ખર્ચ | વેચાણથી ઉપેજેલ રકમ | અન્ય આવક | કુલ આવક | વહીવટી ખર્ચ | ખર્ચ બાદ થતાં થયેલ આવક | વર્ગીકરણ માટેની ૧૫ ટકા લેખે થતી રકમ | સંચયકારોમાં કલ્યાણ અર્થે થતી ૧૫ ટકા રકમ | ગ્રા.પ.ને પાયાની સુવિધા માટેની ૬૦ ટકાની રકમ | વિકાસ કમિશ્નરશ્રીના હવાલે જમા કરવાની થતી ૧૦ ટકા રકમ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા | રૂા. પૈસા |
| ૧. | ટીમરૂપાન (હરાજી વેચાણ થયેલ યુનિટ) | ૨૦૦૧ ની સિઝન | ૨૪૨૪૦.૧૦૦ (સ્ટાન્ડર્ડ બોરા) | ૦ | ૧૩૬૫૮૬૫૪ | ૨૨૨૬૧૨૭ | ૧૬૪૫૨૪૮૫ | ૨૧૫૦૨૦૪.૨૬ | ૧૪૩૦૨૨૮૦.૭૪ | ૨૧૪૫૩૪૨.૧૦ | ૨૧૪૫૩૫૨.૧૦ | ૮૫૮૧૩૬૮.૪૪ | ૧૪૩૦૨૨૮.૧૦ |
| | ટીમરૂપાન ખાતાકીય યુનિટ | " | ૧૮૧૪.૧૦૦ (સ્ટાન્ડર્ડ બોરા) | ૮૭૭૨૬૫૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨. | મહુડાફુલ | " | ૨૪૭ (ક્વિન્ટલ) | ૦ | ૩૨૪૯૦૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩. | મહુડા ડોળી | " | ૧૪૫.૪૦ (ક્વિન્ટલ) | ૦ | ૧૭૪૧૭૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪. | ગુંદરો | " | ૧૪૯.૨૦ (ક્વિન્ટલ) | ૧૫૭૬.૨૪ | ૬૮૬૨૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | કુલ | ૮૯૩૦૨૭૪ | ૧૪૨૨૬૩૨૮ | ૨૨૨૬૧૨૭ | ૧૬૪૫૨૪૮૫ | ૨૧૫૦૨૦૪.૨૬ | ૧૪૩૦૨૨૮૦.૭૪ | ૨૧૪૫૩૪૨.૧૦ | ૨૧૪૫૩૫૨.૧૦ | ૮૫૮૧૩૬૮.૪૪ | ૧૪૩૦૨૨૮.૧૦ |

રીમાર્કસ : ૨. ગ્રામ પંચાયતોને પાયાની સુવિધા માટેની ૬૦% ટકા રકમ લેખે રૂા.૮૧૦૧૬૮૦.૯૩ તા.૨૭-૨-૨૦૦૩ના રોજ ચેકો મારફતે જે તે ગ્રામપંચાયતને ફાળવી આપવામાં આવેલ છે.

## ગૌણ વન પેદાશ એકત્રીકરણ અંગે અપનાવેલ પધ્ધતિ :

ભારત સરકારના ખેતીવાડી રાષ્ટ્રીય કૃષિપંચની વનપેદાશ અંગેના ૧૯૭૩ના અહેવાલની ભલામણ મુજબ વનક્ષેત્રે ઝડપભેર પ્રગતિ સ્થાપવા દરેક રાજ્યોમાં વન નિગમોની સ્થાપના કરવામાં આવી. જેનો આશય વન અંગેની વિકાસની પ્રવૃત્તિમાં ધરખમ વધારો કરવાનો હતો. વન ખાતા સાથે કેડીરૂપ રહી વનખાતાની પ્રવૃત્તિઓથી જુદા પ્રકારની પ્રવૃત્તિઓ હાથ પર લેવાની દરખાસ્ત હતી. ગુજરાતમાં વન નિગમની સ્થાપના તા. ૨૦-૮-૧૯૭૬થી કંપની ધારા હેઠળ કરવામાં આવી જેના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબનાં હતાં.

ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ નીચે મુજબની બે પ્રકારની ગૌણવન પેદાશો એકત્ર કરાવે છે.

૧. **રાષ્ટ્રીયકૃત ગૌણવન પેદાશો :**

જેવી કે ટીમરૂપાન, મહુડાફુલ મહુડાડોળી (ડોળી) અને દરેક પ્રકારનાં ગુંદર જેવા કે કડાયા, ધાવડા, બાવળ, ખેર, સલાઈ, ગુગળ, ગાંડા બાવળ વિગેરે કે જેનું નિયમન ગુજરાત ગૌણવન પેદાશ વ્યાપાર અધિનિયમ-૧૯૭૯ મુજબ થાય છે.

૨. બિનરાષ્ટ્રીયકૃત પેદાશો :

અહેવાલમાં લીસ્ટ સામેલ છે જેનું નિયમન ભારતીય વન અધિનિયમ-૧૯૨૭ મુજબ થાય છે. રાષ્ટ્રીયકૃત પેદાશમાં ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડની મુખ્ય ગૌણવન પેદાશ ટીમરૂપાન છે. ટીમરૂપાન એકત્રીકરણ માટે ટીમરૂ એકમોની રચના કરવામાં આવેલ છે જેનો હવાલો પ્રોજેકટ સુપરવાઈઝર કે આસી.પ્રોજેકટ સુપરવાઈઝર પાસે હોય છે. અમુક ટીમરૂ એકમો ભેગા કરી એક સબ પ્રોજેકટ બનાવવામાં આવેલ છે. જેનો હવાલો સબ ડીવીઝનલ મેનેજર પાસે હોય છે. અમુક સબ પ્રોજેકટ ભેગા કરી પ્રોજેકટ ડીવીઝન બનાવવામાં આવેલ છે, જેનો હવાલો ડીવીઝનલ મેનેજર સંભાળે છે. નિગમની શરૂઆતમાં આવા ટીમરૂ એકમોમાંથી ટીમરૂપાન એકત્રીકરણ કરવા માટે એક ખરીદદારની નિમણુંક કરવામાં આવતી અને એકત્રીકરણ કરવા માટે એક એજન્ટની નિમણુંક કરવામાં આવતી હતી જે તે યુનિટનાં ખરીદદારની નિમણુંક એક સ્ટાન્ડર્ડ બોરાના જે ખરીદદાર ટેન્ડર/જાહેર હરાજી કે વાટાઘાટોમાં સૌથી વધુ ભાવો આપતા તેઓની નિમણુંક જે તે યુનિટમાં (એકમનાં) ખરીદદાર તરીકેની નિમણુંક કરવામાં આવતી હતી. નિગમ દ્વારા આવા એકમોમાં ટીમરૂપાન એકત્રીકરણ કરવા માટે એક એજન્ટની નિમણુંક કરવામાં આવતી હતી અને તેમનેં એકત્ર કરેલ સ્ટાન્ડર્ડ બોરા પુડા ઉપર કમીશન આપવામાં આવતું હતું. એજન્ટ જો એકમનાં નિર્ધારિત લક્ષ્યાંક કરતાં ઓછું એકત્રીકરણ કરે તો તેમની પાસે ઓછા એકત્રીકરણ માટે નુકશાની વળતર વસુલ કરવામાં આવતું.

આ પધ્ધતિમાં એજન્ટ જે જથ્થો જે તે દિવસે એકત્ર કરે તેના બીજા દિવસે ખરીદદારને હસ્તાંતરણ દ્વારા સોંપવામાં આવતો હતો. ત્યારપછી આ હસ્તાંતરણ થયે ટીમરૂ જથ્થાની સઘળી જવાબદારી ખરીદદારની રહેતી. યુનિટ (એકમમાં) જેટલા સ્ટાન્ડર્ડ બોરા પુડા એકત્ર થયા તે મુજબની

માટેની કિંમતે ઘટાડો થાય છે. આ માટે પ્રાથમિક સંચયકારોને સમજ આપવા શિબિર યોજી સમજાવવા જોઈએ તથા એકત્રીકરણ વખતે સાથે રહી સમજ આપવી અત્યંત આવશ્યક છે.

**ટીમરૂપાન સુકવવાની રીત :**

ટીમરૂપાનના એક પુડામાં ૫૦ પાન સરેરાશ હોવા જોઈએ. જો પુડામાં પાનની સંખ્યા ૪૫ થી ૫૫ સુધીની હોય તોજ સરેરાશ ૫૦ પાનની આવશે. ટીમરૂપાનના પુડા બાંધતી વખતે ૨૫ પાનના ડીટ એક દિશામાં અને બીજા ૨૫ પાનના ડીટ એની વિરૂધ્ધ દિશામાં એકબીજાની ઉલટી દિશામાં ગોઠવી તેના ઉપર બંધ બાંધવો જોઈએ. બંધ ઢીલુ અથવા બહુ કસીને ન બાંધવું જોઈએ. આ પુડાઓ પૂર્વ અને પશ્ચિમ દિશામાં એક લાઈનમાં ૧૦ એવી ૨૦ લાઈનોમાં ગોઠવવામાં આવે છે અને આવી રીતે ગોઠવેલ ૨૦૦ પુડાઓને ચોકડી કહેવામાં આવે છે. આવી ચોકડીઓ એકબીજાથી ૧/૨ મીટરના અંતરે ગોઠવવી જોઈએ. પુડાઓને ત્રણથી ચાર દિવસ સુકાયા બાદ પડાઓને ફેરવી બીજી બાજુ સુકવવામાં આવે છે. પાનના પુડાના ડીટની દિશાઓ બદલી પાન બીજી બાજુ સુકવવામાં આવે છે. જેથી સવાર સાંજના સૂર્યપ્રકાશનો તાપ બન્ને બાજુના ડીટને સરખી રીતે મળી રહે છે. પાનના પુડા સુકવવા માટે ફેરવતી વખતે સ્થળ પણ ફેરવવું જોઈએ કે જેથી જમીન પર રહેલો ભેજ અને ઉધઈ વિગેરેથી પુડાને નુકશાન ન થાય પુડાના ઉપરના પાન સુકાઈને તાંબા કલરના થાય ત્યારે પાન યોગ્ય રીતે સુકાઈ ગયા ગણાય. ઉષ્ણતામાનમાં થતાં વધઘટના કારણે પુડા સુકવવામાં એક થી બે દિવસ વધુ અગર ઓછા લાગે છે. સ્થળ ઉપર પુડા તપાસી ત્યારબાદ જ સુકવવા માટેના દિવસો નક્કી કરવા પડે છે.

**પાન સુકાયા બાદ બેગમાં ભરવાની રીત :**

ચોકડીમાં પથરાયેલ પુડાઓ સુકાયા બાદ ૮૦૦ થી ૧૦૦૦ ની સંખ્યામાં ઢગલા કરવામાં આવે છે. આ ઢગલા ઉપર જરૂરિયાત પ્રમાણે ૨ થી ૩ ઘડા જેટલું પાણી સૂર્યાસ્ત બાદ છાંટવામાં આવે છે. હવામાન અને પાણીના કારણે પાન નરમ થઈ ગયા બાદ તેમાંથી પાણી ઝાટકી કાઢીને પડાઓ બોરામાં ભરવામાં આવે છે. મોટાભાગે બોરા ભરવા માટે હેસીયન કલોથના બોરાનું માપ ૧૪૫ સે.મી. ૧૦૦ સે.મી.ની સાઈઝના વાપરવામાં આવે છે. બોરામાં પાન ભર્યા બાદ તેનું મોઢું સીવી દઈ બોરા સુકવવા માટે બહારજ સૂર્ય પ્રકાશમાં રાખવામાં આવે છે. દિવસમાં બે ત્રણ વખત આ બોરા ફેરવવાથી બધી બાજુએથી સૂર્યપ્રકાશ મળવાથી અંદરના પાનમાંનો ભેજ ઉડીજાય છે, અને સુકાઈ જાય છે. બોરીની એક બાજુ ખુલ્લી કરી અંદરના પડા બહાર કાઢી ભેજ નીકળી ગયો છે કે નહીં તેની ખાત્રી કરવાની હોય છે. ભેજવાળા પડાથી ભરેલ બોરા ઉપરથી નીચે પાડવામાં આવે તો "ધબ" અવાજ આવશે જયારે બધા પડા સુકાઈ ગયા હોય તો "સર" અવાજ આવશે. ત્યારબાદ સુકાઈ ગયેલા બોરા ગોડાઉનમાં વાહતુક કરી ગોડાઉનમાં સંગ્રહ કરવામાં આવે છે. ગોડાઉનમાં સંગ્રહ કરતી વખતે બોરા નીચે ભોંયળીયે લાકડાના કેકટસ મુકવામાં આવે છે અને બાજુની દિવાલોથી બોરાની ગોઠવણી થોડી દૂર રાખવી જોઈએ જેથી ચોમાસા દરમ્યાન દિવાલના ભેજથી ટીમરૂપાનને નુકશાન ન થાય.

ખરીદ કિંમત ખરીદદાર નિગમને ભરપાઈ કર્યા બાદ ખરીદદારનાં ગોડાઉન સુધી વાહતુક કરવાની પરમીટ આપવામાં આવતી. આ રીતે ખરીદદાર ટીમરૂપાનનાં માલિક બનતાં.

સને ૧૯૮૯થી આવા ટીમરૂ એકમોનું વેચાણ યુનિટ (એકમ)માં એકત્ર થનાર અંદાજીત સ્ટાન્ડર્ડ બોરાનો લક્ષ્યાંક નક્કી કરી આ યુનિટમાં (એકમ)નું ઉચ્ચક ધોરણ ટેન્ડર જાહેર હરાજી કે વાટાઘાટો દ્વારા વેચાણ કરવામાં આવે છે. આ એકમમાં જે ખરીદદાર સૌથી વધુ એકમોનો ભાવ આપે તેઓને તે યુનિટનાં ખરીદદાર તરીકે નિયુક્ત કરવામાં આવે છે. એકમમાં જેટલા સ્ટાન્ડર્ડ બોરા વધુ કે ઓછા એકત્ર થાય તે તેમની માલિકીનાં બને.

આ એકત્રીકરણ માટે ગુજરાત સરકાર વર્ષની શરૂઆતમાં જાહેરનામું બહાર પાડી રાષ્ટ્રીયકૃત ગૌણવન પેદાશનાં એકત્રીકરણ દરો નક્કી કરતી હોય છે. નિગમ આ નક્કી થયેલ એકત્રીકરણ દરોની બહોળી પ્રસિધ્ધિ છાપાઓમાં, પત્રિકાઓ દ્વારા કરતી હોય છે.

એકમમાં ટીમરૂપાન એકત્ર કરવાનાં કેન્દ્રને "ફડ" કહેવામાં આવે છે. ટીમરૂપાન એકત્ર કરવાની સીઝન ૧૦ થી ૧૫ એપ્રિલનાં અરસામાં શરૂ થાય છે અને સીઝન લગભગ ચાર થી પાંચ અઠવાડીયા સુધી ચાલે છે. દક્ષિણ ગજરાતમાં આ સીઝન ચાર થી પાંચ દિવસ વહેલી ચાલું થાય છે અને ઉત્તર ગુજરાતમાં ચાર થી પાંચ દિવસ મોડી શરૂ થાય છે. ટીમરૂપાનનો રંગ લાલશ પડતો લીલો રંગ થાય ત્યારે ટીમરૂપાન પાકુ થયું તેમ ગણાય છે. આછા લીલા રંગના પાન કાચા હોય છે અને ગાઢા લીલા રંગના પાન વધુ પાકટ હોય છે. જેથી ટીમરૂપાન એકત્ર કરતી વખતે આછા લીલા અગર તો ગાઢા લીલા રંગના પાન એકત્ર કરવા જોઈએ નહીં વધુ પાકટ પાનની બીડીઓ વાળતી વખતે પાન તૂટી જાય છે અને કાચા પાન સુકાઈ ગયા બાદ ચુરો થઈ જાય છે. ટીમરૂપાન એકત્ર કરવા યોગ્ય થયા બાદ તેનાં ઉપરની રૂવાટી નીકળી જાય છે અને સુવાળા થાય છે. એક ટીમરૂ પાનમાંથી ઓછામાં ઓછી ત્રણ બીડી બનવી જોઈએ. ૧૨ થી ૧૫ સે.મી. લાંબા અને ૯ થી ૧૦ સે.મી. પહોળા પાન સાઈઝમાં સારા પાન ગણાય છે. ટીમરૂ પાનમાં નીચે મજબની ખામીઓ હોય છે આવા પાન પુડામાં ન બંધાય તેની કાળજી લેવી જોઈએ.

૧. કીડાથી નુકશાન પામેલાં
૨. માથાવાળા પાન
૩. ટીપકીવાળા પાન
૪. ઢોરથી નુકશાન કરવામાં આવેલ પાન
૫. સાઈઝમાં બહુ નાના અને બહુ જ મોટા પાન
૬. તદન કુમળા લાલ રંગવાળા અગર બહુ પાકા પાન

ખામીવાળા ટીમરૂપાન પુડામાં ન આવે તેની ખાસ કાળજી રાખવી જોઈએ. એકત્ર કરવામાં આવેલ ટીમરૂપાનના જથ્થામાં બહુ નાના પ્રમાણમાં આવા ખામીવાળા પાન હોવા છતાં આખા જથ્થા

**મહુડાફુલ :**

મહુડાના વૃક્ષ ઉપર જાન્યુઆરી અને ફેબ્રુઆરી મહિનામાં ફુલ આવે છે. આ ફુલ માર્ચ અને એપ્રિલ મહિનામાં નીચે પડે છે. સ્થાનિક લોકો મહુડાફુલ પડવાના ચાલુ થાય તે પહેલાં મહુડાના વૃક્ષોની નીચેની જમીન વાળી સાફ કરી રાખે છે જયારે મહુડાફુલ જમીન ઉપર પડે ત્યારે તેને એકત્ર કરી લે છે. મહુડાફુલ એકત્ર કરનાર સવારના વહેલા ઉઠી મહુડાફુલ વૃક્ષ નીચે પહોંચી જાય છે અને ૧૦.૦૦ થી ૧૧.૦૦ વાગ્યા સુધી જે મહુડાફુલ પડે તે એકત્ર કરી ઘરે લઈ આવે છે. આ મહુડાફુલ સાફ કરેલ જમીન ઉપર અને છાપરા ઉપર બે થી ત્રણ દિવસ સુધી સુકવવામાં આવે છે અને ત્યારબાદ તે વેચવા માટે લઈ જવાય છે. અમુક વિસ્તારમાં વૃક્ષો નીચે જમીન સાફ કરી, વૃક્ષ નીચે ફુલ સુકવવા માટે રહેવા દેવામાં આવે છે. એટલે ફુલ જયાં પડે તે સ્થળે સુકાયા બાદ તે એકત્ર કરવામાં આવે છે. આ પ્રકારના મહુડાફુલોને "ગાડાના મહુડા" અથવા "ઘેટાના મહુડા" કહેવામાં આવે. સ્થાનિક લોકો એકત્ર કરવામાં આવેલ મહુડાફુલ પોતાના ઉપયોગ માટે રાખી બાકીના વેચી દે છે.

નિગમ સ્થાનિક દુકાનદારોને એજન્ટ તરીકે નિમણુંક આપી નક્કી કરેલ ભાવે મહુડાફુલ ખરીદાવે છે તેઓ નિગમના ગોડાઉન ઉપર વાહતુક કરી કબજો નિગમને સોંપે છે. એજન્ટને એજન્ટ નિમણુંકની શરતો મુજબ કમીશન તથા વાહતુકના નક્કી કરેલ દરોએ ચૂકવણું કરવામાં આવે છે. જો એજન્ટ એજન્ટ નિમણુંકની શરતોનો ભંગ કરે તો શરતોની જોગવાઈ મુજબ તેમની સામે કાર્યવાહી કરવામાં આવે છે.

ગોડાઉનમાં સંગ્રહ કરતી વખતે મહુડાફુલની ઉંચાઈ ગોડાઉનમાં ચાર ફુટથી વધુ વધવી ના જોઈએ તેની કાળજી લેવી જોઈએ.

**ડોળી :**

મહુડા ફળને ગુજરાતીમાં ડોળી કહેવામાં આવે છે. ડોળી જુન-જુલાઈ મહિનામાં આવે છે. પરિપકવ થયેલ ડોળી મહુડાના વૃક્ષ ઉપરથી આપોઆપ ખરી પડે છે. ખરી પડેલ ડોળીના ફળ ઉપરનું કડક કવચ કાઢી નાખી તેમાંના બીજમાંથી ડોળી કાઢવામાં આવે છે. આ ડોળીમાંથી ડોળીયુંતેલ નીકળે છે. જેનો ઉપયોગ ખાવામાં તથા સાબુ બનાવવા માટે વપરાય છે.

ડોળી એકત્ર કરતી વખતે ઝાડ ઉપરથી પડેલ ફળજ એકત્ર કરવામાં આવે તે જોવું ઘણું અગત્યનું છે. આવી ઝાડ ઉપરથી પડેલ અને પાડેલ ડોળીનો રંગ સોનેરી હોય છે. ઘણા લોકો ઝાડ ઉપરથી સીધાજ અપરિપકવ ડોળીના ફળ તેઓના પરંપરાગત સાધનોનો ઉપયોગ કરી તોડી પાડતા હોય છે. આવી રીતે એકત્ર કરેલ ડોળીમાં તેલનું પ્રમાણ ઓછું હોય છે. જેથી આ રીતે ડોળી એકત્ર કરવી જોઈએ નહી. ડોળી એકત્ર કર્યા બાદ ૫ થી ૬ દિવસ સુધી તાપમાં સુકવવામાં આવે છે. સુકાયેલ ડોળીમાં ૮ થી ૧૦% ભેજનું પ્રમાણ હોય છે. આના કરતાં ભેજનું પ્રમાણ વધારે હોય તો સંગ્રહ દરમ્યાન ડોળી કાળી પડી તેમાંથી તેલનું પ્રમાણ ઘટી જાય છે.

**ગુંદરો :**

કડાયાના વૃક્ષો કે જેની ઘેરાઈ ૨૫ થી ૩૦ સે.મી. જેટલી થયેલ હોય તેવા વૃક્ષો પર ૧૦ થી ૧૫ સે.મી. અને ૦" સે.મી. ઉંડો ઘા કરી તેમાંથી ઝેરલ ગુંદર એકત્ર કરવામાં આવે છે. દર ૧૫ દિવસે આ ઘા ૧ સે.મી. જેટલો ફરી કોતરી કાઢવામાં આવે છે. જેથી વધારે ગુંદર ગરી શકે.

સલાઈના વૃક્ષ માટે ૧૫ થી ૧૦ સે.મી. આડો ઘા કરવામાં આવે છે અને તેમાંથી ઝરેલ ગુંદર એકત્ર કરવામાં આવે છે. એક વર્ષમાં જે ઘા કરવામાં આવે તેની સામેની બાજુ બીજા વર્ષે ઘા કરવામાં આવે છે. જેથી પહેલાં વર્ષે કરેલ ઘા બીજા વર્ષ દરમ્યાન પુરાઈ શકે. આ પ્રમાણે વૃક્ષના થડના ત્રણ ભાગ પાડી દરેક ભાગમાં ઘા કરી ગુંદર એકત્ર કરવામાં આવે છે.આ પ્રમાણે ત્રણ વર્ષ બાદ ચોથા, પાંચમા અને છઠ્ઠા વર્ષ પહેલાં ત્રણ વર્ષે દરમ્યાન કરવામાં આવેલ ઘાના વચ્ચે ઘા કરવા, જેથી સાતમા વર્ષે જે જગ્યા એ પહેલા વર્ષ ઘા કરેલ તે જગ્યાએ ફરી ઘા કરવામાં આવે અને તે વિસ્તારને છ વર્ષ સુધી આરામ મળે. આમ શાસ્ત્રીય પધ્ધતિથી ઘા કરી વૃક્ષમાંથી ગુંદર એકત્ર થાય તે જોવાની જરૂર છે. આમ જો ન કરવામાં આવે તો વૃક્ષને વધુ પડતા નુકશાનને લીધે વૃક્ષો મરી જવાની શક્યતા છે.

અન્ય ગુંદરો જેવા કે બાવળગુંદર, ગાંડાબાવળ ગુંદર, મોયનાગુંદર, ગોરડગુંદર, ખાખરગુંદર વિગેરે ગુંદરો કુદરતી રીતે ફુટે તેમાંથી એકત્ર કરવામાં આવે છે.

**ગૌણવન પેદાશો એકત્ર કરવાની પધ્ધતિ :**

આવી ગૌણવન પેદાશો એકત્ર કરાવવા માટે ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ એક વર્ષ માટે જે તે વર્ષે ગૌણવન પેદાશ એકત્ર કરવાની શરતો નક્કી કરી નિગમ વતી ગૌણવન પેદાશ એકત્ર કરવા એજન્ટોની નિમણુંક કરે છે. આ એજન્ટોની નિમણુંકમાં આશ્રમશાળા, સહકારી મંડળી, આદિવાસીઓ અને વનવાસીઓને પ્રાધાન્ય આપવામાં આવે છે અને ૧ % જેટલું કમિશન અન્ય એજન્ટોની સરખામણીમાં વધુ વધારે આપવામાં આવે છે. જે જગ્યાએ અંતરિયાળ ભાગમાં એજન્ટો થવા/બનવા શક્ય ન હોય ત્યાં નિગમ દ્વારા સીધા ખરીદ કેન્દ્રો સ્થાપી એજન્ટોનું ચૂકવવામાં આવતાં કમીશન સાથે પ્રાથમિક સંચયકારને ચૂંકવણું કરવામાં આવે છે. એજન્ટો અને સીધા ખરીદ કેન્દ્રો ઉપર એકત્ર થતી ગૌણવન પેદાશોની નોંધ માટે ફોર્મ નં.૧ નિભાવવાનું હોય છે. જેમાં સંચયકારોના નામ, ગામ, જથ્થો, દર અને ચૂકવેલ રકમ લખી ચૂકવણા બદલની સહી તેજ રજીસ્ટરમાં લેવામાં આવે છે.

હાલમાં પંચાયત વિભાગ તરફથી અનુસુચિત વિસ્તારોમાં રાષ્ટ્રીયકૃત ગૌણવન પેદાશના એકત્રીકરણમાં પ્રાથમિક સંચયકાર કઈ પંચાયતના જંગલ વિસ્તારમાંથી ગૌણવન પેદાશ એકત્ર કરી લાવેલ છે તે જે સંચકાર કહે તે લખવામાં આવે છે. આ રીતે એકત્ર થયેલ ગૌણવન પેદાશ એજન્ટ કે સીધા ખરીદ કેન્દ્ર પરથી ફોર્મ નં.૧ તપાસી નિગમના ગોડાઉન સુધી પાસ/પરમીટ આપી વાહતુક કરવામાં આવે છે અને ત્યાં તેનો તોલમાપ થઈ

ગોડાઉન ઈન્ચાર્જ કબજો લઈ પાવતી આપે છે અને તે પાવતી મુજબના જથ્થાનું ચૂકવણું જે તે ગોડાઉનના સબ ડીવી. મેનેજર કરે છે અને તેઓ તેમની દેખરેખ હેઠળ ગોડાઉનની લેવડદેવડનું કામ કરાવે છે.

**ગૌણવન પેદાશ ક્ષેત્રે આદિવાસીઓનો ફાળો :**

નિગમની સ્થાપના પહેલાં આદિવાસીઓ ગૌણવન પેદાશ એકત્ર કરતા હતા પરંતુ તેઓની એકત્ર કરવાની રીત વૈજ્ઞાનિક ઢબની ન હતી. એકત્રકારો વેપારીઓને વિનિમય પધ્ધતિથી માલનું વેચાણ કરતા હતા જેમકે મહુડાફુલના બદલામાં ડુંગળી, બટાટા, ચોખા અન્ય જીવનજરૂરિયાતની વસ્તુઓ આપતા હતા. ડોળીના બદલામાં મકાઈનો લોટ વિગેરે આપતા હતા. જેમાં વેપારીઓ બંને વસ્તુઓમાંથી નફો મેળવી એકત્રકારોનું શોષણ કરતા હતા તથા ગૌણવન પેદાશ એકત્ર કરી વેચાણ કરવાનું વ્યવસ્થિત માળખું ન હોવાથી પુરા ભાવ આદિવાસીઓને મળતાં ન હતા. વેપારીઓ ઓછા દરથી એકત્રીકારો પાસેથી ગૌણવન પેદાશ ખરીદ કરતા પુરા ભાવ ન મળવાથી આમ આદિવાસીઓનું શોષણ થતું હતું.

નિગમની સ્થાપના ૧૯૭૬માં થઈ તે સમયે ટીમરૂપાનનો ખરીદી ભાવ ૧ સ્ટા.બેગના રૂા.૨૨/-, મહુડાફુલના ૧ ક્વિ.ના રૂા.૭૦.૦૦ અને ડોળીના ૧ ક્વિ.ના રૂા.૧૫૦.૦૦ હતા, જયારે ૨૦૦૩ સીઝનમાં ટીમરૂપાન એકત્રીકરણના ભાવ ૧ સ્ટા.બેગના રૂા.૪૦૦/-, મહુડાફુલ ૧ ક્વિ.ના રૂા.૫૦૦/- અને ડોળીના ૧ ક્વિ.ના રૂા.૬૦૦.૦૦ ચુકવવામાં આવેલ છે. આમ એકત્રીકરણ દરોમાં ઉત્તરોત્તર વધારો કરવામાં આવેલ છે. જે નિગમ તરફથી હાંસલ કરેલ ઉદેશ્યની સફળતા દર્શાવે છે.

વન વિકાસ નિગમની ૧૯૭૬માં સ્થાપના થયા બાદ ગૌણવન પેદાશ એકત્રીકરણ કરી તેનું વેચાણ કરવા માટે સુવ્યવસ્થિત તંત્ર માળખુ બનાવવામાં આવેલ. આ માળખાથી ગૌણવન પેદાશનું એકત્રીકરણ અને વેચાણ તંદુરસ્ત હરિફાઈ વધવાથી નિગમ વખતોવખત એકત્રીકરણ દરોમાં વધારો કરી શક્યું જેનાથી આદિવાસીઓને ગૌણવન પેદાશનું વધુ ને વધુ એકત્રીકરણ કરવા પ્રેરણા મળેલ. નિગમને જેમ આવક વધી તેમ આદિવાસીઓ માટે જુદી જુદી કલ્યાણકારી યોજનાઓ જેવી કે મેડીકલ કેમ્પ, પછેડી વિતરણ, ભાવફેર ચૂકવણી, કોમ્યુનીટીહોલ, કુવાઓ વિગેરે પ્રવૃત્તિનો સીધો લાભ આપવામાં આવેલ છે.

નિગમની સ્થાપના સને ૧૯૭૬માં થઈ, ૨૦૦૨ વર્ષેના નિગમે ૨૬ વર્ષ પુરા કરી ૨૭મા વર્ષમાં પ્રવેશ કર્યો. વન વિકાસ નિગમ તરફથી ગૌણવન પેદાશ એકત્રીકરણની પ્રવૃત્તિ મુખ્ય છે. જે આદિવાસીઓની ઓછી રોજગારીની મોસમમાં જીવનનિર્વાહ માટે રોજગારીની પૂરક તકો પુરી પાડે છે તથા આદિવાસીઓને તથા સમાજના નબળા વર્ગોને શોષણ મુક્ત કરવા માટે ગૌણવન પેદાશના ધંધામાંથી વચેટીયાઓ/વેપારીઓને દુર કરવા માટેનો હેતુ નિગમનાં અન્ય હેતુઓમાંનો એક છે.

વન નિગમે ગૌણવન પેદાશ એકત્રીકરણ તથા વેચાણની પ્રવૃત્તિ સને ૧૯૭૬-૭૭થી શરૂ કરી શરૂઆતના

વર્ષમાં ફક્ત ત્રણ ગૌણવન પેદાશોનું એકત્રીકરણ તથા વેચાણ કરવામાં આવતું હતું જયારે હાલમાં ૪૫ કરતાં વધારે વન પેદાશોનું એકત્રીકરણ અને વેચાણ કરવામાં આવે છે. ટીમરૂપાન, મહુડાફુલ, ડોળી તથા વિવિધ જાતના ગુંદરોનું ગુજરાત ગૌણવન પેદાશ વ્યાપાર રાષ્ટ્રીયકરણ અધિનિયમ ૧૯૭૯ હેઠળ રાષ્ટ્રીયકરણ કરવામાં આવેલું છે જયારે અન્ય ગૌણવન પેદાશોનો વેપાર જો કે મુક્ત છે.

નિગમની સ્થાપના બાદ વિવિધ ક્ષેત્રે ગૌણવન પેદાશોના એકત્રીકરણ માટે નિયત દરો પ્રમાણે ચુકવણું શક્ય બનેલ છે, અને ભલા આદિવાસીઓની વૃધ્ધિમાં વેગ આપેલ છે.

નિગમ દ્વારા ધન્વતરી બ્રાન્ડ હેઠળ આયુર્વેદિક ઔષધિઓનું ઉત્પાદન તથા વેચાણ કરવામાં આવે છે. દિન પ્રતિદિન લોકોની આયુર્વેદિક દવાઓની વધતી જતી માંગ તથા રુચીને કારણે આ પ્રોજેકટમાં તૈયાર થતી ઔષધિઓની માંગ વધતી જાય છે. નિગમ દ્વારા આવી આયુર્વેદિક દવાઓના ઉત્પાદન અને જરૂરી કાચો માલ પણ ગુજરાત રાજયના વિવિધ વિસ્તારોમાંથી આદિવાસીભાઈબહેનો દ્વારા એકત્ર કરવાનું કાર્ય કરવામાં આવે છે. આમ નિગમ દ્વારા ગૌણવન પેદાશોનાં ઉપયોગ કરેલ. આયુર્વેદિક દવાઓ તથા અન્ય ચીજવસ્તુઓ બનાવવા ધન્વતરી પ્રોજેકટની સ્થાપના કરવામાં આવી છે. આ પ્રોજેકટથી ગ્રાહકોને વ્યાજબી ભાવે ઉચ્ચ ગુણવત્તાની આયુર્વેદિક દવાઓ પુરી પાડવા તેમજ ગૌણવન પેદાશોનું એકત્રીકરણ વધારી આદિવાસી વિસ્તારોમાં વધુને વધુ રોજગારી પુરી પાડવાની નેમ છે.

**અ. નિગમની જાણકારી અને પ્રવૃત્તિનો પ્રચાર :**

ઉંડાણના આદિવાસી વિસ્તારોમાં નિગમની અને તેની પ્રવૃત્તિની જાણકારી હજી ઘણાં ઓછા કુટુંબોને છે. વળી જંગલ ગૌણવન પેદાશો એકત્ર કરવાનું કામ ઉંડાણના વિસ્તારના લોકો વિશેષ કરતા હોય છે. વસ્તુઓ પણ વિશેષ પ્રમાણમાં ત્યાં મળે છે. તેમની પાસે નિગમની જાણકારી નહી હોવાથી તેઓ સ્થાનિક વેપારી કે હાટવાડામાં જે ભાવ મળે તે ભાવે વેચતા હોય છે. નિગમ દ્વારા કાયમી ધોરણે નિગમના એજન્ટો કે નિગમના કેન્દ્રો દ્વારા જંગલ પેદાશો ખરીદવામાં આવે છે તેની જાણકારી દરેક ગામે પહોંચવી જોઈએ. જેથી વેપારી તેનું શોષણ કરી શકે નહીં. નિગમ દ્વારા રાષ્ટ્રીયકૃત પેદાશો પુરતા પ્રમાણમાં ખરીદવામાં આવે છે, પરંતુ બિનરાષ્ટ્રીયકૃત પેદાશો પુરતા પ્રમાણમાં ખરીદવામાં આવતી નથી, ત્યારે લોકો તે વસ્તુઓ ખાનગી વેપારીને આપી દેતા હોય છે. આમ દરેક વસ્તુઓ માટે કાયમી કેન્દ્રો અને એજન્ટો દ્વારા એકત્ર કરવામાં આવે તો જ તેમનું વધુ લાભ આપી શકાય.

રાષ્ટ્રીયકૃત પેદાશો જેવી કે, ટીમરૂ પાન, મહુડાફુલ, ડોળી તથા ગુંદરો આ બધાય ટીમરૂપાન માટે જે નેટવર્ક ગોઠવાયું છે તેવું દરેક પેદાશ માટે ગોઠવાવું જોઈએ તો જ સારુ કલેકશન મળે અને આદિવાસીઓને રોજગારી મળે. વન વિકાસ નિગમ દ્વારા દરેક ગામે અથવા નજીકના ગામે પોતાના

એજન્ટ નીમી જે રીતે યોજનાબધ્ધ કામની ગોઠવણી કરે છે તે રીતે નિગમ દ્વારા પણ અન્ય પેદાશો માટે કરવું જોઈએ.

બ. **પ્રોસેસીંગ પ્રવૃત્તિ વધારી શકાય :**

આજકાલ વૈજ્ઞાનિક ઢબે વન પેદાશોમાંથી ઘણી બધી કિંમતી ચીજો તૈયાર કરી શકાય તેમ છે. તેમાં નિગમે ધ્યાન કેન્દ્રિત કરી ટેકનીશયનોની પધ્ધતિ ઘણાં સારાં પરિણામો મેળવી શકાય તેમ છે. દા.ત. મહુડાફુલમાંથી જેલી, ડોળીમાંથી તેલ, સાબુ અને અન્ય પેદાશોમાંથી ધન્વન્તરી પેદાશો બનાવી શકાય તેમ છે. જો કે આ ક્ષેત્રે નિગમ દ્વારા પ્રયત્ન કરે છે, પરંતુ ધારી સફળતા મળી નથી. વાંસદામાં વનિલ ઉદ્યોગ દ્વારા પણ ઉપયોગી વસ્તુઓ બનાવવામાં આવે છે. પડીયા, પતરાળા પણ બનાવવામાં આવે છે પરંતુ તેના ભાવ વધારવામાં આવે તો તેમાં સફળતા મેળવી શકાય તેમ છે. આ ઉપરાંત કેટલીય વન પેદાશો છે જે ઉપયોગી થાય તેમ છે. પરંતુ તેને પ્રોસેસીંગ કરી વાપરવામાં આવે તો તેના ભાવો પણ સારા મળે અને બજાર પણ સુલભ થાય.

ક. **પ્રશિક્ષણ :**

પ્રશિક્ષણનું કાર્ય ઘણુંજ અગત્યનું છે નિગમ દ્વારા ગ્રેડ નક્કી કરવામાં આવ્યા છે પણ જે આદિવાસી જંગલ પેદાશ એકત્રીત કરે છે. તેને તે અંગેનું પધ્ધતિસરનું પ્રશિક્ષણ મળેલ નહીં હોવાથી કાચી પાકી દરેક વસ્તુ એકત્ર કરે છે. આ માટે ખાસ વ્યવસ્થા કરી તેમને માલની ગુણવત્તાનો ખ્યાલ આપી પરિપકવ અને સારી ક્વોલીટીના ભાવો સારા મળે છે. તેવો ખ્યાલ આપવો જોઈએ તે જે વસ્તુ લાવે છે તે ક્યારેક ગુણવત્તાની દ્રષ્ટિએ ઘણીજ નીચી હોય છે. દા.ત. ડોળી, સારી લાલ અને પરિપકવ હોય તેના ભાવ સારા મળે છે. આ માટે તેને ઝાડ ઉપર કુદરતી રીતે પાકે ત્યારે જ ઉતારવી જોઈએ. કાચી ઉતારવાથી તેમાં તેલનુંપ્રમાણ ઘટી જાય છે તથા કાળી પડી જવાથી ગુણવત્તા ઘટી જવાથી સારા ભાવ મળતા નથી. તેવીજ રીતે એકત્ર કરવામાં આવતા ગુંદરોમાં ભેજનું પ્રમાણ વિશેષ હોય છે તથા છોડી, ધૂળ, કાંકરા મિશ્રિત ગુંદર એકત્ર કરવામાં આવે છે. જેથી સારા બજારભાવ મળતા નથી. આમ એકત્ર કરવામાં આવતી વન પેદાશો મહુડા, ડોળી, ગુંદર, આમળા, અરીઠા, બહેડા વિગેરે સારી ગુણવત્તાવાળા, પરિપકવ એકત્ર થાય તો વેચાણમાં મુશ્કેલી પડતી નથી તથા તેના બજારભાવ સારા મળે અને આદિવાસીઓને સારી પોષણક્ષમ એવી રોજી પુરી પાડી શકાય તેમ છે પરંતુ તે માટે એકત્રકારોને પ્રશિક્ષણ આપવાની જરૂરિયાત છે.

બીજી જંગલની ઘણી વસ્તુઓ એવી છે, જે નિગમ દ્વારા ખરીદ કરવામાં આવતી ન હોય તેવી અગત્યની જરૂરિયાત મુજબની વસ્તુ પણ ખરીદવી જોઈએ જેથી તેઓ આ કિંમતી વસ્તુ ખાનગી ધંધાદારી વેપારીઓને ન વેચતાં નિગમને વેચાણ કરે.

**સૂચનો :**

(૧) એજન્ટની નિમણુંક બાબતે નિગમે પહેલેથી ધ્યાન આપ્યું છે તેમ છતાં ઉંડાણવાળા વિસ્તારમાં જે એજન્ટ નિમવામાં આવે છે તેમની પાસે ખરીદેલ પેદાશોના સંગ્રહ માટે પુરતા પ્રમાણમાં સગવડ હોતી નથી. વળી જયારે સીઝન આવે ત્યારે પેદાશોનો જથ્થો વધી જતો હોવાથી તે બધાને પુરતા પ્રમાણમાં પેમેન્ટ ચૂકવી શકતો નથી ત્યારે લોકો ખાનગી વેપારીઓને હટવાડામાં માલ વેચતા હોય છે. નિગમે આ અંગે એજન્ટને જરૂરિયાત પ્રમાણેની લોન આપવી જોઈએ. આ અંગે નિગમે પહેલેથી જ કેટલીક સુવિધાઓ આપી છે. જેમ કે એક ટકો વધારે કમીશન, લોનની સગવડ વગેરે તેમ છતાં જયારે વધારે ઉત્પાદન થાય છે તેવા ઉંડાણના વિસ્તારો માટે યોગ્ય વ્યવસ્થા થાય તો સારુ પરિણામ મેળવી શકાય તેમ છે. આ કામમાં ઉત્સાહી બેકાર આદિવાસી યુવાનોને સાંકળવા જોઈએ. ગુન્હાકામમાં સંડોલવાયેલ એજન્ટોને પુનઃ એજન્ટ તરીકે નિમણુંક આપવી ન જોઈએ.

(૨) ગૌણવન પેદાશના દાણચોરીના કહેવાતા શંકાસ્પદ ઈસમોની યાદી તથા વાહનોની યાદી સંલગ્ન ડીવીઝનોને આપવી જરૂરી છે જેથી ગેરકાયદેસર હેરાફેરી ઉપર નિયંત્રણ રાખી શકાય.

(૩) ટીમરૂપાનએ અગત્યની ગૌણવન પેદાશ છે. હાલની ટીમરૂપાનની એકત્ર કરવાની પધ્ધતિ અયોગ્ય નથી જેના સુધારા માટે ટીમરૂપાન ઝાડ પરથી અને ભોંયડોરી પરથી તોડવાના સમયે જંગલમાં આદિવાસીઓને પધ્ધતિસરના પાન એકત્ર કરવાની સમજ આપવા માટે સ્થાનિક ગામની વ્યક્તિને દિન-૧૫ માટે ઉચ્ચક કહેનતાણું આપી રોકવા જોઈએ.

અંતમાં ગુજરાત રાજય વન વિકાસ નિગમની કામગીરી સરાહનીય ને પ્રશંસાપાત્ર છે. આજ સુધી આદિવાસીઓનું ખાનગી વેપારીઓ દ્વારા જે શોષણ થતું આવ્યું હતું તેમાં ઘણો સુધારો જોઈ શકાય તેમ છે. લોકોમાં જાગૃતિ આવી છે. લોકો આવક વધારવાના તેમજ જંગલ બચાવવાના વિચારો કરતા થયા છે.

આ આવી નાગચુડમાંથી આદિવાસીઓને છોડાવવા માટે નિગમ દ્વારા જે પ્રવૃત્તિ કરવામાં આવે છે ત્યારે તેની સામે ખૂબ મોટા સમુદાયના શોષણની, રાજયની આવશ્યક વન સંપત્તિને બચાવવાની મોટી જવાબદારી આવી પડી છે તે જવાબદારી નિગમ પોતાના કુશળ વહીવટ, કાર્યપધ્ધતિ અને નિષ્ઠાવાન કર્મચારીઓ દ્વારા આ જવાબદારી ઉપાડી લે તો આદિવાસી સમાજ માટે આર્શીવાદરૂપ પ્રવૃત્તિ છે.

આંકડાકીય માહિતી :

| વર્ષ | માનવદિન રોજગારી (લાખમાં) |
|---|---|
| ૧૯૯૪-૯૫ | ૪૨.૪૦ |
| ૧૯૯૫-૯૬ | ૩૮.૭૯ |
| ૧૯૯૬-૯૭ | ૧૬.૫૮ |
| ૧૯૯૭-૯૮ | ૪૧.૫૯ |
| ૧૯૯૮-૯૯ | ૩૩.૪૦ |
| ૧૯૯૯-૨૦૦૦ | ૩૦.૫૫ |
| ૨૦૦૦-૨૦૦૧ | ૬.૩૪ • |
| ૨૦૦૧-૨૦૦૨ | ૨.૬૯ • |
| ૨૦૦૨-૨૦૦૩ | ૩.૬૯ • |
| ૨૦૦૩-૨૦૦૪ | ૧૫.૯૯ |

• ભુરીયા સમિતિના અહેવાલના આધારે ૮૦% કામગીરી પંચાયત વિભાગ પાસે તબદીલ થતાં ૨૦% કામગીરી હાલ વન વિકાસ નિગમ પાસે છે.

ગુજરાતમાં વન પેદાશો (૧૯૯૩-૯૪)

| ક્રમ | વિગત | | |
|---|---|---|---|
| ૧. | ઈમારતી લાકડું | : | ૩.૦ લાખ ઘનમીટર |
| ૨. | બળતણનું લાકડું | : | ૨.૭લાખ ટન |
| ૩. | વાંસ | : | ૧૨૭૧૦ ટન |
| ૪. | ઘાસ | : | ૬૮૦૦ ટન |
| ૫. | ગુંદર | : | ૫૨ ટન |
| ૬. | ટીમરૂંપાન | : | ૮૭૦૦ ટન |
| ૭. | બહેડાં/હરડે/આમળાં | : | ૨૪ ટન |
| ૮. | કરંજના બીજ | : | ૧૨ ટન |
| ૯. | મહુડાનાં બીજ | : | ૬૧૦ ટન |
| ૧૦. | મહુડાનાં ફૂલ | : | ૨૩૨૦ ટન |

• ગુજરાત સ્ટેટ બાયોડાયવર્સિટી કન્ઝર્વેશન સ્ટ્રેટજી એન્ડ એક્સનપ્લાન- ગુજરાત વન વિભાગ, ૨૦૦૨, પર્યાવરણ સાથી પાન ૪૭.

**વસ્તી અને વન :**

- ભારતમાં ૨૦મી સદીની શરૂઆતમાં ૪૦ ટકા વન વિસ્તાર હતો તે ૧૯૫૧માં ૨૨ ટકા અને ૧૯૯૭માં ૧૯ ટકા થઈ ગયો.
- ૧૯૫૧ થી ૨૦૦૦ દરમ્યાન ભારતની વસ્તી ૨.૮ ઘણી વધી છે, જયારે ૧૯૫૧ થી ૧૯૯૭ની વચ્ચે ભારતનું વનક્ષેત્ર ૭.૨ કરોડ હેકટરથી ઘટીને ૬.૩ કરોડ હેકટર થઈ ગયું છે.
- ૧૯૮૯ થી ૧૯૯૭ ની વચ્ચે દેશમાં ગાઢ વનોવાળા વિસ્તારોમાં ૩ ટકાનો ઘટાડો થયો હતો.
- ભારત પાસે વિશ્વની કુલ જમીનના ૨.૪ ટકા જમીન વિસ્તાર છે. જયારે વિશ્વના કુલ વનક્ષેત્રમાં ૧.૭ ટકા જ વન વિસ્તાર ભારતમાં છે.
- વિશ્વની કુલ માનવ વસ્તીના ૧૬ ટકા તથા દૂધાળાં પ્રાણીઓની સંખ્યાના ૧૭ ટકા ભારતમાં છે.
- ભારતમાં ઈંધણ માટે ૨૩.૫ કરોડ ઘનમીટર અને ઈમારતી લાકડાં માટે ૨.૮ કરોડ ઘનમીટર લાકડાંની દર વર્ષે જરૂર પડે છે.

• વસ્તી અને વન ભારત અહેવાલ ૨૦૦૦ યુ.એન. ડેવલપમેન્ટ ફન્ડ ફોર પોપ્યુલેશન. (પર્યાવરણ સાથી પાન. ૬૩)

## ગૌણ વન પેદાશોના એકત્રીકરણ દર ૨૦૦૪

સને ૨૦૦૪ મોસમે એકત્ર થનાર બીન રાષ્ટ્રીયકૃત ગૌણ વન પેદાશોના એકત્રીકરણ દર અને એજન્ટોને કમીશન નીચેની વિગતે નક્કી કરવામાં આવે છે. સદરહું એકત્રીકરણ દરો તા.૫-૧૨-૨૦૦૩થી અમલમાં આવે તે પ્રમાણે લાગુ પડવા પાત્ર રહેશે.

| અ.નં. | બીન રાષ્ટ્રીયકૃત ગૌણ વન પેદાશો નું નામ | એકત્રીકર દર પ્રતિ ક્વી.દીઠ | અ.નં. | બીન રાષ્ટ્રીયકૃત ગૌણવન પેદાશો નું નામ | એકત્રીકર દર પ્રતિ ક્વી. દીઠ |
|---|---|---|---|---|---|
| ૧ | પુવાડ બીજ | ૧૫૦ | ૩૫ | મરડા સીંગ | ૫૦૦ |
| ૨ | આમળા પલ્પ | ૨,૨૦૦ | ૩૬ | દેશીબોર | ૨૦૦ |
| ૩ | મુસળી ગ્રેડ ૧ | ૯૦,૦૦૦ | ૩૭ | સીતાફળ બીજ | ૨૫૦ |
| | મુસળી ગ્રેડ ૨ | ૨૫,૦૦૦ | ૩૮ | ગરમાળાના બીજ | ૬૦૦ |
| ૪ | મધ તમામ ડીવીઝન | ૩,૫૦૦ | ૩૯ | વાંસ બીજ | ૧,૦૦૦ |
| | | | ૪૦ | સાગ બીજ | ૨૫૦ |
| ૫ | ચારોલી | ૧૫,૦૦૦ | ૪૧ | કુસુમ બીજ | ૮૦૦ |
| ૬ | કરંજબીજ | ૩૭૫ | ૪૨ | આમળા બીજ | ૬૦,૦૦૦ |
| ૭ | રોશાઘાસ | ૭૫ | ૪૩ | ચારોળીના બીજ | ૬,૦૦૦ |
| ૮ | અરીઠા | ૪૦૦ | | **ધન્વનતરી પ્રોજેક્ટ માટે** | |
| ૯ | હરડા | ૩૦૦ | ૧ | ગળો (લીમડાની) | ૪૦૦ |
| ૧૦ | બહેડા આખા | ૧૦૦ | ૨ | માલકાંગણી | ૩,૦૦૦ |
| ૧૧ | બહેડા છાલ | ૨૫૦ | ૩ | અર્જુન છાલ | ૪૦૦ |
| ૧૨ | સાદડ છાલ | ૨૦ | ૪ | અરડુશી | ૬૦૦ |
| ૧૩ | ઈન્દ્રજવ | ૨,૦૦૦ | ૫ | સાલવણ | ૬૦૦ |
| ૧૪ | મીણ | ૩,૫૦૦ | ૬ | પીઠવણ | ૬૦૦ |
| ૧૫ | રતનજયોત | ૮૦૦ | ૭ | શતાવરી | ૧,૫૦૦ |
| ૧૬ | ચણોઠી (લાલ) | ૧,૦૦૦ | ૮ | ચિત્રકમુળ | ૧,૦૦૦ |
| ૧૭ | ચણોઠી (સફેદ) | ૧,૫૦૦ | ૯ | કુટજ કુડો | ૪૦૦ |
| ૧૮ | લીંબોડી/બીજ (પલ્પ સાથે) | ૧૨૫ | ૧૦ | મામેજવો | ૫૦૦ |
| | લીંબોડી બીજ (પલ્પ સિવાય) | ૫૦૦ | ૧૧ | ભાંગરો | ૫૦૦ |
| ૧૯ | વઢવાડીયા બીજ | ૪૦,૦૦૦ | ૧૨ | ગોખરૂ | ૭૦૦ |
| ૨૦ | કાચકા બીજ | ૨,૦૦૦ | ૧૩ | શંખપુષ્પી | ૧,૦૦૦ |
| ૨૧ | કૌચા બીજ કાળા | ૧,૦૦૦ | ૧૪ | જાંબુબીજ | ૫૦૦ |
| | કૌચા બીજ સફેદ | ૧,૦૦૦ | ૧૫ | અશ્વગંધા | ૫,૦૦૦ |

| અ.નં. | બીન રાષ્ટ્રીયકૃત ગૌણ વન પેદાશો નું નામ | એકત્રીકરણ દર પ્રતિ ક્વી.દીઠ | અ.નં. | બીન રાષ્ટ્રીયકૃત ગૌણવન પેદાશો નું નામ | એકત્રીકરણ દર પ્રતિ ક્વી. દીઠ |
|---|---|---|---|---|---|
| ૨૨ | ચીમેઠ | ૪,૦૦૦ | ૧૬ | જેઠીમધ | ૩,૦૦૦ |
| ૨૩ | કુસુમલાખ | ૪,૦૦૦ | ૧૭ | બ્રાહ્મી | ૨,૫૦૦ |
| ૨૪ | ખાખરલાખ | ૩,૦૦૦ | ૧૮ | ભોંય આમલી | ૧,૨૦૦ |
| ૨૫ | બોર લાખ | ૩,૦૦૦ | ૧૯ | લીંડીપીપર | ૭,૦૦૦ |
| ૨૬ | પીલુ બીજ | ૪૦૦ | ૨૦ | વાવડીંગ-લાલ | ૨,૫૦૦ |
| ૨૭ | ખાખરાપાન(સ્ટા.બોરા દીઠ) | ૧૨૫ | ૨૧ | માલવી પુવાડં(કાસુન્દ્રા) | ૪૦૦ |
| ૨૮ | કેસુડા ફુલ | ૩૦૦ | ૨૨ | ધમાશો | ૩૫૦ |
| ૨૯ | ગાંડા બાવળની શીંગ | ૧૦૦ | ૨૩ | શરપંખો | ૪૦૦ |
| ૩૦ | આસીત્રાપાન | ૩૦૦ | ૨૪ | જીવંતી (કડવા ડોળી) | ૪૦૦ |
| ૩૧ | બીલા ગર્ભ | ૫૦૦ | ૨૫ | ગોરખમુડી | ૫૦૦ |
| ૩૨ | ઘટબોર | ૪૦ | ૨૬ | નાગરમોથ | ૪૦૦ |
| ૩૩ | બહેડામીંજ | ૭૦૦ | ૨૭ | ગરમાળાનો ગોળ | ૧,૨૦૦ |
| ૩૪ | ખાખર બીજ | ૪૦૦ | ૨૮ | બોડા ગોખરૂ | ૧,૮૦૦ |

નોંધ :

(૧) ઉપરોક્ત તમામ ગૌણ વન પેદાશો અંગે એજન્ટોને કમીશન ગૌણ વનપેદાશના એકત્રીકરણ દરના ૧૦% પ્રમાણે ચુકવવાનું રહેશે. જયારે સહકારી સંસ્થા તેમજ આદિવાસી એજન્ટોને આ કમીશન ઉપરાંત કમીશનના ૧૦% વધારો પ્રોત્સાહન રૂપે ચૂકવવાનો રહેશે.

(૨) ઉપરોક્ત પ્રમાણેના એકત્રીકરણ દરોમાં વર્ષ દરમ્યાન ફેરફાર કરવાનો અધિકાર નિગમનાં મેનેજીંગ ડાયરેકટરશ્રીને અબાધિત રહેશે. જે એજન્ટોને તેમજ સંબંધિત તમામને બંધનકર્તા રહેશે.

(૩) ઉપરોક્તમાં કેટલીક ગૌણવન પેદાશો માટે વિવિધ ગ્રેડ સુચવાયેલ છે. આ ગ્રેડ નિગમે પોતે બનાવેલા છે. જે અન્વયેના નમુના નિગમની સંબંધિત કચેરીએ જોઈ તપાસી શકાશે અને તે નમુનામાં જ એજન્ટોએ ગૌણવન પેદાશોનું એકત્રીકરણ કરવાનું રહેશે.

## ગૌણવન પેદાશ એકત્રિકરણકારો પાસેથી ખરીદ કરવાના દર

| ક્રમ | ગૌણ વન પેદાશનું નામ | એકમ | સને ૨૦૦૪ના વર્ષ માટે પ્રાથમિક એકત્રીકરણકારો પાસેથી ખરીદ કરવાના દર(રૂા.) |
|---|---|---|---|
| ૧. | ૨ | ૩ | ૪ |
| ૧. | ટીમરૂપાન | સ્ટા.બોરાદીઠ | ૪૦૦ |
| ૨ | મહુડાફુલ | ક્વી.દીઠ | ૫૫૦ |
| ૩ | મહુડાડોળી-વાંસદા | ક્વી.દીઠ | ૫૦૦ |
| | " અન્ય પ્રોજેકટ | ક્વી.દીઠ | ૬૦૦ |
| | " કાળી | ક્વી.દીઠ | ૪૦૦ |
| ૪ | કડાયા ગુંદર ગ્રેડ-૧ | ક્વી.દીઠ | ૪,૦૦૦ |
| | કડાયા ગુંદર ગ્રેડ-૨ | ક્વી.દીઠ | ૩,૦૦૦ |
| ૫ | ધાવડા ગુંદર અનગ્રેડેડ | ક્વી.દીઠ | ૨,૫૦૦ |
| ૬ | બાવળ ગુંદર અનગ્રેડેડ | ક્વી.દીઠ | ૧,૫૦૦ |
| ૭ | મોયના ગુંદર | ક્વી.દીઠ | ૩૦૦ |
| ૮ | સલાઈ | ક્વી.દીઠ | ૨,૫૦૦ |
| ૯ | ગુગળ ગુંદર ગ્રેડ-૧ | ક્વી.દીઠ | ૮,૫૦૦ |
| | ગુગળ ગુંદર ગ્રેડ-૨ | ક્વી.દીઠ | ૫,૦૦૦ |
| | ગુગળ ગુંદર ગ્રેડ-૩ | ક્વી.દીઠ | ૨,૫૦૦ |
| ૧૦ | ગાંડા બાવળ ગુંદર ગ્રેડ-૧ | ક્વી.દીઠ | ૧,૬૦૦ |
| | ગાંડા બાવળ ગુંદર ગ્રેડ-૨ | ક્વી.દીઠ | ૧,૨૦૦ |
| ૧૧ | ગોરડ ગુંદર | ક્વી.દીઠ | ૨,૦૦૦ |
| ૧૨ | ખેર ગુંદર | ક્વી.દીઠ | ૧,૫૦૦ |
| ૧૩ | ખાખર ગુંદર | ક્વી.દીઠ | ૭૫૦ |

**નોંધ :**

(૧) ઉપરોક્ત તમામ ગૌણ વન પેદાશો અંગે એજન્ટોને કમિશન ગૌણ વન પેદાશના એકત્રીકરણ દરના ૧૦% પ્રમાણે ચૂકવવાનું રહેશે. જયારે સહકારી સંસ્થા તેમજ આદિવાસી એજન્ટોને આ કમીશન ઉપરાંત કમીશનના ૧૦% વધારો પ્રોત્સાહન રૂપે ચૂકવવાનો રહેશે.

(૨) ઉપરોક્ત પ્રમાણેનાં એકત્રીકરણ દરોમાં વર્ષ દરમ્યાન ફેરફાર કરવાનો અધિકાર નિગમનાં મેનેજીંગ ડાયરેકટરશ્રીને અબાધિત રહેશે. જે એજન્ટોને તેમજ સંબંધિત તમામને બંધનકર્તા રહેશે.

(૩) ઉપરોક્તમાં કેટલીક ગૌણવન પેદાશો માટે વિવિધ ગ્રેડ સૂચવાયેલ છે. આ ગ્રેડ નિગમે પોતે બનાવેલા છે. જે અન્વયેના નમુના નિગમની સંબંધિત કચેરીએ જોઈ તપાસી શકાશે અને તે નમુનામાં જ એજન્ટોએ ગૌણવન પેદાશોનું એકત્રીકરણ કરવાનું રહેશે.

**વન વિકાસ નિગમ લી. દ્વારા એકત્ર કરવામાં આવતી ગૌણ વનપેદાશોના શાસ્ત્રીય નામ, અંદાજીત એકત્રીકરણ જથ્થો, સમયગાળો તથા ઉપયોગિતાની વિગત.**

| ક્રમ | ગૌણ વન પેદાશનું સ્થાનિક /શાસ્ત્રીય નામ | સરેરાશ ઉત્પાદન | એકત્રીકરણ સમયગાળો | ઉપયોગિતા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ટીમરૂપાન Diospyros melanoxylon. | ૨,૦૦,૦૦૦ સ્ટા.બોરા | એપ્રીલ થી મે | બીડી બનાવટમા |
| ૨ | મહુડાફૂલ Madhuca indica | ૨૫,૦૦૦ ક્વી. | માર્ચ થી મે | આલ્કોહોલ, ઢોરના ખાણ દાણ |
| ૩ | મહુડાડોળી Madhuca indica | ૫,૦૦૦ ક્વી. | જુન થી ઓગષ્ટ | આદિવાસીઓના ખોરાક તેલ, સાબુ ઉદ્યોગ |
| ૪ | કડાયા ગુંદર Sterculia urens | ૧૦ ક્વી. | નવેમ્બર થી જૂન | આઈસ્ક્રીમ જેલી, દવાઓમાં |
| ૫ | ધાવડા ગુંદર Anogeissus latifolia | ૬૦ ક્વી. | નવેમ્બર થી જૂન | ખોરાક તરીકે, ડાઈંગ અને પ્રેસીંગ |
| ૬ | બાવળ ગુંદર Acacia arabica | ૩૦૦ ક્વી. | " | ખોરાક તરીકે, સ્ટીકીંગ ગુંદર તરીકે |
| ૭ | મોદળ ગુંદર Garuga pinnata | ૬૦ ક્વી. | " | કપડા રંગકામ, કોપર બનાવટ |
| ૮ | સલાઈ Boswellic serrata | ૫૦૦ ક્વી. | " | ધૂપ, અગરબત્તીની બનાવટ, પેઈન્ટ બનાવટ |
| ૯ | ગુગળ Commiphora wightii(olibanum) or mukul | ૧૦૦ ક્વી. | " | ધૂપ, આયુર્વેદિક ઔષધીઓ, એસેન્સ અને સુગંધિત પરફ્યુમ બનાવટ |
| ૧૦ | ગાંડા બાવળ ગુંદર Prosopis juliflora | ૧૦૦૦ ક્વી. | " | જર્દા તમાકુ, હીંગ પીગળવા અને ફટાકડાની બનાવટ |
| ૧૧ | ગોરડ ગુંદર Acacia senegal | ૨૦ ક્વી. | " | ખોરાક તરીકે, નેપાળ પેપરમાં સાઈઝમાં |
| ૧૨ | ખેર ગુંદર Acacia catechu | ૨૦ ક્વી. | " | ખોરાક તરીકે, ઔષધિઓની બનાવટ |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૧૩ | ખાખરા ગુંદર<br>Butea monosperma | ૨૦ ક્વી. | ,, | ઔષધિઓની બનાવટ |
| ૧૪ | પુવાડ બીજ<br>Cassia tora | ૧૦૦૦૦ ક્વી. | જાન્યુ. ફેબ્રુઆરી | ઢોરના ખાણ દાણ, ચામડીના રોગોમાં, ઔષધિઓની બનાવટ |
| ૧૫ | આમળા<br>Emblica Officinalis | ૪૦૦ ક્વી. | નવે. થી જાન્યુ. | ત્રિફળા ચૂર્ણ, આયુર્વેદિક ઔષધિઓની બનાવટ |
| ૧૬ | મુસળી<br>Chlorophytum tuberosum | ૨૦ ક્વી. | ઓગષ્ટ થી નવેમ્બર | ટોનીક, દેશી વાયગ્રાની બનાવટ |
| ૧૭ | ચારોળી<br>Buchanaia lanzansor latifolia | ૫૦ ક્વી. | એપ્રિલ થી મે | મીઠાઈ બનાવટ તથા ખોરાકમાં |
| ૧૮ | મધ<br>Honey | ૧૦૦૦ ક્વી. | ઓક્ટો.-નવે. તથા માર્ચથી મે | ટોનીક, દવાઓ તથા કફ મિકચરનીદવાની બનાવટ |
| ૧૯ | કરંજ બીજ<br>Pongamia glabra | ૨૦૦ ક્વી. | એપ્રીલ થી જુન | સાબુ ઉદ્યોગમાં ઓઈલ તરીકે ચામડીના રોગોની દવામાં |
| ૨૦ | રોસા ઘાસ<br>Cymbopogon martinii | ૧૦૦૦ ક્વી. | ઓકટો. થી ડિસેમ્બર | વા, સાંધાના દર્દોની દવા તરીકે, ઔષધિઓની બનાવટ |
| ૨૧ | અરીઠા<br>Sapindus emarginatus | ૨૦૦ ક્વી. | એપ્રિલ- મે | હર્બલ શેમ્પુ, ઘરેણાંની સાફઈ માટે |
| ૨૨ | હરડા<br>Terminalia chebula | ૫૦૦ ક્વી. | ,, | ત્રિફળા ચૂર્ણ, ઔષધઓની બનાવટ, ટેનીન ઉદ્યોગમાં |
| ૨૩ | બહેડા છાલ<br>Terminalia bellirica | ૫૦૦ ક્વી. | જાન્યુ.- ફેબ્રુ. | ત્રિફળા ચૂર્ણ, ટેનીન ઉદ્યોગ |
| ૨૪ | સાદડ છાલ<br>Terminalia tomentosa | ૫૦૦ ક્વી. | એપ્રિલ-મે | ઓકઝેલીક એસીડ ઉત્પાદન |
| ૨૫ | ઈન્દ્રજવ<br>Holarrhena antidysenterica | ૩૦ ક્વી. | ઓગષ્ટ થી ડીસે. | આયુર્વેદિક ઔષધિઓમાં |
| ૨૬ | મીણ<br>Wex | ૫૦ ક્વી. | ઓકટો., નવે., માર્ચ થી મે | પેઈનબામ, ક્રીમ, મીણબત્તી, ઔષધિઓમાં |
| ૨૭ | રતનજયોત<br>Jatropha curcas | ૫૦૦ ક્વી. | ઓક્ટો. થી ડીસે. એપ્રિલ થી જુન | સાબુ ઉદ્યોગમાં ઓઈલ તથા બાયોડીઝલ તરીકે |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૨૮ | ચણોઠી લાલ-સફેદ Abrus precatorius | ૧ ક્વી. | એપ્રિલ | ઔષધિઓમાં, સોનાના દાગીનાના વજન કરવા માટે |
| ૨૯ | લીંબોળી Azadirachta indica | ૫૦૦૦ ક્વી. | મે-જુન | ચામડીના રોગોની દવામાં તેલ તરીકે |
| ૩૦ | વઢવાડીયાના બીજ Gloriossa superba | ઓછી માત્રા | ઓક્ટો.- નવે. | દવાઓમાં |
| ૩૧ | કાંચકા બીજ Caesalpinia crista | ૫૦ ક્વી. | ડીસે. થી | આયુર્વેદિક ઔષધિઓ, વોર્મ અને તાવમાં |
| ૩૨ | કૌચા બીજ Mucana pouriena | ૧૦ ક્વી. | | ટોનીક,દેશી વાયગ્રાની બનાવટ |
| ૩૩ | ચીમેડ Cassia absus | ૫૦ ક્વી. | નવે. થી ફેબ્રુ. | આંખના દર્દોમાં, આયુર્વેદિક ઔષધિમાં |
| ૩૪ | કુસુમ લાખ Schleichera oleosa | ૩૦ ક્વી. | ફેબ્રુ. - માર્ચ | લાખ બનાવટ, સીલ તરીકે |
| ૩૫ | ખાખર લાખ Butea monosperma | ૧૦૦ ક્વી. | માર્ચ-એપ્રિલ | લાખ બનાવટ, સીલ તરીકે |
| ૩૬ | પીલુ બીજ Salvadora persica | ૩૦૦ ક્વી. | સપ્ટે.-ઓક્ટો. | તેલ સાબુમાં, વાર્નીસ ઉદ્યોગમાં |
| ૩૭ | ખાખરા પાન Butea monosperma | ૧૦૦૦ ક્વી. | એપ્રિલ-મે | બાજ પડીયા બનાવવા |
| ૩૮ | કેસુડાફુલ Butea monosperma | ૫૦૦ ક્વી. | મે | સીલ્ક કપડાના કલરકામ, સ્નફ અને સુશોભનમાં |
| ૩૯ | ગાંડાબાવળ સીંગ Prosophis fruit | ૪૦૦૦ ક્વી. | એપ્રિલ-મે | ઢોરના ખાણ દાણ |
| ૪૦ | આસીત્રા પાન Bauhinia racemosa | ૨૦ ક્વી. | માર્ચ થી મે | બીડી બનાવટ, ઔષધિય દવાઓની બનાવટમાં |
| ૪૧ | ગળો Tinospora cardifolia | ૨ ક્વી. | ડીસે. થી જુન | રસાયણ ચૂર્ણ, ઔષધિય દવાઓમાં |
| ૪૨ | માલકાંગણી Celastrus paniculata | ૨ ક્વી. | ઓક્ટો. થી જાન્યુઆરી | મગજના ટોનીકની દવામાં |
| ૪૩ | અર્જુનછાલ Terminalia arjuna | ૩ ક્વી. | નવે. થી જુન | હૃદયરોગની આયુર્વેદિક દવામાં |
| ૪૪ | અરડૂસી Adhatoda vasica | ૧૦ ક્વી. | ઓક્ટો. થી એપ્રિલ | કફ મિકચરની દવામાં |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૪૫ | સાલવણ<br>Desmodium gengaticum | ૨૦ ક્વી. | ઓક્ટો. થી એપ્રીલ | આયુર્વેદિક દવાઓમાં |
| ૪૬ | પીઠવણ<br>Ururia picta | ૨૦ ક્વી. | ,, | ,, |
| ૪૭ | શતાવરી<br>Asperagus racemocus | ૨૦ ક્વી. | એપ્રિલથી જુન | ટોનીક આયુર્વેદિક દવામાં, એસીડીટી-અલ્સરની દવામાં |
| ૪૮ | ચિત્રક<br>Plumbago zeylanica | ૨૦ ક્વી. | નવે. થી મે | એપેટાઈઝર, પાચર તરીકે |
| ૪૯ | કુટજકુડો (ઈન્દ્રજવ)<br>Holarrhana aatidysenterica | ૧૦૦ ક્વી. | ,, | ડાયોરીયા, મરડાની દવામાં |
| ૫૦ | મામેજવો<br>Enicostema littorale | ૧૦૦ ક્વી. | ,, | ડાયાબીટીસની દવામાં, તાવમાં |
| ૫૧ | ભાંગરો<br>Eclipta alba | ૧૦૦ ક્વી. | ઓક્ટો. થી એપ્રિલ | માથાના તેલ, રસાયણ ચૂર્ણમાં |
| ૫૨ | ગોખરૂ<br>Tribulus terrestris | ૫૦૦ ક્વી. | ડીસે. થી એપ્રિલ | પથરીના દર્દોમાં, રસાયણ ચૂર્ણમાં |
| ૫૩ | શુંખપુષ્પી<br>Convolvulus pluricaulis | ૨૦ ક્વી. | જાન્યુ. થી એપ્રિલ | યાદશક્તિ વધારવા, મગજના ટોનીક તરીકે |
| ૫૪ | બીલા ગર્ભ<br>Aegla marmelos | ૧૦ ક્વી. | ડીસે. થી જાન્યુઆરી | ડાયોરીયા, મરડાની દવામાં |
| ૫૫ | ખાખરા બીજ | ૧૦ ક્વી. | મે-જુન | તેલ સાબુ ઉદ્યોગમાં |
| ૫૬ | મરડાસીંગ<br>Helicteres isora | ૧ ક્વી. | ઓક્ટો.- નવે. | બાળકોના ઝાડા-મરડાની દવામાં |
| ૫૭ | ગરમાળા સીંગ-ગોળ<br>Cassia fistula | ૧૦ ક્વી. | ડીસે.- જાન્યુ. | બાળકોના પેટના રોગોની દવામાં |
| ૫૮ | જાંબુ બીજ<br>Sygyglum cumini | ૨૦ ક્વી. | જુન-જુલાઈ | ડાયાબીટીસ આયુર્વેદિક દવામાં |
| ૫૯ | અશ્વગંધા<br>Withania sommisera | ૫ ક્વી. | ઓક્ટો. નવે. | શક્તિવર્ધક, આયુર્વેદિક ઔષધિઓની બનાવટમાં |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૬૦ | જેઠીમધ<br>Taverniera cuneifolia | ૫ ક્વી. | નવે.- ડીસે. | શરદી, ખાંસી મટાડવા |
| ૬૧ | બ્રાહ્મી<br>Centella asiatica | ૧૦ ક્વી. | ડીસે.- માર્ચ | યાદશક્તિ વધારવા, મગજના ટોનીક તરીકે |
| ૬૨ | લીંડીપીપર<br>Piper longum | ૫ ક્વી. | ઓક્ટો.- નવે. | આયુર્વેદિક ઔષધિઓની બનાવટમાં |
| ૬૩ | વાવડીંગ<br>Embelia ribes | ૧૦ ક્વી. | ડીસેમ્બર | બાળકોના પેટના રોગોની દવામાં |
| ૬૪ | દેશીબોર<br>Zigyphus maurtiana | ૧૦૦ ક્વી. | જાન્યુ.- ફેબ્રુ. | ફળ તરીકે |
| ૬૫ | ભોયઆમલી | ૧૦ ક્વી. | ઓક્ટો. થી ડીસે. | આયુર્વેદિક ઔષધિઓની બનાવટમાં |
| ૬૬ | કાસુન્દ્રો | ૧૦ ક્વી. | નવે. થી ડીસે. | આયુર્વેદિક ઔષધિઓની બનાવટમાં |
| ૬૭ | જીવંતી-કડવા ડોળી | ૧૦ ક્વી. | ડીસે. થી માર્ચ | આયુર્વેદિક ઔષધિઓની બનાવટમાં |

# પ્રકરણ-૫
## આદિવાસી વિકાસ અને જંગલને લગતા કેટલાક સુઝાવો

છેલ્લી નવ યોજનાઓથી આપણે આદિવાસી વિકાસ માટે સારા એવા પ્રયત્નો કરી રહ્યા છીએ અને તેના સારા પરિણામો પણ મળવા માંડયા છે. આદિવાસી વિસ્તારમાં શિક્ષણનું પ્રમાણ પણ વધ્યું છે, નેતાગીરી પણ ઉભી થઈ છે. અને તેઓ તેમના હક્ક માટે વધુ જાગૃત પણ થયા છે.

આમ છતાં પણ આપણે આદિવાસી વિકાસ સંતોષકારક રીતે સાધી શક્યા નથી એ વાત આપણે કબુલવી જ રહી. પહેલાં તો આપણે આદિવાસી શબ્દનો વિચાર કરવો જોઈએ. કારણ કે ભારતમાં રહેતા બધા જ નાગરિકો આદિવાસીઓ છે, પરંતુ આપણે આ પ્રજા માટે સાચો શબ્દ વાપરવો હોય તો તેમને વનવાસી કહેવા જોઈએ. આ વનવાસી સમાજ સાંસ્કૃતિક રીતે પર્યાવરણની દષ્ટિએ ખૂબ જ સમૃદ્ધ છે. પરંતુ ત્યાં આંખે ઉડીને વળગે એવી વાત તેમના આર્થિક વિકાસની છે. વનવાસી પ્રજાનો આર્થિક વિકાસ જેમ બને તેમ ઝડપી થવો જોઈએ કે જેથી તેઓ ભારતના બધા જ રહેવાસીઓ સાથે ઓતપ્રોત થઈ જાય અને તેઓ આદિવાસી છે કે વનવાસી છે એવી ગ્રંથીમાંથી બહાર આવી શકે.

આદિવાસી વિકાસ આર્થિક દષ્ટાંતરૂપ થઈ શક્યો નથી. આને માટે ઘણા કારણો હશે. પરંતુ એક હકીકત છે કે, આ વિસ્તારમાં ૫૦% થી પણ વધારે વિસ્તાર જંગલ તરીકે જાહેર થયેલ છે અને કોઈપણ કારણોસર આ જંગલો તેમના આર્થિક વિકાસ માટે સાધન બની શકાય નથી. વનવાસીઓને જંગલમાંથી જીવવા માટેની રોજી રોટી મળી શકતી હશે પરંતુ તેમની આર્થિક સ્થિતિ સુધારવા માટે જંગલો ઉપયોગી થઈ શકયા નથી તે હકિકત છે. ભારતમાં જંગલો અને પછાતપણું બંને સાથે સાથે ચાલે છે એટલે ઘણીવાર વનવાસીઓને જંગલો જ તેમના પછાતપણાનું કારણ છે એવી ભ્રાંતિ થાય એ પણ સત્ય છે અને તેનો ઉપાય પણ વનખાતાએ અને જેઓએ વનની રીતિઓ નક્કી કરી છે તે લોકોએ કરવી જોઈએ.

વનવાસીઓ માટે થતી યોજનાઓમાં યોજનાનો વ્યાપ કેટલો છે અને એ આખા વનવાસી સમાજને કેવી રીતે સ્પર્શી શકે છે અને તે આખા સમાજનો આર્થિક ઉત્થાન કરી શકે તેવો છે કે નહિં એવી જાતના ધોરણો લગાડવામાં આવતા નથી. આને કારણે ઘણી યોજનાઓ સારી હોવા છતાં આખા સમાજનાં આર્થિક ઉત્થાનમાં કેટલી મદદરૂપ થઈ શકે તેનું મૂલ્યાંકન થતું નથી. આને કારણે ઘણીવાર સારી યોજના જોઈને આપણે પ્રભાવિત થઈએ છીએ નિઃસંદેહ માનીએ છીએ કે આવાં પગલાં આદિવાસી ઉત્થાનમાં ભાગ ભજવશે, પરંતુ આવી યોજનાઓ જો વ્યાપક રૂપે લેવામાં ન આવી હોય અને તે મૂળ નાના પાયા પર હોય કે પ્રાયોગિક હોય તો તેનાથી આર્થિક ઉત્થાન થતું નથી. આ કારણે મોટાભાગની યોજનાઓ રહી જવા પામી છે. એટલે દસમી યોજનામાં આ મુદ્દા પર ખાસ ધ્યાન આપવામાં આવે એવી રજૂઆત છે.

આર્થિક ઉત્થાનમાં વનવાસીઓને માટે નીચેની વસ્તુ કડીરૂપ છે.

- ખેતી
- જંગલ
- ગૃહઉદ્યોગો
- મોટા ઉદ્યોગો

## ૧. ખેતી :

આપણે સૌ પ્રથમ ખેતીનો વિચાર કરીએ. આ વિસ્તારમાં ૫૦% વધુ જમીન જંગલ વિસ્તાર તરીકે નિમ્ન થયેલી છે એટલે બાકીની જમીનમાંજ એમણે ખેતી કરવાની રહે છે. વધતી જતી વસ્તીના કારણે એમને વધુ જમીનની જરૂર લાગે છે અને તે કારણે તેણે જંગલમાં અતિક્રમણ પણ કરતા રહ્યા છે અને એ કારણે વનખાતાના અધિકારીઓ અને વનવાસીઓ વચ્ચે ઘણીવાર ઘર્ષણ પણ થતાં હોય છે. જો કે એ જમીન જંગલ તરીકે નક્કી થયેલી છે. તે જમીનનો મોટો ભાગ ધાર પર આવેલો છે અને ખેતી માટે લાયક પણ નથી જ્યારે આદિવાસીઓને એમ લાગે છે કે તેમના આર્થિક ઉત્થાન માટે ખેતીવાડી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી ત્યારે સ્વાભાવિક રીતે તે જ યેનકેન પ્રકારે જમીન મેળવવા તે તત્પર થાય તે સ્વાભાવિક છે.

આદિવાસી વિસ્તાર મોટાભાગે પર્વતીય હોવાથી ત્યાં મોટા ડેમ બનાવવાની ખાસ શક્યતાઓ રહેતી નથી. પરતુ નાના ડેમ બનાવવા માટે ખૂબ જ સગવડ છે. પરંતુ તે ખૂબ નાના હોઈ શકે એટલે કે એક નાનો બંધ ૪ હેકટર કે ૨૦૦ હેકટર જેટલા વિસ્તારને માટે જ બનાવવો પડે. ખાસ ભૌગોલિક સ્થિતિને કારણે એમાં ખર્ચો ઘણો ઓછો આવવાનો સંભવ છે. પરંતુ આ બાબતમાં જેટલું ધ્યાન આપવું જોઈએ તેટલું આપવામાં આવ્યું નથી. જો રાજ્ય સરકાર નર્મદા સરોવર બંધ માટે રૂા. ૧૨,૦૦૦ કરોડ ખર્ચી શક્તા હોય તો ફક્ત રૂા. ૧૦૦૦ કરોડ ખર્ચો આદિવાસી વિસ્તારના ૨૦ થી ૨૫% વિસ્તારને નાના નાના ડેમો બાંધીને સિંચિત કરવા માટે ખર્ચ કરી શકે અને આ એક જ પગલાંથી આદિવાસી વિસ્તારનું આર્થિક ઉત્થાન ખૂબ જ ઝડપથી થઈ શકે એમ છે.

પર્વતીય પ્રદેશ હોવાને કારણે જમીન સરંક્ષણનાં કામો ખૂબ જ જરૂરી છે. અને એ જેટલી ઝડપથી થાય તેટલો એમની ઉપજમાં વધારો થઈ શકે એમ છે. રાષ્ટ્રિય દૃષ્ટિએ આ કાર્યક્રમ ખૂબ જ અગત્યનો છે એટલે આખા વન વિસ્તારને ખેતીની જમીનમાં જમીન સરંક્ષણના કામો યુદ્ધના ધોરણે ઉપાડી લેવા જોઈએ અને દસમી પંચવર્ષિય યોજના પૂરી કરવાનો નિર્ધાર કરવો જોઈએ.

ખેતી માટે ઘણી શંકર જાતો શોધવામાં આવી છે. પરંતુ આ બધી શોધોમાં વનવાસીઓ જે ધાન્ય પકવે છે તેનો સમાવેશ થતો નથી. એટલે વનવાસી વિસ્તારમાં થતા અનાજો માટે દસમી પંચવર્ષિય યોજનામાં એક જુદું હિલ મિલેટ રીસર્ચ સેન્ટર ઉભું કરવાનું નક્કી કરવું જોઈએ.

વનવાસીઓને જે જમીન ખેતી માટે મળેલી છે તેમનો ખાતાવહી નોંધો બરાબર થતી નથી અને વન ખાતા સાથે પણ તેમને આ બાબતમાં ઘણા પ્રશ્નો ઉભા થયા છે. આ બાબતમાં પણ તેમની જમીનનો રેકોર્ડ ખૂબ જ અદ્યતન થાય તે માટે દસમી પંચવર્ષીય યોજનામાં ખાસ કાર્યક્રમ બનાવવો જોઈએ.

જંગલની જમીન પણ ઘણી વાર આદિવાસીઓથી ખેડતા હોય છે અને તે બાબતમાં પણ તેમને ઘણા પ્રશ્નો ઉભા થતાં હોય છે. આ બાબતમાં પણ સરકાર ઘણીવાર ઉદાર વલણ અપનાવે છે પરંતુ તેના અમલમાં

વનવાસીઓને ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે. આ બાબતમાં સરકાર પરિપકવ નિર્ણય લે અને જે જમીન ખાતાની છે અથવા તો ખેતીમાટે આપવામાં આવી છે એ બધી જમીનોનું એકત્રીકરણ કરીને જંગલ અને રેવન્યુ વિસ્તારને અલગ પાડી દેવામાં આવે તો તે ઘણું ઇચ્છવા યોગ્ય થશે. આને કારણે વન ખાતાને અને વનવાસીઓને ઉભા થતાં પ્રશ્નો ઓછા થઈ જશે, વનનું સંરક્ષણ પણ સહેલું થશે અને વન ખાતાનાઅધિકારીઓ સાથેના વનવાસીઓના સંબંધોમાં પણ સારો એવો સુધારો થશે. આ કામનો પણ દસમી પંચવર્ષીય યોજનામાં સમાવેશ થવો જોઈએ.

વનવાસીઓ જે કોઈ અનાજ પકવે છે તે તેમને ઘણીવાર ઓછા ભાવે વેચી દેવું પડતું હોય છે અને ત્યાર પછી જરૂરિયાતના મહિનાઓમાં તેમણે મોંઘા ભાવે ખરીદવું પડે છે. આ બાબતમાં પણ તેમના અનાજનો સંગ્રહમંડળીઓ મારફત કે પુરવઠા નિગમ મારફતે ખરીદ કરવાનો અને જરૂરિયાતના સમયમાં તેમને પાછું આપી શકાય તે માટેની વ્યવસ્થા થવી જોઈએ. તેઓ જે ખેતીમાં પકવે છે તેના પૂરેપરા ભાવ મળે તે માટેનું પણ માળખું બનાવવું જોઈએ.

ખેતીની સાથે સંલગ્ન, દૂધ, ડેરી, પોલ્ટ્રી ફાર્મ વિગેરે કામોમાંથી પણ તેમની આર્થિક ઉન્નતિ થઈ શકે એમ છે. પરંતુ રસ્તાઓ અને સારા બજારના અભાવે તેઓ આ ફાયદો મેળવી શકતા નથી. આ બાબતમાં પણ યોગ્ય માળખું દસમી પંચવર્ષીય યોજનામાં ગોઠવાય તે માટેના પ્રયત્ન કરવા જોઈએ.

આમ જોતાં જણાય છે કે તેમની આર્થિક ઉન્નતિમાં ખેતીવાડી અને તેને સંલગ્ન ઉદ્યોગો મહત્વનો ભાગ ભજવી શકે એમ છે અને તે માટે દસમી પંચવર્ષીય યોજનામાં યોગ્ય માળખું તૈયાર કરવાનું નક્કી થવું જોઈએ.

૨. જંગલ :

હાલમાં જંગલમાંથી માલ તૈયાર કરીને ગોળ લાકડું હરાજી મારફતે વેચી દેવામાં આવે છે. આને કારણે ફક્ત ઝાડ કાપવાનું, તેના નંગ તૈયાર કરવાનું અને ડેપો સુધી વાહતુંક કરવાનું અને ડેપો સુધી વાહતુક કરવાની મજુરી વનવાસીઓને મળે છે. એક અભ્યાસમાં એમ જણાવાયું છે કે, એક ઘનમીટર લાકડું ડેપો સુધી લાલવામાં આવે તો રૂા. ૧૦૦/- ની મજુરી વનવાસીઓ માટે ઉભી થાય છે. પરંતુ જો એક ઘનમીટર લાકડામાંથી ફીનીવુડ આર્ટીકલ તૈયાર કરવામાં આવે તો તેમાંથી રૂા. ૧૦,૦૦૦/- ની રોજી ઉભી થઈ શકે એમ છે. આજે પણ આ રોજી ઉભી થાય છે. પરંતુ તે રોજી ઉધના, સુરત, નવસારી વિગેરે જંગલમાં દૂરના પ્રદેશોમાં ચાલી જાય છે આપણે અંગ્રેજો માટે એવું કહેતા હતા કે, તેઓ આ દેશમાંથી કાચો માલ લઈ જાય છે અને ફીનીવુડ પ્રોડક્ટ ઇંગ્લેન્ડમાં તૈયાર થાય છે. તેથી આપણે ગરીબ રહીએ છીએ. અને ઇંગ્લેન્ડના લોકો પૈસાદાર થાય છે. આવી જ પરિસ્થિતિ વનવાસી વિસ્તારમાં છે. એટલે આપણે દસમી પંચવર્ષીય યોજનાનો અંદર ઓછામાં ઓછું એક લાખ ઘનમીટર જેટલું લાકડું વન વિસ્તારમાંથી ફીનીશ પ્રોડક્ટ માટે વપરાય એવું આયોજન કરવું જોઈએ જેના કારણે ખૂબ જ રોજગારીની તકો ઉભી થશે.

જ્યારે ફાયદાકારક રોજગારી એમને જંગલના કારણે મળતી થશે ત્યારે જંગલ માટેનો તેમનો પ્રેમ પણ વધશે અને જંગલ સંરક્ષણ કરવાનુ એમના માટે જ જરૂરી છે કે જેથી તેમને ફાયદાકારક રોજી વર્ષોના વર્ષો સુધી ચાલુ રહે. આમ થવાથી જંગલ સંરક્ષણનું મહત્વ અને મદદ કરવાની ઘણી તકો રહેલી છે.

જંગલમાં પેદા થતી બધી ગૌણ પેદાશો જંગલમાંથી જે પ્રાપ્ત થાય અને ફીનીશ્ડ પ્રોડકટ થાય તે પણ રોજગારી ઉભી કરવા માટે ઘણું જરૂરી છે. આ બાબતમાં દસમી પંચવર્ષિય યોજનામાં દરખાસ્ત અને મંજુરી મળવી જોઈએ.

આજકાલ દવાઓમાં પણ વનસ્પતિજન્ય દવાની અગત્યતા વધતી થઈ છે અને પરદેશમાં પણ પ્રયોગશાળામાં બનાવવાતી રાસાયણિક દવાઓ કરતાં વનસ્પતિથી મળતી દવાની માંગણી વધી છે. આનો પણ આપણે ફાયદાકારક રીતે ઉપયોગ કરી શકીએ એમ છીએ અને દસમી પંચવર્ષિય યોજનામાં આને પણ પ્રાધાન્ય મળવું જોઈએ કે જેથી રોજગારીની ઘણી તકો ઉભી થઈ શકે.

જંગલમાંથી વનવાસીઓને ઘણી સવલતો જાહેર થયેલી હોય છે. પરંતુ એમાંથી થોડી સવલતો એમને મળતી નથી અને જે કોઈ સવલત મળે તેની પણ ખૂબ લાંબી વિધિ હોય છે. ઘણીવાર જેટલી સવલતો જાહેર કરેલી હોય તેટલી ઉપલબ્ધી પણ વનોમાંથી થતી નથી. આને કારણે વનખાતાનાં અધિકારી અને વનવાસી વચ્ચે એક સંશયનું કારણ ઉભું થયેલ છે. ઘણીવાર વનવાસીઓને લાગે છે કે, સરકાર લોકોને આપવા માટે ખૂબ ઉદાર છે પરંતુ વનખાતાના અધિકારીઓ તેમને આ વસ્તુઓ આપતા નથી. આ બાબતમાં પણ દસમી પંચવર્ષિય યોજનામાં તેમને જોઈતી વસ્તુઓ તેમને સહેલાઈથી મળી રહે તે માટેની વિશદ અભ્યાસ કરીને યોગ્ય માળખું ઉભું કરવા વિચારવું જોઈએ. વનખાતાના અધિકારીઓ અને વનની નીતિ ઘડનારા અધિકારીઓએ સ્પષ્ટપણે સમજી લેવાની જરૂર છે કે, જ્યાં સુધી વનોનો વહીવટ એવી રીતે કરવામાં નહિ આવે કે વનો તેમની આર્થિક પ્રવૃત્તિનું સાધન બની જાય, ત્યાં સુધી વનવાસીઓને વન પ્રત્યે સાચો પ્રેમ કદી થવાનો નથી. આ દૃષ્ટિએ પણ દસમી પંચવર્ષિય યોજનામાં વનવાસીઓને આર્થિક ઉત્થાનને ઉન્નતિનું સાધન બની જાય તે માટે જરૂરી સમાવેશ થવો જોઈએ.

૩. ગૃહઉદ્યોગો :

આ ઉદ્યોગો માટે વનમાં વનવાસીઓ માટે ઘણી સારી તકો રહેલી છે. પરંતુ એમાં જરૂરી કૌશલ્ય પ્રાપ્ત કરવા, એમાંથી બનતી વસ્તુમાં વૈવિધ્ય લાવવાનું અને તેનું પોષણક્ષમ માર્કેટિંગ કરવાનું ઘણું જ જરૂરી છે. આ સગવડના અભાવે વનમાં ગૃહ ઉદ્યોગો વિકસ્યા નથી અને તેઓ જે કોઈ વાંસની વસ્તુઓ બનાવે છે તે પણ તેઓને ખૂબ જ સસ્તા ભાવે વેચી દેવી પડે છે. વન વિભાગે કોટવાલીયાઓ માટે માર્કેટીંગની સારી વ્યવસ્થા ઉભી કરી છે અને તેના સુંદર પરિણામો સામે પણ આવ્યા છે અને સારી એવી સંખ્યામાં કુટુંબો ગરીબીની રેખા ઉપરથી જીવતા થઈ ગયા છે. આ બાબતને મોટા પાયા પર લેવાની ખાસ જરૂર છે. તો જ તેની અસર વનવાસી સમાજમાં દેખાઈ શકે.

૪. મોટા ઉદ્યોગો :

આવા સુંદર પ્રદુષણ સિવાયના વિસ્તારની અંદર બીજા ઉદ્યોગો ન આવે એમ આપણે સ્વભાવિક ઈચ્છીએ પરંતુ જંગલ આધારિત ઉદ્યોગો અને ગૃહ ઉદ્યોગો પુરેપુરી સંખ્યામાં આવી ગયા પછી પણ જો કોઈ બેકારી જણાય તો જે ઉદ્યોગો પ્રદુષણ રહિત એવા ઈલેકટ્રોનિકસ ઉદ્યોગો આ વિસ્તારમા શરુ કરવા માટે પણ વિચારવું જોઈએ. પરંતુ જંગલ હજુ પણ એટલા સમૃદ્ધ છે કે તેમાં રહેતા વનવાસીઓને પુરેપુરા રોજી આપવા હજુ પણ સમર્થ છે ? કે ફક્ત આયોજન એટલું જ કરવાનું છે કે, આપણે જંગલ વિસ્તારની બહાર કોઈ ગોળ લાકડું જવા દઈએ નહિ.

ઉપર ચર્ચા કર્યા પ્રમાણે જે દસમી પંચવર્ષિય યોજનામાં આપણે યોજનાઓ વ્યાપકપણે અને અત્યાર સુધી આપણે જે રીતે આયોજન કરતા હતા તેમાં રહેલી મુળભૂત ક્ષતિઓ જો આપણે દસમી પંચવર્ષિય યોજનામાં દૂર કરી શકીએ તેવો વિકાસ આદિવાસી વિસ્તારમાં થઈ શકે એમ છે.

## જંગલ વિરુદ્ધ આદિવાસીઓનો દ્વંદ્વ

જંગલો કપાઈ ગયા છે - કપાઈ રહ્યા છે, એની બૂમ ચારે બાજુથી ઉઠી છે. આઝાદી પ્રશ્ચાત ભારતમાં જંગલોનો આડેધડ વિનાશ થયો છે નર્મદા નદીની ઉત્તરે અને દક્ષિણે આવેલી વિંધ્યાચળ અને સાતપુડાની હારમાળાઓ જે ફક્ત ૩૦ વર્ષ પહેલાં જંગલોથી છવાયેલી હતી, આજે સાવ બોડી થઈ ગઈ છે. પર્યાવરણને એક મોટો ખતરો ઉભો થયો છે. આવી અવદશા ઉભી કરવા માટે મહદઅંશે જવાબદાર એવું જંગલખાતું પણ સાવ ભોળા અને નિર્દોષ ચહેરા સાથે આ બૂમરાણમાં પોતાનો સૂર પુરાવી રહ્યું છે અને દોષનો ટોપલો સીફતથી જંગલ મધ્યે રહેતા આદિવાસીઓ ઉપર ઢોળવાની કોશિષ કરી રહ્યું છે. આદિવાસીઓને જંગલની જમીન પરથી કાઢો. જંગલ બચાવો પર્યાવરણ બચાવો.' એવો જંગલખાતાનો નારો બની ગયો છે.

શહેરોથી દૂર, શહેરોને જોડતા રસ્તાઓથી દૂર, સાતપૂડા ટેકરીઓની વચ્ચે, અડધા-પડધાં રહી ગયેલાં જંગલોની વચ્ચે, કપાયેલા વૃક્ષોનાં ઠૂંઠાઓની વચ્ચે વસેલા રાજપીપળા તાલુકા અને ડેડિયાપાડા તાલુકાના આદિવાસી ગામોની આ વાત છે. કાંઈ કેટલાય દાયકાઓથી, કદાચ સદીઓથી આ ગામોમાં વસેલા આદિવાસીઓ જંગલની જમીન ખેડીને પોતાનું ગુજરાન ચલાવે છે. વર્ષો પહેલા અંગ્રેજોના સમયમાં જે સર્વે સેટલમેન્ટ થયેલા તેટલી જ તેમની માલિકીની જમીનો, બાકીની બધી ખુલ્લી થઈ ગયેલી સાર્વભૌમ રાજ્ય એટલે જંગલખાતું ! ગુજરાતની પૂર્વપટ્ટીમાં આવેલા અન્ય જંગલ વિસ્તારોમાં અને ગુજરાત બહાર બીજા જંગલ વિસ્તારોમાં પણ ઘણુંખરું આ જ ચિત્ર જોવાનુ મળે. અંગ્રેજોએ જંગલો સાફ કરી નાંખ્યા એવી વાતો જાણવા-વાંચવા મળે છે. સાતપુડા-વિંધ્યાચળના પ્રદેશોમાં અમે જ્યાં જ્યાં ફર્યા અને જ્યાં જ્યાં તપાસ કરી ત્યાં અમને જાણવા મળ્યું કે જે કાંઈ તબાહી થઈ છે તે ત્રીસ વર્ષોમાં વનવાસીઓને મૂળભૂત સુવિધાઓ જેવી કે વીજળી, પાણી, નિશાળ, દવાખાના વિગેરે આપવાનું તો દૂર રહ્યું, પણ જીવનનિર્વાહ ચલાવવા માટે કોઈપણ જાતની રોજી-રોટીનાં સાધનો ઉભા કરવામાં સાર્વભૌમ અધિકાર ભોગવવા માંગતું આપણું જંગલખાતુ સાવ નિષ્ક્રિય અને નિષ્ફળ ! હજારો એકર ખુલ્લી થઈ ગયેલી જમીનો ઉપર જંગલ ઉછેરવા કોઈ તૈયાર નથી. જ્યાં આછો પાતળો પ્રયત્ન થયો છે તે સદંતર નિષ્ફળ ગયો છે. અને છતાં જ્યારે આદિવાસીઓ આ જમીનો ખેડવા લાગે તો તેમની પાસેથી પૈસા પડાવવા, ધાકધમકી આપવી, મારઝૂડ કરવી કે હાંકી કાઢવા એ જંગલખાતાની સામાન્ય રીતરસમ, વધતી જતી વસ્તી અને રોજીરોટીના સાધનોની અછત વચ્ચે ભીંસાતો આદિવાસી આ ખુલ્લા પડેલી જમાનોને ન ખેડે તો કરે શું ? જીવે કેમ ? અભણ, અસંગઠિત, મુંગા આદિવાસીઓ જાય ક્યાં ? કોને કહે ? જંગલખાતાના બીટગાર્ડો, ફોરેસ્ટરોને મનાવે, કરગરે મરઘી-દારૂ અને પૈસાની લાંચ આપે, મુંગે મોઢે ગાળો સહી લે, ધોલધપાટ ખાઈ લે, કેમેય કરીને આ જમીનનો ટુકડો ખેડવા દે છે. આવું કોણ જાણે કેટલાંય વર્ષોથી ચાલતું હશે ?

જ્યાં સુધી 'જંગલ બચાવો - જંગલ ઉછેરો'ની બૂમ ન ઉઠી અને જંગલખાતા ઉપર ભીંસ ન આવી, ત્યાં સુધી તો આવું બધું ચાલ્યા કર્યું. પછી કોઈ'એક પળે જંગલખાતાના ટોચના સ્તરેથી, એવું લાગે છે કે, ફતવાઓ

છૂટયા - જમીનો ખાલી કરાવો. જ્યાં લોકો જમીનો ખેડતા હતા, તેની આજુબાજુમાં સેંકડો એકરો જમીનો ખાલી પડેલી હતી, તેમાં ખાડાઓ ખોદાવીને ઝાડ વાવવાને બદલે જંગલના અધિકારીઓ 'બીનઅધિકૃત' કહેવાતી ખેડાણ જમીનો ઉપર ઉતરી આવ્યા. વાવણી માટે તૈયાર થયેલા ખેતરોમાં આજુબાજુનાં ગામોના મજૂરો પાસે ખાડા ખોદાવવા લાગ્યા. ઘણી વખત તો વાવણી થઈ ગયા પછી ઉભા થઈ રહેલા પાકની વચ્ચે ખાડા ખોદાવવા માંડયા. કોઈએ વિરોધ સરખો પણ નોંધાવ્યો. તો મારઝૂડ શસ્ત્ર અપનાવ્યુ. બધે હાહાકાર મચી ગયો. કોણ જાણે કેટલાય વનવાસી ખેડૂતોએ આવી જમીનો ખોઈ અને રોટી પણ ખોઈ. ફોરેસ્ટ, બીટગાર્ડના દંડા ખાધા એ નફામાં.

સૌપ્રથમ ૧૯૮૪ના જેઠ મહિનામાં નાંદોદ તાલુકાના ઝેર ગામનાં આદિવાસીઓના નેતા હિંમત ધોળા તડવી અમારી પાસે એમની વ્યથાના વીતક લઈને આવ્યાં. અમે પ્રશ્ન હાથમાં લીધો. જંગલો જમીનોના પ્રશ્નોની વિગતોમાં ધીમે ધીમે ઊંડા ઉતરતા ગયા. ભારતીય વન અધિનિયમ ૧૯૨૭ જંગલખાતાને સરકારી પડતર જમીનો, જંગલની જમીનો અને એ સિવાયની બીજી સરકારી જમીનોને અનામત જંગલમાં ફેરવવા માટેની વિશાળ સત્તા આપે છે. આ જમીનો ઉપર ગુજારો કરતાં આદિવાસીઓના વર્ષો જૂના ભોગવટાના હક્કો કલમના એક જ ગોદે કાઢી નાંખવામાં આવે છે. કાયદાની જોગવાઈઓમાં આદિવાસીઓની હિત રક્ષા માટે અમુક જોગવાઈઓ છે. પણ તે ઘણી અટપટી અને અમૂક રીતે અધૂરી છે. જંગલખાતું કયારેય આ જોગવાઈઓનો અમલ શુદ્ધબુદ્ધિથી કરતું નથી. આદિવાસીઓને તેમના હક્કોની જાણકારી આપવામાં આવતી અને સરવાળે આ જોગવાઈઓનો કોઈ અર્થ રહેતો નથી. ઘણી વખત તો એવું પણ જોવા મળ્યું કે અનામત જંગલ જાહેર કરવાની કાયદાની બધી પ્રક્રિયા પૂરી થાય તે પહેલાં ધમકીનું વાતાવરણ ઉભું કરીને આદિવાસી પાસે બધી જ જમીનો ખાલી કરાવવામાં આવી હોય. વૈકલ્પિક વ્યવસ્થા ઉભી કરવાનો જંગલખાતાએ તો ધરાર ઈન્કાર જ કર્યો. હાઈકોર્ટમાં રીટ અરજીઓ થઈ ત્યારે જંગલખાતાએ અચાનક ધડાકો કર્યો.

અમે તો જંગલ બચાવવા, ઉછેરવા આ જમીનો ખાલી કરાવીએ છીએ. જો આદિવાસીઓ જંગલમાં રહેશે, તો જંગલને કદી ઉભું નહિ થવા દે. જંગલમાં રહેલી આ આદિવાસીઓની વસાહતો તો મધપુડા જેવી, વિસ્તરતી જ જાય, અંકુરિત થઈ રહેલાં નવજંગલોને ઉગતાં જ ચૂંટી કાઢે. માટે જમીનો ખાલી કરાવો, જંગલ બચાવો - પર્યાવરણ બચાવો ! 'સો ચૂહા મારકે બિલ્લી હજ કો ચલી. પર્યાવરણના રક્ષક અને આશિકનું મહોરું પહેરીને જંગલખાતું કોર્ટ સમક્ષ હાજર થયું.' પર્યાવરણ વિરૂધ્ધ આદિવાસી ના દ્વંદ્વનો ખતરનાક ખેલ મંડાયો. એક પળ થોભીને જંગલખાતાએ વિચાર પણન કર્યો કે જંગલની વચ્ચો વચ્ચ સદીઓથી રહેતા આ આદિવાસીઓ ક્યાં જશે ? શું જંગલખાતું એમને હાંકી કાઢશે ? શું એ શક્ય છે ? આદિવાસીઓનો મધપૂડો એટલે જંગલોનો નાશ જેવો ખતરનાર દ્વંદ્વ ઉભો કરીને જંગલ ખાતું ક્યારેય જંગલ ઉભા કરી શકશે કે આદિવાસીઓને સામાજિક આર્થિક ન્યાય આપી શકશે ?

મુખ્ય ન્યાયમૂર્તિશ્રી પોટ્ટી આવી જાળમાં ફસાય એવા કાચી માટીના ન હતા. આ પ્રશ્નમાં ઊંડે જવા

કમિશન નિમાયુ. કમિશને આમ તો જંગલખાતાની મુખ્ય, ખતરનાક દલીલ. આદિવાસીની હાજરી ઉછરતા જંગલ માટે ખતરો છે - સ્વીકારી અને જંગલ ખાતાને ટેકો કરી આપ્યો. પણ સાથે સાથે બીજી બે વાત પણ કહી કે જંગલની કટાઈ માટે આદિવાસી તો માત્ર કુહાડીનો હાથો બન્યો છે. અને બીજું કહ્યું કે લોકોને ત્યાંથી ખસેડી ન શકાય અને વૈકલ્પિક નિર્વાહ માટેની વ્યવસ્થા ઉભી કરી આપવી જોઈએ. મુ.ન્યા.શ્રી પોટ્ટીએ રીટ દાખલ કરી અને મનાઈ હુકમ આપ્યો.

ત્યારપછી રાજપીપળા અને ડેડિયાપાડા તાલુકાના જંગલ વિસ્તારોમાં આવા જ બીજા પ્રશ્નો ઉભા થયા. હાઈકોર્ટમાં ફરિયાદ થઈ અને કોર્ટે મનાઈ હુકમ આપ્યો. પણ એમ લીધેલો તંતુ છોડે તો જંગલ ખાતું શેનું ? આ વર્ષે વળી જંગલખાતાએ નવો ખેલ ખેલવાનું નક્કી કર્યું. સ્થળ ઉપરથી આદિવાસી ખેડૂતોને કોર્ટના મનાઈહુકમને કારણે ફેંકી દેવામાં મુશ્કેલી ઉભી થાય છે, તો હવે ઠોકી દો મોટો મસ દંડ. આ વિસ્તારોમાં આદિવાસીઓ જે કહેવાતી બિનઅધિકૃત જંગલની જમીનો ખેડે છે, તેની ઉપર જંગલખાતું અત્યાર સુધી હેક્ટરે રૂ.૨૫થી ૪૫નો દંડ વસુલ કરતું હતું. આ વર્ષે જંગલખાતાએ અચાનક દંડ વધારીને હેક્ટરે રૂ. ૫૦૦/- કરી દીધો. અને સાથે સાથે ધમકી અને બળ પ્રયોગ શરૂ કર્યા. સીધી આંગળીએ ઘી ન નીકળે તો વાંકી આંગળીએથી કાઢવાનો ત્રાગડો જંગલખાતાએ રચ્યો. આ વિસ્તારના ગામોમાં જાણે કે એક સોપો પડી ગયો. હેક્ટરે રૂ. ૫૦૦/- જેવી રકમ લાવવી ક્યાંથી ? અને જો દંડ ન ભરાય તો જંગલખાતાવાળા નિર્દયી રીતે મારપીટ કરે અને જો ખેડે નહિ તો રોટલા ભેગા કેમ થવાય ? દુકાળ વિના દુકાળની પરિસ્થિતિ જાણે કે ઉભી થઈ. અમે જંગલખાતાના સૌથી ઉપરી અધિકારી અને ડી.એફ.ઓ. સમક્ષ આ લાચારીની, આ દુઃખની વાત રજૂ કરી. દંડ ઓછો કરવા વિનંતીઓ કરી પણ આ જંગલખાતું કાંઈ સાંભળે ? ફરીથી અમે કોર્ટનો આશરો લીધો, મનાઈહુકમ મળ્યો.

પણ, આ તે શું ? આવું ક્યાં સુધી ચાલે ? બંધારણમાં આદિવાસીઓને બક્ષવામાં આવેલા અધિકારો, બંધારણમાં સામેલ કરવામાં આવેલ સમાજવાદના સિધ્ધાંતો, આઈ.એલ.ઓ. (ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનીઝેશન) કન્વેન્શન ૧૦૭, જેની પર ભારત સરકારના દસ્તખત છે અને જેમાં આદિવાસી વિસ્તારોમાં જમીન પરના આદિવાસીઓના અધિકારો માન્ય રખાયા છે, તે બધાને ઠોકર ચડાવતા જંગલખાતાની આ આપખુદશાહી ક્યાં સુધી ચાલુ રાખવાની છે ? જંગલખાતાની આ મારઝૂડ અને દાદાગીરી ક્યાં સુધી સહેવાની છે ?

આ બધામાં વળી એક નવું પ્રકરણ ઉમેરાયું છે. સરદાર સરોવરથી ડૂબમાં જતા જંગલ વિસ્તારોમાં રહેતા રીંછ જેવા અન્ય પ્રાણીઓને વસાવવા માટે ગુજરાત સરકારે એક અભ્યારણ્ય બનાવવાનો નિર્ણય કર્યો છે. સેંકડો એકર જમીન ઉપર આ અભ્યારણ્ય બનાવવાની જાહેરાત થઈ છે. જંગલખાતુ ૩૦ ગામોની આસપાસ કાંટાળી વાડ ઉભી કરવાનું આયોજન કરી રહેલ છે અને આ વિસ્તારોમાંથી આદિવાસીઓના હિતોને વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ ની જોગવાઈઓના ઓઠા હેઠળ ધરાશાયી કરવાની તૈયારીમાં છે. ગામોમાં

નોટિસો અપાઈ ચૂકી છે. ફરીથી એક ખતરનાક દ્વંદ્વ ઉભો થઈ રહ્યો છે. 'રીંછ વિરૂધ્ધ આદિવાસી'. આ કાયદો ૧૯૭૨ માં અમલમાં આવ્યો છે. પણ તેની જોગવાઈઓ તો પરદેશી અંગ્રેજોએ ૧૯૨૭ માં ઘડેલા વન અધિનિયમ કે ૧૮૯૪ માં ઘડેલા જમીન સંપાદન અધિનિયમમાં જમીન ગુમાવનારને જે થોડું ઘણું પણ રક્ષણ આપવામાં આવ્યું છે, તેનાથી પણ ઉતરે તેવી છે. અંગ્રેજ રાજ્યકર્તાઓને પણ આપણા રાજ્યકર્તાઓ ટપી ગયા !

સરદાર સરોવરમાં ડૂબાણમાં જે જંગલ વિસ્તારો આવે છે, ત્યાં જંગલ શું રહ્યાં છે ? ઉપર કહ્યું તેમ નર્મદા નદીની આસપાસની સાતપુડા અને વિંધ્યાચળની ટેકરીઓ વર્ષો થયા લીસ્સી લોટી જેવી થઈ ગઈ છે. ડૂબમાં જતાં જંગલ વિસ્તારમાંના જંગલો કેવડાં ? અને તેમાં કેટલાં રીંછ ? આવો કોઈ વાસ્તવિક, વહેવારું અંદાજ મૂક્યા સિવાય કોઈકે વળી દલા તરવાડીની અદાથી નક્કી કરી નાખ્યું કે રાખો ૪૫,૦૦૦ હેક્ટર ! આવડા મોટા વિસ્તારને બાંધી દેવાની શું જરૂર ? 'આદિવાસીઓ વિરૂધ્ધ પર્યાવરણના હિતો' નો વગર કારણનો બીજો દ્વંદ્વ શા માટે ઉભો કરવાનો ?

દેશના પર્યાવરણ પર બહુ મોટો ખતરો તોળાઈ રહ્યો છે એ વાતમાં કોઈ બેમત નથી. જંગલોની આડેધડ, મૂળ સોતી કટાઈ પર્યાવરણ સામે ઉભી થયેલી કટોકટીનું એક અંગ છે. શહેરોમાં નવ ધનાઢ્ય થયેલા વર્ગોમાંથી ફર્નિચર અને મકાન બાંધકામ માટેના લાકડાની બેફામ માંગ ઉઠી રહી છે તેમાં આ આડેધડ કટાઈનાં કારણો રહેલાં છે. વન સંપત્તિ ઉપરનું એક ભારણ ગ્રામ્ય વિસ્તારોમાં ધીમે ધીમે ગંભીર સ્વરૂપ પકડી રહેલી બળતણ કટોકટીનું પણ છે. ગામડાની વસતી વધી રહી છે. સાધનો ટાંચા પડી રહ્યાં છે. બળતણ માટેનું લાકડું મળવું દોહ્યલું બન્યું છે. બળતણ માટે લાકડા સિવાયની કાયમી પોસાય તેવી અને સ્વનિર્ભર કોઈ વ્યવસ્થા વિચારાઈ નથી, ગોઠવાઈ નથી. શહેરોના સમૃધ્ધ લોકોને ગેસ, કેરોસીન અને કોલસાની લ્હાણ અને ગામડાની ગરીબ, ઉભરાતી વસતીને તેના પોતાના નસીબ પર છોડી દેવામાં આવી છે. ઘસાતાં જતાં જંગલો માટે આ પણ એક જવાબદાર કારણ ખરું.

કમનસીબે, પર્યાવરણની કટોકટીનો પ્રશ્ન ગુંચવાઈ ગયો છે અને ખોટી રીતે વગોવાઈ ગયો છે. 'પર્યાવરણ બચાવો'નું આંદોલન શહેરી મધ્યમવર્ગનું આંદોલન બની ગયું છે, જે ઊંડાણના, અંદરના, અફાટ ગ્રામ્ય વિસ્તારોની વિષમ સામાજિક આર્થિક પરિસ્થિતિથી અને આકાર લઈ રહેલી કુદરતી સાધનોની અછતની કટોકટીથી લગભગ સંપૂર્ણપણે અજાણ છે અને કદાચ બેતમા પણ છે. ફીલ વિલિયમ્સ જેવા આંતરરાષ્ટ્રીય પર્યાવરણવિદ્ પર્યાવરણનો નાશ અને અનુચિત વિકાસની તરાહ વચ્ચેના અંકોડા તરફથી આંગળી તો ચીંધે છે, પણ અનુચિત વિકાસ વિશે ઉંડી ગેરસમજણ ધરાવે છે અને તેથી ખોટા કાર્યકારણની સાંકળ રચે છે. આઝાદી પછીના ૪૦ વર્ષોમાં આર્થિક વિકાસની જે તરાહ બની, તેમાં શહેર તરફ સાધનોનો ધોધ વહ્યો. ગામડાને શોષીને, તારાજ કરીને શહેરોને સમૃધ્ધ બનાવવામાં આવ્યાં. સર્વાંગીણ વિકાસના નામે આપણે ઉભું કર્યું આંતરિક સંસ્થાનવાદનું વરવું અવરૂપ ! પર્યાવરણને ખોરવીને જ કહેવાતો વિકાસ સાધવામાં આવ્યો છે. શહેરી મધ્યમવર્ગ કેન્દ્રિત પર્યાવરણ આંદોલન આ વાસ્તવિકતાથી અજાણ છે કે વાસ્તવિકતા પીછાનવા સમર્થ નથી. શહેર કેન્દ્રિત પર્યાવરણ આંદોલનની આ એક મોટી નબળાઈ છે.

પર્યાવરણના આંદોલનમાં વળી ઉમેરાયું છે એક વધુ પાસું - ઉદ્દામ પર્યાવરણવાદ (અતિ પર્યાવરણવાદ) ન પશ્ચિમમાં ઉભરાયેલ આ વાદ પ્રકૃતિના વિવિધ અંગો જેવાં કે વૃક્ષ, પાણી, હવા, જીવજંતુ, અન્ય પ્રાણીઓ, અરે ખડક, પથ્થરને પણ વિકસી રહેલાં માનવ અધિકારીઓની સંભાવનાના વ્યાપમાં આવરી લેવાનું કહી રહ્યાં છે. સારાં નસીબે પશ્ચિમમાં 'રીંછ વિરૂધ્ધ માનવી' નો કડક દ્વંદ્વ ઉભો નથી થયો કે 'શહેર વિરૂધ્ધ ગામ' નો પેચીદો પ્રશ્ન પણ ઉભો થયો નથી. એવું કહી શકાય કે કદાચ પશ્ચિમને આવો અતિ પર્યાવરણવાદ પોસાય, આપણે એના વાદે ચડીયે તો આર્થિક વિષમતાઓનાં ફક્ત ઉમેરો જ કરીને રહીએ અને પર્યાવરણનો પ્રશ્ન તો ઉભો ને ઉભો જ રહે, કારણ કે પ્રશ્નની જડ ચૂકી જઈએ છીએ.

આમાં બાકી હતું તે જંગલખાતું પોતાનો સૂર પૂરાવવા સ્ટેજ પર આવી ગયું છે. અને 'પર્યાવરણ બચાવો' ના આંદોલનને વણમાગી વિકૃતિ અને વિચિત્રતાઓની લ્હાણ કરી રહ્યું છે. 'જંગલ વિરૂધ્ધ આદિવાસી' કે 'રીંછ વિરૂધ્ધ માનવી' જેવા કઢંગા વિરોધાભાસો ઉભા કરનારને બીજું શું કહેવું ?

આપણે તો પર્યાવરણ વિષે જુદી જુદી રીતે વિચારવું પડશે. જંગલો વિકસે અને ગ્રામીણ વિસ્તારોના ઈંધણ અને રહેઠાણના તથા વનવસીઓના જીવનમરણના પ્રશ્નો પણ ઉકલે એવો કોઈ રસ્તો શોધવો પડશે, જંગલ ખાતાએ જંગલની ખુલ્લી થઈ ગયેલી જમીનો ઉપરનો સાર્વભૌમત્વનું ગાંડું અને છીછરું મમત્વ છોડવું પડશે. જંગલો ઉગાડવા માટે જંગલની વચ્ચે રહેતા આદિવાસીઓનો સાથ-સહકાર ખંતથી અને નિષ્ઠાપૂર્વક શોધવો પડશે, મોટા પાયા ઉપર સાધનો ફાળવવા પડશે, મોટા પાયા પર વૃક્ષો કેમ ઉગાડવા તેની ટેકનોલૉજી શોધતી પડશે, અપનાવવી પડશે અને વનવાસીઓને જંગલ જમીન પરનો માલિકી હક્ક આપવો પડશે તેમજ વૃક્ષો પરનાં સંપત્તિ અધિકારો આપવા પડશે. તો જ આદિવાસીઓ મોટા પાયા પર જંગલો ઉછેરશે અને તો જ જંગલના નાશમાં પ્રતિબિંબિત થતી પર્યાવરણની કટોકટીનો એક ભાગ નિવારી શકાશે.

છેલ્લાં કેટલાક સમયથી ગુજરાતની પૂર્વ પટ્ટીના આદિવાસી વિસ્તારમાં નક્સલવાદ ફેલાઈ રહ્યો છે. તેવી બુમરાણ મચાવવામાં આવે છે. જે લોકો આવી બુમ મચાવે છે તેમને નક્સલવાદની કે આદિવાસીઓની સ્થિતિની ખબર નથી. તેમ છતાં સવાલ એ ઉભો થાય છે કે એકવાર તદ્દન - શાંત આદિવાસી વિસ્તારમાં અને આજ્ઞાંકિત આદિવાસી લોકોમાં આ વમળો કેમ પેદા થવા લાગ્યા છે. તો આ પરિસ્થિતિને સમજીને તેમના પ્રશ્નો હલ કરવા અંગેના યોગ્ય પગલાં લઈએ તો ભવિષ્યમાં ઉભાં થનારા તનાવો કદાચ નિવારી શકાય.

**આદિવાસી વિભાવનાના સવાલો :**

સર્વપ્રથમ તો આદિવાસીઓ વિશેનો આપણો ખ્યાલ ફરી તપાસી જવા જેવો છે. બ્રિટીશરો આફ્રિકા, અમેરિકા અને ઓસ્ટ્રેલિયા ગયા અને ત્યાં તેમણે પોતાના કરતાં જુદા અને ઓછા વિકસીત લોકો જોયા. તેમણે માની લીધું કે સમગ્ર જગતમાં યુરોપ સુસંસ્કૃત (સીવીલાઈઝડ) છે અને બીજા બધાં આદીમ (પ્રીમીટીવ) છે. જે લોકો આદીમ છે તે ટોળી (ટ્રાઈબ) માં રહે છે અને જે લોકો સુસંસ્કૃત છે તે રાષ્ટ્ર (નેશન) માં રહે છે.

વળી તેમણે એમ પણ માન્યું કે આવા આદીમ લોકો જો સુસંસ્કૃત લોકોના પરિચયમાં આવે તો તેમનો વિકાસ થાય. બ્રિટીશરોનો આ ખ્યાલ આપણે સ્વીકાર્યો છે. અને આદિવાસીઓ પછાત છે, અજ્ઞાત છે, અભણ છે, વહેમો છે, અને આપણે બીન આદિવાસીઓએ તેમનો વિકાસ કરવાનો છે તેવો ખ્યાલ તમામ સ્તરે પ્રવર્તે છે. હકીકતમાં ગુજરાતનો ઇતિહાસ એમ બતાવે છે કે આ આદિવાસીઓ એકવાર પ્રમાણમાં મેદાની વિસ્તારોમાં વસતાં હતા. ૧૦ મી થી ૧૬મી સદી વચ્ચે રાજપુતાનાથી આવેલા રાજપુતો સાથે તેમને યુદ્ધો થયા અને તેમને જંગલોમાં હાંકી કાઢયા. જંગલોમાં ગયેલા લોકોનું જીવન આર્થિક રીતે નબળું બનવા માંડ્યું એટલે પહેલેથી આ લોકો આદીમ હતા અને આપણે તેમનામાં જઈશું તો તેમનો વિકાસ જ કરીશું. આ માન્યતા ભૂલ ભરેલી છે. હકીકતે સદ્‌ગત પંડીત જવાહરલાલ નહેરુએ આદિવાસી પંચશીલના જે સિધ્ધાંતો આપ્યા હતા તે આદિવાસી વિકાસ કાર્યક્રમોમાં આજે તદ્દન ભૂલાઈ ગયા છે. અને આદિવાસી વિકાસને નામે આપણે સરકારી તંત્ર વધારતા જઈએ છીએ. પંડિત જવાહરલાલ નહેરુ આની તદ્દન ખિલાફ હતા અને તેઓ માનતા કે આદિવાસીઓનો વિકાસ આદિવાસી સંસ્થાઓ મારફતે જ થવો જોઈએ.

**(૧) જંગલ અને જમીનના હક્કોની સમસ્યા :**

૧૦ મી થી ૨૦મી સદી વચ્ચે આવી રીતે જંગલોમાં હાંકી કઢાયેલા ભીલો અને કોળી લોકો જંગલ વિસ્તારમાં જઈ જંગલ સાફ કરી ખેતી કરવા લાગ્યા. આદિવાસી શબ્દ બ્રિટીશરોએ આપ્યો છે. એ પહેલાં આ પ્રજાને આપણે ભીલ, કોળી કે અન્ય સ્થાનિક નામોથી ઓળખતા હતા. કોઈ કેન્દ્રિય માલિકીના અભાવે જમીન માલિકીના દસ્તાવેજોનો સવાલ જ ઉપસ્થિત થતો નહોતો. જે માણસને પોતાના કુટુંબનું પૂરું કરવા માટે જેટલી જમીનની જરૂર પડે તેટલી તે ખેડતો હતો. જમીન પુષ્કળ હતી. વસ્તી ઓછી હતી. આ સ્થિતિની અંદર ૧૮૫૪ માં રેલવેના સ્લીપર્સ માટે ઠેકેદારો જ્યારે જંગલમાં સાગ કાપવા ગયા ત્યારે આદિવાસીઓએ વિરોધ કર્યો. નાના પ્રમાણમાં મારામારીઓ થઈ. અને બ્રિટીશ સરકારને લાગ્યું કે જંગલો તો રાજ્ય પાસે જ હોવા જોઈએ. તેથી ઈ.સ. ૧૮૬૪માં પ્રથમવાર ફોરેસ્ટ એક્ટ પસાર કરીને જંગલોની તમામ જમીનોનો કબજો બ્રિટીશ સરકારે લઈ લીધો. અને તેમાં વસનારા આદિવાસી ગેરકાયદે રહેનારા છે તેવું જાહેર કર્યું. આથી સર્વપ્રથમ સવાલ તો આવી જમીન ખેડનારાઓનો ખેડ હક્ક આપવાનો છે. વગડે કબજો હોય તેને તે જમીનનો ખેડહક્ક મળે તેવું કરવું જરૂરી છે.

અત્યારે પર્યાવરણ અને વન ઉછેર ને નામે પ્રવાહ ઉલટો ચાલ્યો છે તેને નામે આદિવાસીઓના જંગલ પરના હક્કો પર તરાપ પડતી જાય છે. વંશપરંપરાગત રીતે જંગલની જમીન ખેડનારને ગેરકાયદે ખેડનાર ગણીને દંડ વધારી દેવામાં આવ્યો છે. પર્યાવરણવાદીઓના દબાણ પછી સરદાર સરોવરે રીંછનું અભયારણ્ય બનાવવા માટે સુરપાણેશ્વરના નજીકના આદિવાસી ગામડાઓ આજુબાજુ દિવાલ રચવાની વાત કરીને 'ટ્રાયબલ રીઝર્વસ' બનાવી દીધાં. શહેરના ઝૂમાં જેમ પ્રાણીઓને પીંજરામાં રખાય તેમ જંગલના ઝુ (અભયારણ્ય) માં માનવીઓને દિવાલમાં બાંધી દીધાં.

પર્યાવરણને નામે આવો જુલમ કર્યા વિના પર્યાવરણ જાળવી શકાય. તેવી જ રીતે આદિવાસીઓને જંગલ પર અધિકારો આપીને વનીકરણ કરી શકાય. આ માટે આપણે પશ્ચિમના જંગલના ખ્યાલો પ્રમાણે ચાલવાની જરૂર નથી. અમેરિકામાં માનવવિહીન જંગલ હોઈ શકે. એશિયામાં એ શક્ય નથી. અહીં માનવ સહિતનાં અને માનવને પણ રીંછ જેટલાં જ હક્ક મળે તેવાં જંગલો હોવા જોઈએ. શહેરના માણસો માટે જંગલ એ લાકડું પ્રાપ્ત કરવાનું ભયંકર પ્રાણીઓ વસતાં હોય તેવું સ્થળ છે. જ્યારે આદિવાસીઓ માટે જંગલ તેમનું પર્યાવરણ છે. તેમની રોજી-રોટી છે તેમને અલગ ન પાડી શકાય.

૧.૧ કેટલાંક જંગલના ગામોમાં લેન્ડ સેટલમેન્ટ થયું છે, પરંતુ તેને આજે ૭૦ થી ૮૦ વર્ષ વીતી ચૂક્યાં છે. ફરીવાર સેટલમેન્ટ થયું નથી એટલે આદિવાસીઓની જમીનના પ્રશ્નો માટે એક સેટલમેન્ટ રીવીઝન કરવું જરૂરી છે.

૧.૨ આદિવાસી વિસ્તારમાં તલાટી ગામડાઓમાં રહેતાં નથી. દફતરમાં આધુનિક નોંધ થતી નથી. ખાતા-ફોડ થતી નથી. તેથી ઘણાં પ્રશ્નો ઉભા થાય છે. આથી એક રેવન્યુ ટ્રીબ્યુનલ નીમીને આવી તમામ ફરિયાદો સાંભળીને તત્કાળ નિકાલ કરે તેવી વ્યવસ્થા ઉભી કરવી જરૂરી છે.

૧.૩ આપણાં જમીન સુધારણા કાનૂન હેઠળ ખેડે તેની જ જમીન હોવી જોઈએ. ૮ કિ.મી. ની અંદર રહીને પોતે જમીન ખેડતાં હોય તેને જ જમીન હક્ક પ્રાપ્ત થાય, એ જોવામાં આવે. તો એક બાજુ સુપરવાઈઝરી ફાર્મર અને બીજી બાજુ જમીન વિહોણા ખેતમજૂર એમ બંને કેટેગરી નાબૂદ થઈ જાય. આને માટે આદિવાસી સંગઠનો ઉભા કરીને ઝુંબેશ ઉપાડવી જરૂરી છે.

૧.૪ કેટલીક જગ્યાએ આદિવાસીઓની જમીનો બિન આદિવાસીઓએ લઈ લીધી છે. અલબત્ત, આતો ઐતિહાસિક પ્રક્રિયા છે. પણ હાલ દફતરે પ્રાપ્ત થાય તેવી માહિતીમાં જો આવા કિસ્સાઓ જોવા મળે તો તે જમીનને આદિવાસીઓને પરત કરવાની વ્યવસ્થા કરવી પડે અને તેને માટે આદિવાસીઓની જમીન પરત કરવાનો કાયદો મહારાષ્ટ્ર સરકારની પેટર્ન પર લાવવો પડે.

૧.૫ બંધો, રસ્તાઓ, ઔદ્યોગિક વસાહતો, પણ વગેરે માટે આદિવાસીઓની જમીન લઈ લેવામાં આવે છે. હાલ જમીન સંપાદન ધારા હેઠળ માત્ર નાણાંકીય વળતર આપવાની જોગવાઈ છે. આવું વળતર વપરાઈ જાય છે. અને એક વખતનો જમીનધારક કંગાળ બની જાય છે. આથી જે આદિવાસી વિસ્તારમાં આવા કોઈ પ્રોજેક્ટ કરવામાં આવે ત્યાં વિસ્થાપિતોનો પુનર્વસવાટ એ પ્રોજેક્ટના જ એક ભાગરૂપ હોવો જોઈએ. જો આમ હોય તો જ પ્રોજેક્ટને મંજૂરી મળવી જોઈએ. પ્રોજેક્ટ લાભીતોને જેટલા લાભ થાય તેટલો જ લાભ વિસ્થાપિતોને થાય તેવું સાબિત થાય તેજ પ્રોજેક્ટને મંજૂરી મળવી જોઈએ. આપણા એ સિંચાઈ ધારામાં લાભીત ખેડૂતોની પાસેથી વિકાસ માટે $\frac{1}{3}$ જમીન લઈ લેવાની જોગવાઈનો અમલ કોઈ દિવસ થયો નથી. તેવી જ રીતે જમીન ટોચમર્યાદા ધારા હેઠળ પણ જમીન મેળવી શકાય

છે, તેનો અમલ પણ કોઈ દિવસ થયો નથી. એટલે આ બધી કાનૂની જોગવાઈઓનો અમલ કરવો અને હવેથી એક પણ આદિવાસી જમીન ન ગુમાવે તે જોવું.

૧.૬ આદિવાસી વિસ્તારમાં ગણોતિયાઓનું પ્રમાણ ઘણું મોટું છે. બિન આદિવાસીઓના હાથમાં જમીન હોય અને આદિવાસી ગણોતિયાઓ હોય પણ ગણોતિયા તરીકે નામ ન નોંધાય એટલા માટે તેને વાર્ષિક કોન્ટ્રાક્ટ ગણવામાં આવે છે. આવા છૂપા ગણોતિયાઓનો એક અભ્યાસ રાજય સરકારે તત્કાળ કરાવવો જરૂરી છે.

૧.૭ આદિવાસીઓના સંદર્ભમાં જમીન અને જંગલ સાથે જ જાય છે. જંગલો પરંપરાગત રીતે આદિવાસીઓના છે. એથી જંગલો ઉછેરવાનું કામ જો જંગલખાતા મારફતે કરવાનું આવે તો મોંઘું પડે છે અને વૃક્ષ ઉછેર મંડળીઓ દ્વારા કરવામાં આવે તો સસ્તું પડે છે. આથી તમામ જંગલ ઉછેરનું કામ આદિવાસીની જંગલ મંડળીઓ પાસે જ કરાવવું. જંગલ ખાતાનું કામ માત્ર દેખરેખ રાખવું વાસ્તવમાં આદિવાસીઓની વૃક્ષ ઉછેર મંડળીને જમીન આપવાની જોગવાઈ છે, પરંતુ આ વૈધાનિક જોગવાઈઓ અમલ થવો જરૂરી છે.

(૨) પાણીની સમસ્યા :

જ્યારે જંગલો ગાઢ હતા ત્યારે વરસાદનું પાણી જમીનમાં પચીને ટકી રહેતું હતું. આથી ચોમાસામાં વરસાદના પાણીથી અનાજની ખેતી થતી, જ્યારે શિયાળામાં ભેજથી બીજો પાક લઈ શકાતો. જંગલો કપાતાં તળના પાણીનો ભેજ નાશ પામ્યો. તેથી મોટા ભાગના આદિવાસી ખેડૂતો હવે એક જ પાક લઈ શકે છે. કેટલીક જગ્યાએ તો પીવાનું પાણી લેવા પાંચ કિલોમીટર સુધી જવું પડે તેવી સ્થિતિ સર્જાતાં એક સ્ત્રી-પુત્રી સતત પીવાના પાણીના કામમાં રહે તેવી સ્થિતિ સર્જાય છે. પાણીની અછત ચોમાસાના ચાર માસ સિવાયના સમયમાં આદિવાસીઓને ભટકતા મજૂરો બનાવી દીધાં છે. આથી જળને જીવન ગણી આદિવાસી વિસ્તારના પાણીના સ્ત્રોતો પુનઃજીર્વિત થાય તેવું આયોજન કરવું જરૂરી છે.

૨.૧ એકવાર જમીન મળ્યા પછી વર્ષમાં એક પાક લેતો આદિવાસી પાણીની સગવડ મળે ત્રણ પાક લેતો થાય. આને માટે પહેલું તો અત્યાર સુધી આપણે જે બંધો બાંધ્યા તે ખોટી જગ્યાએ બંધાય છે. ઉકાઈનો બંધ બાંધવાની બારડોલીના પાણીવાળા મેદાની વિસ્તારને આપણે નહેર આપી અને ઉચ્છલ તથા નિઝરના આદિવાસા વિસ્તારોને બેહાલી પ્રાપ્ત થઈ. આવું જ આપણી ઘણી બધી સિંચાઈ યોજનાઓ અંગે કહી શકાય.

૨.૨ પરંતુ ઉપરોક્ત ભૂલ સુધારવાનો હવે કોઈ અર્થ નથી. હવે માત્ર આદિવાસી વિસ્તારને પાણીની સગવડ પૂરી પાડવી જરૂરી છે. ઉદ્વહન સિંચાઈ આદિવાસી વિસ્તારને સૌથી વધુ અનુકૂળ થાય તેવી સિંચાઈ પધ્ધતિ છે. આ માટે અનેક નાના નાના બંધારા તથા ગામ તળાવ કરીને ઉદ્વહન સિંચાઈ યોજનાથી આદિવાસી વિસ્તારોને પાણી પૂરું પાડી શકાય.

૨.૩ સરકારે કેટલીક ઉદ્‌વહન સિંચાઈ યોજનાઓ આદિવાસી વિસ્તારોમાં કરી છે. પરંતુ તેમાંના મોટા ભાગની યોજનાઓ બેદરકારીભર્યા સંચાલનને કારણે બંધ પડી છે. તેની સાથે પ્રજાકીય સંસ્થાઓ દ્વારા આદિવાસીઓની સહકારી મંડળીઓ દ્વારા ચલાવાતી સિંચાઈ યોજનાઓ ખૂબ જ સફળતાપૂર્વક ચાલે છે. આથી આદિવાસી વિસ્તારની તમામ ઉદ્‌વહન સિંચાઈ યોજનાઓ પ્રજાકીય સંસ્થાઓ મારફતે કરાવવી.

૨.૪ દાહોદમાં સદ્‌ગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન તરફથી ચલાવાતી યોજનાઓનો એક અભ્યાસ રાજ્ય સરકારે કરાવવો. તેની ભલામણને આધારે ઉદ્‌વહન સિંચાઈ યોજનાઓનું માળખું ઉભું કરવું. આવી સિંચાઈ યોજના ઘડનાર અને ચલાવનારને યોગ્ય તાલીમ આપવી.

**(૩) વેચાણ વ્યવસ્થા :**

જમીન અને પાણી મળી રહ્યાં બાદ ઉત્પાદન વધે ત્યારે યોગ્ય વેચાણ વ્યવસ્થા પણ ઉભી કરવી જરૂરી છે. અત્યાર સુધી એવું બન્યું છે કે આદિવાસીઓ મહેનત કરીને ઉત્પાદન કરે અને વહેપારીઓ કમાય અથવા જંગલખાતું કમાય. આથી વહેપારી અને જંગલ ખાતું બંને માળખાં નાબૂદ કરવા જરૂરી છે.

૩.૧ આદિવાસી વિસ્તારમાં વેચાણ વ્યવસ્થા ઉભી કરવા માટે મોટાપાયા પર સહકારી મંડળી ઉભી કરવી જરૂરી છે. આમ તો ઘણી બધી સહકારી મંડળીઓ છે. પરંતુ વહેપારીઓ અને જંગલ ખાતું તથા અન્ય માળખાઓ હોવાથી તેમની સ્પર્ધામાં ટકી શકતી નથી. એટલે વેચાણ વ્યવસ્થા માત્ર મંડળીઓ દ્વારા થાય તે જરૂરી છે.

૩.૨ સહકારી મંડળી ઉભી કરવા માટે માત્ર માળખું ઉભું કરવું જરૂરી નથી. જો તેમાં પ્રાણ ન હોય તો મંડળીઓ ચાલશે નહીં. આથી મોટા પાયા પર સહકારી મંડળી ઉભી કરવા માટે તાલીમનું આયોજન કરવું જરૂરી છે. આ તાલીમ ભાષણબાજી નહીં આપી શકાય, "પાઉલો ફાયરે" 'ડાયોલોજીકલ કૉન્ટાઈઝેશન' ની પધ્ધતિ વિકસાવી હતી. તેનો ઉપયોગ કરીને આદિવાસી શિબિરોનું આયોજન કરવું જરૂરી છે. આનાથી જાગૃતિ પેદા થશે અને આવાં જાગૃત આદિવાસીઓ પોતે જ સંગઠન બનાવશે એટલે સંગઠન ઉપરથી લાદવાને બદલે અંદરથી સંગઠન ઉભું થાય તે વધુ મહત્વનું છે.

૩.૩ ઉદ્‌વહન સિંચાઈ યોજનાઓ ચલાવવા માટે પણ ઉદ્‌વહન સિંચાઈ સહકારી મંડળી ઉભી કરવી જરૂરી છે. આ મંડળીઓમાં પાણી ન મળનારને પણ શેરફાળો મળે તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે.

૩.૪ જંગલની ગૌણ પેદાશો એકત્ર કરવાનું કામ આજે જંગલખાતું કરે છે. તેને બદલે આ ગૌણ પેદાશો એકત્ર કરીને વેચાણ કરવાનું કામ તે માટેનો સહકારી સંઘ કરે તેની વ્યવસ્થા કરવી જરૂરી છે. જરૂર પડે જંગલખાતું તેના નિષ્ણાતો દ્વારા સંઘને સેવા આપી શકે. પરંતુ જંગલખાતું આ કામ કરે છે, તેથી આદિવાસીઓને ઓછી મજૂરી મળ્યાના અને ખાતાના ખર્ચ થયાના અનેક મુદ્દાઓ ઉભા થાય છે. તેથી વહેલી તકે આ વ્યવસ્થા ઉભી કરવી.

૩.૫ વૃક્ષ ઉછેરનું કામ કરવા માટે વૃક્ષ ઉછેર સહકારી મંડળીઓ ઉભી કરવી. દક્ષિણ ગુજરાતમાં કામ કરતી જંગલ કામદાર મંડળીઓ પણ આ કામ કરી શકે છે. આ કામદાર મંડળીઓ એક વૃક્ષ કાપે અને તે પહેલાં બે વૃક્ષ વાવે તેવી વ્યવસ્થા થવી જરૂરી છે.

(૪) લાકડાંની અછત :

પહેલાં આદિવાસીઓને આ જંગલોમાંથી પોતાના ઉપયોગ માટે મફતમાં લાકડું મળી રહેતું અને તેમનું સમગ્ર જીવન જંગલના વૃક્ષો થકી જ ચાલતું હતું. લીલા વાંસનું અથાણું થાય, મહુડાનારોટલા થાય અનેશીરો થાય. આ બધું હવે સ્વપ્નવત્ બની ચૂક્યું છે. મકાન માટે, બળતણ માટે કે અન્ય કોઈપણ જરૂરીયાત માટે લાકડું મળવાની મુશ્કેલી સર્જાઈ છે અને બળતણનું લાકડું પ્રાપ્ત કરવા માટે પણ આદિવાસી કિશોરીને લગભગ આખો દિવસ ભટકવું પડે છે. પીવાનું પાણી મેળવવા માટે પણ આ રીતે ભટકવું પડે છે. આ રીતે જીવન જરૂરીયાતની ચીજો મેળવવા માટે ભટકવું પડતું હોવાથી શિક્ષણ પરત્વેની અસર પડે છે. જે લોકો સહેલાઈથી બળતણ, પાણી મેળવી શકે છે તેઓના બાળકો ભણીશકે છે અને વિકાસના ફળો મેળવી શકે છે. જીવન જીવવા માટે આ વસ્તુઓ મેળવવા માટે જેને મથામણ કરવી પડે છે તેમનાબાળકો ભણી શકતા નથી. આ પરિસ્થિતિમાં માત્ર આશ્રમશાળા કરવાથી, માત્ર મીડ ડે મિલ્ક કરવાથી કે માત્ર મફત શિક્ષણ આપવાથી સવાલ પૂરો થતો નથી.

૪.૧ પ્રથમ તો આદિવાસીઓને બળતણ માટે સતત લાકડું મળતું રહે તે માટેનું આયોજન કરવું પડે. ઝડપથી ઉગી શકે તેવી જાતો તેમના ઝુંપડા નજીક વવાય અને આ જાતો કાપવાની તેમને છૂટ આપવામાં આવે. આવું થશે તો સાગ કે સીસમ જેવું મોંઘુ લાકડું બળતણમાં જતું બચાવી શકાશે.

૪.૨ આદિવાસીઓની કોલસા પાડનારા મંડળી બનાવી સ્થાનિક રાહે કોલસા પાડીને આદિવાસીઓને મળે તેવી વ્યવસ્થા કરવાથી આદિવાસીઓ દ્વારા અને આદિવાસીઓના નામે થતી લાકડાંની ચોરી અટકાવી શકાશે.

૪.૩ જે આદિવાસીઓ મકાનની જરૂરિયાત પર હજી સ્થપતિઓએ જોઈએ તેટલું ધ્યાન આપ્યું નથી. સ્થાનિક સાધનો, માટી, પત્થર વગેરેના ઉપયોગ તરફ તેમને વાળીને જો મકાનો બાંધવામાં આવે તો લાકડાનો ઉપયોગ ઓછો કરી શકાય.

૪.૪ જે આદિવાસીઓ વ્યવસ્થિત રીતે વાડામાં ઢોર-ઉછેરે છે તેમને બાયો ગેસ તરફ વાળી શકાય.

(૫) કામના અધિકારનો પ્રશ્ન :

પહેલાં આદિવાસી વિસ્તારમાં જંગલની પેદાશો મળી રહેતી હતી. શિકાર મળી રહેતો હતો. પાણી અને લાકડું સહેલાઈથી મળી રહેતાં હતાં. આજે આદિવાસીઓને પૂછીએ તો કહેશે કે કામ નથી અને તાણ

બહુ પડે છે. કમનસીબે કામના અધિકારનો અર્થ આપણા અર્થશાસ્ત્રીઓએ રોજગારનો કર્યો છે અને વિવિધ સરકારી યોજનાઓ દ્વારા રોજગારી પર મંજૂરી આપવામાં આવે છે. આનાથી પહેલાંની કામની પરિસ્થિતિનું વળતર તો મળતું નથી, પરંતુ તે સરકારી તંત્રનો આશ્રિત બની જાય છે. વિકાસનો અર્થ બરાબર આનાથી ઉંધો થાય છે. વ્યક્તિ જ્યારે વધુને વધુ સ્વાયત્તતા પ્રાપ્ત કરે છે ત્યારે તે વિકાસ કરી શકે છે.

૫.૧ જે કંઈ રોજી મળે છે તેમાં પણ લઘુત્તમ વેતનના તથા અન્ય સવાલો ખૂબ જ મોટા પ્રમાણમાં થાય છે. જંગલ ખાતું જાહેર બાંધકામ ખાતું વગેરે જે રોજી આપે છે તે પીસ રેટ પર આપે છે અને આ દરો એટલા ઓછા હોય છે કે તેમને લઘુત્તમ વેતન પણ મળતું નથી. જેમને લઘુત્તમ વેતન મળતું નથી તેમને શરીર ટકાવી રાખવા પૂરતું ખાવાનું પણ મળતું નથી. આથી જો કોઈ સરકારી કે ખાનગી રોજીવાળા લઘુત્તમ વેતન ન આપતું હોય તો તેને ફોજદારી ગુનો ગણવો જોઈએ. તેમ છતાં, અછતના વર્ષમાં લઘુત્તમ વેતનની જોગવાઈને સસ્પેન્ડ કરવામાં આવે છે. આ વખતે વહેપારીઓનો નફો કે સરકારી અધિકારીઓના ભથ્થાં સસ્પેન્ડ થતાં નથી.

૫.૨ આદિવાસી વિસ્તારમાં અનેક પ્રકારના રોજી આપવાના કાર્યક્રમોને બહાને જાતજાતનાં સરકારી કાર્યાલયો અને અધિકારીઓ મૂકી દીધાં છે તે પાછા ખેંચી લેવાં. આપણે જઈને તેમને રોજી આપશું તે સમયમાંથી બહાર નીકળી જઈશું તો જ સતત વધતી જતી અમલદારશાહીને ઓછી કરી શકીશું.

૫.૩ આદિવાસી યુવકોનાં સ્થાનિક મંડળો (બહારની સ્વૈચ્છિક સંસ્થા નહીં) ઉભાં થાય તેવી પ્રક્રિયાને વેગ આપવો, સંકલિત ગ્રામ વિકાસ યોજના તથા એવા અન્ય કાર્યક્રમોમાં કાર્યક્રમના ઘડતર અને અમલમાં સ્થાનિક લોકોની સામેલગીરીની વાત છે જ, માત્ર આપણે તેનો અમલ કરતાં નથી. તો આ અમલ શરૂ કરી દઈ સ્થાનિક લોકોની ઇચ્છા મુજબ રોજગારીના કે વિકાસના કાર્યક્રમો ઘડાય અને તેમની જ નોંધાયેલી સંસ્થા દ્વારા તેનો અમલ થાય તે જોવું જરૂરી છે. જવાહર રોજગાર યોજનાના પૈસા સરપંચને આપી દીધાં પરંતુ સરપંચ એ આમ જનતાના હિતોના રખેવાળ નથી.

આદિવાસીઓનો પ્રશ્ન એટલે વિકાસ માટે કેટલીક ચીજો આપી દેવાનો પ્રશ્ન નહીં. આપણે આદિવાસી વિકાસ ઇચ્છતા હોઈએ (આદિવાસીઓ ઇચ્છે છે કે નહીં અને તેમની ઇચ્છાનું કેટલું જોર તે અલગ વાત છે) તો આદિવાસીઓના હાલ પ્રવર્તમાન જમીન અને જંગલો સંબંધો તથા આદિવાસી - બિન આદિવાસી સંબંધોમાં ધરમૂળથી પરિવર્તન લાવવું પડશે. એ નહીં થાય ત્યાં સુધી વિકાસ કાર્યક્રમો ઉપરચોટીયા રહેશે.

**ટીમરૂપાન એકત્રિકરણની અસર :**

ટીમરુ વૃક્ષ એ લંબાઈ અને ઘેરાવાની દ્દષ્ટિએ મધ્યમ કદનું ઝાડ છે. જે ભારતમાં સુકાં અને ઝાંખા પડી ગયેલા મિશ્ર જંગલ વિસ્તારમાં થાય છે. જ્યાં ખાખરાના વૃક્ષ હોય ત્યાં ત્યાં ટીમરુના વૃક્ષ હોય છે તેના પાનમાંથી ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, સિલોન અને કેટલાક પૂર્વના દેશોમાં બીડી બનાવવાનો ગૃહઉદ્યોગ

વિકસ્યો છે. ભારતમાં આંધ્રપ્રદેશ, બિહાર, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરીસ્સા, રાજસ્થાન, તામીલનાડુ, પશ્ચિમ બંગાળ અને દક્ષિણ-ઉત્તર પ્રદેશમાં ટીમરૂના વૃક્ષ થાય છે. ભારતમાં એક અંદાજ પ્રમાણે અશરે ૩૦૦૦૦૦ ટન ટીમરુના પાન ઉત્પાદન થાય છે. જેનો રાજ્યવાર ફાળો નીચે મુજબ છે. મધ્યપ્રદેશ ૪૬ %, મહારાષ્ટ્ર ૧.૨ %, આંધ્રપ્રદેશ ૧૩ %, ઓરીસ્સા ૧૦.૭ %, ઉત્તરપ્રદેશ ૩.૪ %, ગુજરાત ૦.૮ % અને અન્ય રાજ્યોમાં ૧.૦ % (ભારત સરકાર - ૧૯૭૦) ગુજરાતમાં દરિયા કિનારા સિવાયના રાજ્યના બાકીના ભાગોમાં ટીમરૂ વૃક્ષ થાય છે. ટીમરૂનો છોડ બિયારણમાંથી ઉગે છે. અને મૂળીયામાંથી પણ ફૂટી નીકળે છે. ટીમરૂનું ઝાડ સાત થી આઠ ફૂટની જાડાઈવાળું પણ હોય છે. તેના લાકડાના અંદરના ભાગનો ઉપયોગ સામાન્ય રીતે વણકરના શાળનો કાંઠલો બનાવવામાં થાય છે. તેનો છોડ સંપૂર્ણ રીતે દુષ્કાળગ્રસ્ત વિસ્તારમાં થાય છે. અને બહુ હલકી જમીનમાં પણ થાય છે. તે અગ્નિનો પણ પ્રતિકાર કરી શકે છે. સામાન્ય રીતે ઢોર તેને ખાતાં નથી. ને નળ સાઈલ ખેડાણવાળી જમીનમાં છોડવાઓના રૂપમાં ઉગી નીકળે છે. સૂકી ખેતી હોય ત્યાં છોડવા સુકાઈ જતાં નથી. પરંતુ એકધારી સિંચાઈવાળી જમીનમાં ખેતીમાં સુકાઈ જાય છે.

ગુજરાતમાં આદિવાસી વિસ્તારની પૂર્વ પટ્ટી કે જ્યાં જંગલ વિસ્તાર આવેલો છે તેમાંના બનાસકાંઠા, સાબરકાંઠા, પંચમહાલ, વડોદરા, ભરૂચ, ડાંગ, વલસાડ વગેરે જિલ્લાઓમાં જ્યાં ખરાબાની જમીન ખેડી નવસાધ્ય કરવામાં આવે છે ત્યાં ટીમરૂના છોડ ઉગી નીકળે છે. આમ ખેડૂતોના ખેતરમાં ઉગેલા છોડવામાંથી ઘણો મોટો હિસ્સો ટીમરૂપાનના ઉત્પાદનમાં ભાગ ભજવે છે.

બીડી વાળવા માટે વૃક્ષ કરતાં છોડવાઓના પાન ઉત્તમ કોટીના ગણાય છે. ખૂબ નાના અથવા મોટા, વૃક્ષની ડાળખીના પાન બીડી વાળવા માટે અનુકૂળ ગણાતા નથી. આવી બીડી વાળવા માટે ૫ થી ૬ ફૂટની ઉંચાઈવાળા છોડના પાન ઉત્તમ ગણાય છે. દર વર્ષે ફેબ્રુઆરી અને માર્ચ મહીનામાં છટણી કરવામાં આવે છે. પ્રુનીંગ અને કોખાસીંગથી કટ વધારે આવે છે. ઉપરોક્ત બંને મોસમમાં પાન હાથથી તોડવામાં આવે છે. પ્રથમ મોસમ એપ્રિલ-મે મહીના દરમ્યાન અને બીજી ઓક્ટોબર-નવેમ્બર મહીનામાં જેને વૈશાખ અને કારતકી એકત્રીકરણ કહે છે. આમ છતાં તેનો મોટો ભાગ ઉનાળામાં ચોમાસા પહેલાં એકઠો કરવામાં આવે છે. ઘણીવાર જૂન મહીના સુધી પાન વીણવાનું કામ ચાલે છે. ટીમરૂ પાનની ગુણવત્તા જે તે વિસ્તારના હવામાન અને બીજા પરિબળ ઉપર આધાર રાખે છે. ટીમરૂ પાનની ગુણવત્તા તેના રંગ, પાનની જાડાઈ અને નાની ગાંઠો અને નસોના દેખાવા ઉપર આધાર રાખે છે. સારી ગુણવત્તાવાળા પાન એ રાખોડી રંગથી તપખીરીયા રંગ સુધીના હોય છે. તેની જાડાઈ સામાન્ય રીતે પાનના સુંવાળા ચામડા જેવી હોવી જોઈએ. જે ખૂબ જાડા ના હોય અને ખૂબ પાતળાં ના હોય વધારે નસોવાળું પાન ઉત્તમ ગણાય છે. મખમલ જેવું સુંવાળું પાન હલકું ગણાય છે.

## ગુજરાત રાજ્યમાં વર્ષવાર ટીમરું પાનનું ઉત્પાદન

| અનુ.નં. | વર્ષ | ઉત્પાદન સ્ટાન્ડર્ડ બેગમાં |
|---|---|---|
| ૧. | ૧૯૭૭ | ૫૨૦૭૭ |
| ૨. | ૧૯૭૮ | ૬૬૧૦૦ |
| ૩. | ૧૯૭૯ | ૫૬૨૦૭ |
| ૪. | ૧૯૮૦ | ૫૪૭૭૩ |
| ૫. | ૧૯૮૧ | ૫૭૫૦૦ |
| ૬. | ૧૯૮૨ | ૫૭૮૭૦ |
| ૭. | ૧૯૮૩ | ૪૪૦૬૯ |
| ૮. | ૧૯૮૪ | ૫૮૭૭૦ |
| ૯. | ૧૯૮૫ | ૫૦૩૯૯ |
| ૧૦. | ૧૯૮૬ | ૩૦૨૫૮ |
| ૧૧. | ૧૯૮૭ | ૧૯૫૪૦ |

**પ્રાપ્તિસ્થાન** : ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ, વડોદરા.

ટીમરુ પાન ઉત્પાદન તંત્ર અને વેપાર જુદી જુદી વ્યવસ્થાઓમાંથી પસાર થઈ ચૂક્યો છે. ઉપરના કોઠામાં ટીમરૂ પાનના ઉત્પાદનનો જે તફાવત દેખાય છે તે સ્પષ્ટ રીતે સમજી શકાય તેમ છે. ટીમરૂ પાન ઉત્પાદન અને વેપાર રાષ્ટ્રીયકરણ કર્યા પહેલાં જંગલખાતા તરફથી એકત્રીકરણ કરવામાં આવતું હતું. ૧૯૭૬ માં રાષ્ટ્રિયકરણ કર્યા પછી સ્ટાન્ડર્ડ લૉસ પ્રમાણે ઉચ્ચક કોન્ટ્રાક્ટરોને કામગીરી સોંપવામાં આવી તે સને ૧૯૮૯ મોસમ પછી યુનીટ પ્રમાણે અંદાજીત કિંમતથી ઉચ્ચક એકત્રીકરણની કામગીરી કોન્ટ્રાક્ટરોને અપાય છે. અત્યારે વન વિકાસ નિગમ અને જંગલખાતુ ટીમરું નું ઉત્પાદન અને વેપારની કામગીરી અને વહીવટ સંભાળે છે. આમ ઉત્પાદનમાં જે વધઘટ થયા કરે છે માટે વહીવટી તંત્ર (ઉત્પાદન અને વેપાર માટે) બદલવાને કારણે છે તેવું ભારપૂર્વક કહી શકાય નહીં. તેમ છતાં બદલાતી રહેતી વહીવટી તંત્રની અસર તેના ઉત્પાદન ઉપર પડી છે.

આ સાથે બીજું જે કારણ છે તે એ કે ટીમરુ પાનના ઉત્પાદનનો પ્રકાર અને તેનો વેપાર એ સંકુલ છે. ટીમરુ પાનના ઉત્પાદનથી વિતરણ સુધીની પ્રક્રિયા દેખીતી રીતે સરળ લાગે છે પરંતુ તે આંટી ઘુંટીવાળી પ્રક્રિયા છે. ચાર મહીનાના ટુંકાગાળામાં એટલે કે ૧૫ મી ફેબ્રુઆરીથી ૧૫ મી જુન સુધી ઘણી કામગીરીઓમાંથી પસાર થાય છે. જેમકે છોડવાઓ રોપવા, ઝાડની છટણી કરવી, કડી બનાવવી અથવા તેની મરામત કરવી, ટીમરૂ પાન એકઠાં કરવા, એકઠા કરેલા પાન સુકવવાં અને ફુડ ગોડાઉનમાં તેનો સંગ્રહ કરવો. સૂકાવા મૂકેલા પાનને ઉતરાવવાં અને સુકાયેલા પાનનો કેન્દ્રિય ગોડાઉનમાં સંગ્રહ કરવો

આ બધી કામગીરી ઘણી કાળજી માંગતી અને ચીવટપૂર્વકની સમય નિર્ધારિત છે. ઘણીવાર ઉનાળાનાં વંટોળ અને કમોસમ વરસાદ ટીમરૂ પાન એકત્રીકરણની કામગીરીને ભારે નુકશાની પહોંચાડે છે. કમોસમી વરસાદને લીધે અથવા કરા પડવાથી અથવા ગાઢ ધુમ્મસને કારણે પણ અસર થાય છે. પાન તેના નિર્ધારિત સમયે તૈયાર થતાં પહેલાં નુકશાની થાય તો ફરીથી કોપોરીંગ કરવું પડે છે. ખરાબ હવામાનને કારણે પાનમાં કાળા ટપકાં પડી જાય છે. અને તેમાં જીવાત પડે છે. ઓછું સુકવવામાં આવે તો ફુગ પડે અને રંગ બદલાઈ જાય અને વધુ સુકવવામાં આવે તો પાન વધારે કડક બનવાને કારણે તરડાઈ જાય અને તેની ગુણવત્તામાં ઘટાડો થાય છે. જો ગોડાઉન કાચું હોય અને પાણી ટપકતું હોય તો તે પાનને ઘણું નુકશાન પહોંચાડે છે. અકસ્માતે કુડીમાં લાગેલી આગ પાન બાળી મૂકે છે. આ બધા કારણો ટીમરૂ પાનના વેપારને અસ્થિર અને અનિશ્ચિત બનાવી મૂકે છે.

એકત્રીકરણ પછીના તબક્કા જેવા કે સૂકવણી, પેકીંગ અને વાહનવ્યવહાર ખર્ચ પાનની કિંમતમાં ઉમેરાય છે. એકત્રીકરણ દરમાં મજૂરોને જે મજૂરી આપવામાં આવે છે તે ઉમેરાય છે અને વાહનવ્યવહારનો ખર્ચ જે એકત્રીકરણ કેન્દ્ર સુધી લઈ જવામાં આવે છે તે ઉમેરાય છે. પાન એકત્ર કરવામાં વ્યક્તિની ઝડપ અને અક્કલ હોશીયારીની પરિસ્થિતિ ઉપર આધાર રાખે છે. સાનુકૂળ હવામાનમાં સારો પાન બીડવાવાળો એક દિવસમાં ૧૫૦૦ પાન ચૂંટી શકે છે. એક ખૂંડીમાં ૫૦ પાન હોય છે. ૧૦૦ પાનની સ્ટાન્ડર્ડ બેજ ગણાય છે. આમ એક દિવસમાં એક વ્યક્તિ સરેરાશ રૂા. ૬ થી ૮ સાનુકૂળ હવામાનમાં કમાઈ શકે છે. પરંતુ સાનુકૂળ હવામાનની પરિસ્થિતિ પ્રમાણમાં ઓછી હોય ત્યારે એક દિવસનાં રૂા. ૩ થી ૫/- સુધી કમાય છે. ફડમુનશીને પુળા વાળવા અને એકત્રીકરણ કેન્દ્ર ઉપર મોકલવાની સઘળી મજુરી રૂા. ૮/- રાખે છે. સ્થાનિક લોકો સાથે અનૌપચારિક રીતે ચર્ચા દરમ્યાન જાણવા મળ્યું છે કે બીજા રાજ્યોના કોન્ટ્રાક્ટરો જે ટીમરૂ પાનના યુનીટ રાખે છે તે પોતાની સાથે ફડમનુશી અને ફંડ એકર લેતા આવે છે. પરિણામે સ્થાનિક શ્રમિકોની રોજગારી ઝૂંટવાઈ જાય છે.

એકત્રીકરણની સાથે સાથે પાનની સૂકવણી અને પ્રોસેસ કરવાની કામગીરી ચાલે છે. આ બધી પ્રક્રિયાઓ ચોમાસાની મોસમની શરૂઆત થતાં પહેલાં પતાવી દેવી પડતી હોય છે. તેના પાન સૂકવવાની કામગીરી કાળજી માંગી લે છે.

પ્રથમ તબક્કે પાન બંડલ ભોંયતળીયા ઉપર પાથરી અને એક અઠવાડિયા સુધી પડ્યા રાખવા પડે છે. ત્યારબાદ થોડા દિવસ પછી જ્યારે પાન લાલાશ પડતા રંગના થાય એટલે કે ફરી પાછા બદલવા પડે અને થોડા દિવસ બાદ પાછા ઉલટાવવા પડે છે. સંપૂર્ણ સૂકાયા પછી પાન ઉપર પાણી છાંટી નરમ અને સુંવાળા બનાવવામાં આવે છે. ને પછી શણના કોથળામાં મૂકવામાં આવે છે. કોથળામાં પેકીંગ કરતી વખતે પણ સાવધાનીથી અથવા પાનનું બંડલ એક તરફ અને બીજા અડધા પાનનું બંડલ બીજી તરફ મૂકવામાં આવે છે. સંગ્રહ કરવામાં આવે તેના ઉપરથી સંગ્રહ કરવાની કિંમત ગણવામાં આવે છે પરંતુ મોટે ભાગે તે ૮૦ થી ૯૦ દિવસ સંગ્રહ કરવામાં આવે છે.

વાહનવ્યવહારની કિંમત ઉત્પાદન કરતાં સ્થળેથી જ્યાં તેનું પ્રોસેસીંગ થતું હોય તે સ્થળ સુધીના એકમ સુધીનું ગણાય છે. તેમ છતાં તે અંતર અને કયા પ્રકારનું વાહન છે તેના ઉપર આધાર રાખે છે. જો અંતરિયાળ વિસ્તાર હોય અને ટૂંકું અંતર હોય તો મોટે ભાગે બળદગાડાનો ઉપયોગ થાય છે નહીંતર પછી ટ્રક અને રેલવે વેગનોનો ઉપયોગ થાય છે.

કુલ કિંમતમાં જુદી જુદી કક્ષાની કામગીરીનો હિસ્સો નીચે મુજબ છે. (એક ક્વિન્ટલના ૧૯૬૯-૭૦ માં રૂા. ૪૩ હતા) જેની નીચે મુજબ ગણત્રી થાય છે. ટીમરૂ પાન એકઠા કરવાની મજૂરી ૩૫ ટકા (એક ક્વિન્ટલના રૂા. ૧૫/- જેમાં ૧૦૦૦૦૦ પાન હોય) સૂકવણી અને આનુષાંગિક પ્રક્રિયા ૧૧.૬ ટકા, પેકીંગ ૩૮ ટકા, સંગ્રહ ૫.૨ ટકા અને વાહનવ્યવહાર ૧૦.૨ ટકા (ભારત સરકાર ૧૯૭૦)

રાષ્ટ્રીયકરણ પહેલાં આ વન ઉપજના વેપારમાં શું પરિસ્થિતિ હતી તે નીચેના દાખલા ઉપરથી સમજી શકાય છે. દા.ત., બિહારમાં ૧૯૭૩ પહેલાં રાષ્ટ્રીયકરણ કર્યું તે પહેલાં જે વેપારીઓ આ વેપારમાં પડ્યા હતા તે પ્રોસેસ કરેલાં પાન રૂા. ૨૦૦/- થી ૬૦૦ /- એક ક્વિન્ટલ લેખે વેચતાં હતાં જ્યારે ઉત્પાદકને (એકત્રીકારોને) માત્ર ૩ થી ૮ ટકા આ કામમાં મળતા હતા. આમ એકંદરે વેપારીને ૭૦ થી ૮૦ ટકા મળતર આ કામગીરીમાં મળતું હતું. ગુજરાતમાં લગભગ ૧૦૦૦૦૦ લોકો ટીમરુ પાન વીણવાનું કામ કરે છે. જેઓમાં મોટે ભાગે આદિવાસી સ્ત્રીઓ છે. વન વિકાસ નિગમની કુલ આવકના ૪૫ ટકા ઉપરાંતની આવક ટીમરૂ પાનમાંથી થાય છે. વન વિકાસ નિગમે ટીમરૂ પાનના ૧૦૦ પુડા (૫૦૦૦ પાન) એકત્ર કરવાનાં ૧૯૮૬ માં રૂા. ૬.૫૦, ૧૯૮૭ માં રૂા. ૭.૦૦ તથા ૧૯૮૮ માં રૂા. ૭-૦૦ ચૂકવ્યા હતા. આજ ગાળા દરમ્યાન જંગલમાં કામ કરતાં મજૂરો માટેનો લઘુત્તમ વેતન દર અનુક્રમે રૂા. ૧૫-૮૦, રૂા. ૧૭-૦૦ તથા રૂા. ૧૯-૦૦ દૈનિક હતો એક મજૂરનો ૧૦૦ પુડા એટલે કે ૫૦૦૦ પાન વીણતા લગભગ ૮ કલાક જેટલો સમય લાગે છે. આમ નિગમ ૮ કલાકની સતત મજૂરીના માત્ર રૂા. ૭/- ચૂકવે છે.

વન વિકાસ નિગમ દ્વારા ટીમરૂ પાન બે રીતે એકત્ર કરાય છે. પહેલી રીતમાં નિગમ જાતે પાન એકત્ર કરાવે છે. બીજી રીતમાં દરેક ડીવીઝનના યુનીટો કોન્ટ્રાક્ટરોને અગાઉથી જ વેચી દેવામાં આવે છે. આ કોન્ટ્રાક્ટરો આ ધંધામાં પેઢી દરપેઢી છે.

ટીમરૂ પાન એકત્રીકરણના દરો ખરેખર તો નિગમની સલાહકાર સમિતિએ સૂચવવાનાહોય છે પરંતુ આ સમિતિની મુદત છેલ્લાં બે વર્ષથી સમાપ્ત થઈ ગઈ છે. તેથી બૉર્ડ ઑફ ડાયરેક્ટર્સ એકત્રીકરણ દરો સૂચવે છે. આદિવાસીઓ ઉનાળાની મોસમમાં સવારે ૬-૦૦ વાગ્યે ઘરેથી નીકળી બપોરે ૧૧ થી ૧૨ વાગે પાછાં ફરે છે. ત્યારબાદ ફરીથી ૧ વાગે કામ કરવા બેસે છે. અને સાંજે ૫ વાગ્યે કામ પૂરું કરીને પુડા આપવા જાય છે. જુદી જુદી પધ્ધતિઓથી ગણતરી કરતાં કમિશન એવા તારણ પર આવ્યું હતું કે ૮ કલાકમાં બપોરમાં વધારે ૧૦૦ પુડા બનાવી શકાય. જેના નિગમ રૂા. ૭/- લેખે ચૂકવે છે. આનાં સામે નિગમના કર્મચારીઓનો પગાર ખર્ચ જે ૧૯૭૯-૮૦ માં રૂા. ૧૮.૩૨ લાખ હતો તે વધીને ૧૯૮૪-૮૫ માં રૂા. ૯૧.૫૨ લાખ થયો છે. આમાં નિગમના કર્મચારીઓનો ૩૦ થી ૩૩ ટકા નો પગાર વધારો કેન્દ્ર સરકારના

પગાર ધોરણ અપનાવવામાં થયો છે. જ્યારે ટીમરૂ પાન એકત્રીકરણ કરનારા આદિવાસીઓને નિગમ ૧૯૭૯-૮૦ માં ૧૦૦ પુડાના ૮ કલાકની મજૂરીના રૂા. ૨-૫૦ ચૂકવતું હતું જે વધીને ૧૯૮૬-૮૭ માં રૂા. ૭/- થયા હતા અને છેલ્લાં બે વર્ષથી આમાં કોઈ વધારો થયો ન હતો.

ગુજરાતમાં વનોનું પ્રમાણ હોવું જોઈએ તેના કરતાં ઘણું ઓછું છે. ગુજરાતનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧,૯૬,૦૨૪ કિ.મી. છે. આ પૈકી ૧૯,૩૮૮ ચો. કિ.મી. એટલે રાજ્યના ભૌગોલિક વિસ્તારના લગભગ ૧૦ ટકા વિસ્તાર વનો હેઠળ છે. પરંતુ આ વિસ્તારમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર માત્ર ૫ ટકા જેટલા વિસ્તારમાં જ છે. જેમ જેમ વસતી વધતી જાય છે તેમ તેમ જંગલ ઉપર તેનું ભારણ વધતું જાય છે. અને જંગલ પાંખા પડતાં જાય છે. આવી પરિસ્થિતિ હંમેશા ન હતી.

આઝાદી પહેલાં વસતી ઓછી હતી, જંગલો ગીચ હતા, અને લોકોને કાયદાની બીક વધારે હતી. આ બધાં કારણોને લઈને તે વખતના જંગલ એટલા ગીચ હતા કે જંગલોમાં કામ કરવા માટે વન વિભાગને પૂરતાં મજૂરો મળી શક્તા ન હતા. આથી જંગલના અંતરિયાળ વિસ્તારમાં જંગલના રસ્તા, પ્લાન્ટેશન, જંગલમાંથી મેનેજમેન્ટ બાન મુજબ વૃક્ષો કાપવાની તથા તેને ખેંચી ડેપો સુધી લઈ જવાની કામગીરી માટે જંગલ ખાતાને ખૂબ મુશ્કેલી પડતી હતી. બહારથી મજૂરો લાવવાથી આ સમસ્યા ઉકેલાતી ન હતી. આ કારણે ૧૯૫૦ પહેલાં, મોટાભાગે તો આઝાદી પહેલા, ગુજરાતના જુનાગઢ જિલ્લાના ગીરના જંગલોમાં તે વખતના દેશીરજવાડા તેમજ બ્રિટીશ હકૂમતે બહારથી જંગલ કામ માટે આવા મજૂરોને કાયમી ધોરણે જંગલમાં વસાવવાનું વિચાર્યું.

આ માટે જંગલ ખાતાએ ખાસ વસાહતો ઉભી કરી અને આ વસાહતો ને વન વસાહતો (ફોરેસ્ટ સેટલમેન્ટ) નામ આપવામાં આવ્યું. આવી વન વસાહતો ભારતના જુદા જુદા રાજ્યોમાં પણ જુદા જુદા સમયે સ્થાપવામાં આવી હતી. જેની કુલ સંખ્યા ૩૫૦૦ ઉપર થવા જાય છે. ગુજરાતની અંદર એકંદરે ૧૧૪ જેટલી વન વસાહતો સ્થાપવામાં આવી છે જે બધી જ જંગલમાં આવેલી છે. આ સિવાય કેટલાક રેવન્યુ ગામોમાં આવી વન વસાહતના ખાતેદાર વસેલા છે. પરંતુ તેઓ જંગલ વિસ્તારની અંદર બીજા વન વસાહતી જેમ ખેતીની જમીન ધરાવે છે.

વન વસાહતોમાં વસેલા મજૂરોને ખેતી માટે જંગલની જમીન આપવામાં આવી. આ જમીન એ ખેડી ખાય અને બદલામાં એ વન વિભાગને જયારે પણ મજૂરોની જરૂર પડે તથા જંગલમાં આગ વગેરે ઓલવવાની હોય ત્યારે જંગલ ખાતાને મદદ કરે એનાં જેવી કેટલીક શરતો ઉપર આપવામાં આવી હતી. જુનાગઢ જીલ્લામાં જુનાગઢ રાજ્યના વખતે આવી શરતો નક્કી કરવામાં આવેલી જે 'પરિશિષ્ટ-૧'માં આપેલી છે. આ જ પરિસ્થિતિ જુનાગઢ જિલ્લા સિવાયના અન્ય જિલ્લાઓમાં જે શરતોયે ખાતેદારોને જમીન આપવામાં આવી છે તે શરતો પણ બતાવી હતી.

**વસાહતો અને વસતી :**

ગુજરાતમાં આગળ કહેવામાં આવ્યું તે પ્રમાણે ૧૧૪ જેટલી વન, વસાહતો, પૂર્ણપણે વન વિસ્તારમાં વસેલી છે. આ ઉપરાંત ૮૭ જેટલાં રેવન્યુ ગામોમાં પણ વન વસાહતી વસવાટ કરે છે. આ વસાહતો અને

વખતોની માહિતી પત્રક-૧માં આપી છે. આ જોવાથી જણાશે એકંદરે ૧૧૪ જેટલી વન વસાહતોમાં ૨૨૩૧ કુટુંબો તથા બીન વસાહતી એટલે કે રેવન્યુ ખાતા હેઠળના ૮૭ ગામોમાં ૧૦૭૪ જેટલા ખાતેદાર કુટુંબો વસે છે. ખાતેદારોના કુટુંબોમાં એકંદરે વસતી ૨૭૭૯૫ની છે. આ ઉપરાંત બિન ખાતેદાર એવા ૨૫૪૬ કુટુંબો (વસતી ૧૩૨૭૧) ૯૨ જેટલી વન વસાહતીઓમાં વસવાટ કરે છે.

**બિન ખાતેદાર વસતી :** વન વસાહતોમાં માત્ર ખાતેદાર ખેડૂતો જ રહી શકે એવી પ્રાથમિક જોગવાઈ હતી. પરંતુ આ અંગે રાજયના જુદા જુદા જીલ્લાઓમાં જુદી જુદી પરિસ્થિતિ પ્રવર્તે છે. જુનાગઢ જીલ્લામાં જુના વખતમાં એટલે કે આઝાદી પહેલાં જુનાગઢ રાજયમાં તેમાં આઝાદી પછી તરત સૌરાષ્ટ્ર સરકાર વખતે જે સવલતો વસાહતી ખાતેદાર ખેડૂતોને આપી છે તેમાં ખેત મજૂર જેને- સ્થાનિક બોલીમાં ઉભડ કહેવામાં આવે છે - ને વસાવવાની તથા તેના વસવાટ માટે જમીન આપવાની પણ સવલતો શરતમાં સામેલ છે. આવી કોઈ શરતો જુના બ્રિટીશ રાજયમાં કે રાજપીપળા જેવા દેશી રાજયોમાં જે વન વસાહતો સ્થાપવામાં આવી તેમાં આપવામાં આવી નથી. આમ છતાં એ હકીકત છે કે લગભગ દરેક વસાહતમાં બિન ખાતેદાર મજૂર વર્ગ ઝૂંપડા બાંધી રહે છે. અનુમાન છે કે આ લોકો પૈકી મોટાભાગના ખાતેદાર ખેડૂતોના સગા-સંબંધી કે તેમના લાવેલા મજૂરોના વંશજો છે. આવા બિનખાતેદારોની સંખ્યા જિલ્લાવાર પત્રક-૧માં બતાવવામાં આવી છે. જે જોતાં જણાશે કે એકંદરે ૧૧૪ વન વસાહતો પૈકી ૯૨ જેટલી વન વસાહતોમાં ૨૫૪૬ જેટલા બિન ખાતેદાર કુટુંબો વસે છે અને એમની કુલ વસતી ૧૩૨૬૮ જેટલી ગણવામાં આવી હતી. આવાં બિન ખાતેદાર લોકો સામાન્ય પણે અત્યંત ગરીબીની અવસ્થામાં જીવે છે. વન વસાહતીઓ પોતે જ ગરીબ અને મજૂર વર્ગના હોય ત્યાં તેમને આ થતી એવી બિનખાતેદાર મજૂરોની સ્થિતિ કલ્પી શકાય તેમ છે.

**ખાતેદારોને આપવામાં આવેલી જમીનની શરતો :**

જુનાગઢ જીલ્લામાં ખાતેદારોને જે શરતોએ આપવામાં આવી છે તે શરતી બાકીના ત્રણ એટલે કે સુરત, ભરૂચ અને પંચમહાલ જીલ્લામા આવેલા વન વસતી હતી અને જમીનથી, શરતોથી અલગ પડે છે. આ શરતો અંગે વધુ વિસ્તારથી માહિતી આ લખાણના અંતે પરિશિષ્ટ-૧માં આપીછે.

આ શરતોમાં એક મહત્વની વાત એ છે કે આ જમીનની મૂળ માલિકી તો સરકારની જ રહે છે. વળી, આ જમીન ઉપર તો માત્ર ખેડાણ હક્ક જ ખાતેદાર ખેડૂતોને આપવામાં આવેલ છે. તેઓ આ જમીન તૈયાર કરી શકે નહીં કે આ જમીન બીજા નામે પણ કરી શકે નહીં કે બક્ષીસમાં આપી શકે નહીં. આમ છતાં આ જમીન બીજી જમીનની માફક મૂળ ખાતેદારના ગુજરી ગયા પછી તેના વંશ-વારસોના નામે કરવાની જોગવાઈ છે. આ જ પ્રમાણે જરૂર પડે ત્યારે વારસાઈ કરીને ખાતામાં નામ ફેરબદલ કરવામાં આવતા હોય છે.

**વનવસાહતીઓની સમસ્યા :**

વન વસાહતીઓની મુખ્ય સમસ્યાઓ નીચે પ્રમાણે છે.

૧. સરેરાશ, વન વસાહતીઓ અભણ અને ગરીબ છે.

૨. આધુનિક ખેતી, આધુનિક સ્વાસ્થ્ય રક્ષણ, આધુનિક કુટુંબ કલ્યાણ પ્રણાલી વગેરે. રાજયના અન્ય નાગરિકો માટે સામાન્ય એવી સવલતો પણ વન વસાહતોમાં ભાગ્યે જ જોવા મળે છે.

૩. મોટા ભાગની વન વસાહતીના વિસ્તાર અંદરના ભાગે આવેલા છે જેથી નજીકના મુખ્ય બજારો સાથેના તેમનો સંપર્ક બીજા રેવન્યુ ગામોની સરખામણીમાં દુષ્કર છે.

૪. રેવન્યુ ગામોને જે સવલતો મળે છે. દા.ત. જીલ્લા પંચાયત તરફથી કે ટ્રાઈબલ સબ પ્લાન પ્રોજેકટ તરફથી કે શિક્ષણ ખાતા તરફથી, એ સવલતો કોણ જાણે કેમ વન વસાહતીઓને સામાન્ય પણે આપવામાં આવતી નથી. આમ સામાન્યપણે આપવામાં આવતી નથી. આ માટે સામાન્ય દલીલ એવી કરવામાં આવી છે કે વન વસાહતીને વન વિભાગ તરફથી લાભ મળે છે તેથી તેમને બીજા ખાતાઓનો લાભ ન મળી શકે. આ દલીલ બરાબર જણાતી નથી. કારણ કે રેવન્યુ ગામોમાં રહેતા લોકોને અન્ય ખાતા ઉપરાંત વન વિભાગની મદદ પણ મળે છે. દા.ત. સામાજીક વનીકરણના કાર્યોમાં કે વન વિભાગના બીજા કાર્યો મારફતે. ખરેખર તો વન વસાહતોમાં રહેતી વસતી ગુજરાતની સૌથી પછાત વસતી છે એ હકીકત લક્ષમાં લઈને એમને તો શક્ય એટલી ખાતા તરફથી મદદ મળવી જોઈએ.

**વન વસાહતીની સમસ્યાઓના સૂચિત ઉકેલો :**

વન વસાહતીઓની વિશિષ્ટ સમસ્યાઓ છે. એમનો ઉકેલ પણ વિશેષ ધ્યાન માંગી લે છે. જે મુખ્ય સમસ્યાઓ છે તેના ઉકેલ માટે નીચે પ્રમાણેની સવલતો આપવી ખરેખર જરૂરી છે એવું અમારું માનવું છે.

૧. **શિક્ષણ :** વન વસાહતી અંતરિયાળ વિસ્તારોમાં આવેલી છે. એમના બાળકો આજુબાજુની નિશાળોમાં ભાગ્યે જ જાય છે. જે વનવસાહતોમાં નિશાળ આવેલી છે ત્યાં પણ શિક્ષણનું ધોરણ બહુ નીચું છે અને શિક્ષકોની નિયમિતતા તો અન્ય આદિવાસી વિસ્તારોમાં જેવી છે એવી અહીંયા પણ એટલે કે અનિયમિત જ રહે છે એવું કહીયે તો તેમાં કંઈ અતિશયોક્તિ નથી. આ હકીકત લક્ષમાં રાખીને જુનાગઢ જીલ્લામાં-૧ તથા બીજા ત્રણ જીલ્લાઓમાં દરેક જીલ્લામાં બે-બે એ હિસાબે એકંદરે સાત આશ્રમ શાળાઓ સ્થાપવામાં આવે તો પ્રાથમિક શિક્ષણની જરૂરીયાતો પુરી પાડવામાં મદદ મળે. આ ઉપરાંત વન વસાહતીઓ માટે જુદી જુદી પોલી ટેકનીકોમાં તથા તાલીમ સંસ્થાઓમાં ખાસ બેઠકોનું આરક્ષણ રાખવું જોઈએ.

૨. **આરોગ્ય :** વન વસાહતોમાં સ્વાસ્થ્ય વિભાગ તરફથી હરતાં-ફરતાં દવાખાનાની સગવડ આપવી જોઈએ.

૩. **બેંક :** વન વસાહતવાળા વિસ્તારોમાં હરતી-ફરતી બેંકોની સગવડ આપવામાં આવે તો બહું નાના પાયે આ લોકો બચત કરતાં શીખશે.

૪. **રમત ગમત :** વન વસાહતના બાળકો અને યુવાનોના માટે રમતોત્સવો તથા રમત તાલીમ કેમ્પ યોજવા જોઈએ.

૫. **પુસ્તકાલય વાંચનાલય :** હરતાં-ફરતાં તેમજ સ્થિર પુસ્તકાલય, વાંચનાલયની જોગવાઈ વન વસાહતીઓના શૈક્ષણિક સ્તરમાં વધારો કરશે.

૬. **હરતી ફરતી અનાજની દુકાન :** સસ્તા અનાજની હરતી ફરતી દુકાનો ગરીબ વન વસાહતીઓ માટે આશીર્વાદરૂપ થઈ પડશે.

**ઉત્પ્રેરિક સ્ટાફ :**

વન વસાહતો સાથે સંકળાયેલ વન વિભાગોમાં જે જે કર્મચારીઓ અને અધિકારીઓ છે તેઓ આ ગરીબ અને પછાત વન વસાહતીથી તરફ પ્રેમભરી અને કૂણી લાગણી ધરાવે તો જ એમની ગરીબી દૂર થાય. આ માટે સ્ટાફ સ્વેચ્છાપૂર્વક આવા વિસ્તારોમાં કામ કરવા માંગતા હોય તેવા સ્ટાફને આવા વિસ્તારોમાં નિમવા જોઈએ. બીજા સ્ટાફ કરતાં આ સ્ટાફને અગવડતાઓ પણ વધારે પડવાની એ લક્ષમાં રાખીને આ અગવડોને કારણે તેમણે એ ઘર રાખવા તથા તેમના બાળકોને ભણાવવાની વગેરે જે સમસ્યાઓ ઉભી થાય તેને હળવી બનાવવા માટે તેમને કેટલીક વિશેષ સવલતો પણ આપવી જોઈએ. જેમ કે, કેટલાંક ટ્રાઈબલ પ્રોજેકટ વિસ્તારોમાં આપવામાં આવે છે.

વન વસાહતીઓની સમસ્યા એ માત્ર એક પ્રશાસનિક સમસ્યા નથી. પરંતુ માનવીય સમસ્યાઓ છે અને એનો ઉકેલ માત્ર પ્રશસાનિક રસ્તે નહીં નીકળે. આ માટે રાજયના અન્ય વિસ્તારોના નાગરિકો માટે સર્વગ્રાહી પ્રયત્નો કરવામાં આવે છે અને વિપુલ સગવડો તથા સવલતો તથા રાહતો પૂરી પાડવામાં આવે છે તેવી જ જોગવાઈ વન વસાહતીઓને પણ જરૂરી છે.

ઉપરોક્ત વિગતો આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે ૫ માર્ચ ૧૯૯૨ના રોજ રાખવામાં આવેલ આદિવાસી વિકાસ ભૂતકાળ અને ભવિષ્ય- આઠમી યોજનાની વ્યૂહ રચના' વિષયક પરિસંવાદ માટે રજૂ થયેલ પેપરોમાંથી મૂકવામાં આવેલ છે.

- શ્રી દિ.મ.નાયક ભારતીય વન સેવા જનરલ મેનેજર ગુ.રા.વ.વિ. નિગમ વડોદરા
- ડૉ. વિદ્યુત જોશી
- ડૉ. સુદર્શન આયંગર
  નિયામક સેન્ટર સોશ્યલ સ્ટડી, સુરત
- ડૉ. એચ.ટી.પટેલ સ.પ.ઈ.ઓફ ઈકોનોમીક એન્ડ સોશ્યલ રીસર્ચ, થલતેજ
- ડૉ. શૈલેન્દ્ર સિંહા મુખ્ય વન સંરક્ષક વન વિભાગ, વડોદરા

## પરિશિષ્ટ-૧

**ગુજરાત રાજ્યના વન વસાહતીઓને ખાતે આપવામાં આવેલ ખેડાણ માટેની જંગલ જમીનની શરતો :**

**(અ) જુનાગઢ જિલ્લો :**

૧. સંવત ૨૦૦૪ની સાલથી કાયમ માટે દર એકરે રૂા. ૧-૦૦ બા રેતનો દર છે. પીતનો દર તેથી બમણો લેવાનો છે.

૨. ખાતેદાર સેટલમેન્ટમાં દશ વર્ષ સુધી રહેવાને બંધાયેલા છે અને જો તેમાં નિષ્ફળ જશે તો ખાતેદાર પાસેથી જેટલા વર્ષ સેટલમેન્ટમાં રહ્યાં હોય, તેટલા વર્ષની વીગોટી દર સાતીએ એટલે ૨૦ એકરે રૂા.૨૦ગણી વસૂલ કરવાની રહેશે.

૩. વાંસ નજીકની નીરણ ભરવા માટે દર સાંતીએ એક વીઘા સુધીનો વાડો ખાતેદાર મેળવી શકશે અને તેમાં ચોમાસામાં મકાઈ અથવા તમાકુ પકવે તેનો કોઈ દર લેવાનો રહેશે નહિ.

૪. સદરહુ વાસમાં ખાતેદાર જે તારીખથી વસવાનું કબુલ કરે તે તારીખથી છ માસ સુધીમાં એક ગાડુ અને ઓછામાં ઓછી એક જોડી બળદ રાખવા પડશે.

૫. ડિસ્ટ્રિકટમાં અમલદારો પ્રવાસે નીકળે તેમને તથા ફોરેસ્ટના કામ માટે અને બીજા અમલદારોને ભાડા વડીયે ખાતેદારે ગાડુ આપવાનું રહેશે.

૬. ફોરેસ્ટના ગુના શોધવા અને આગ ઓલવવાને ફોરેસ્ટના કોઈપણ અમલદારને ખાતેદાર મદદ કરવા બંધાયેલા છે.

૭. વાંસની નજીકના ખુલ્લા જંગલમાંથી ખાતેદાર પોતાની માલિકીનાન્ઢોર માટે જરૂર જેટલું ઘાસ મફત વાઢી લઈ શકશે.

૮. વખતો વખત અમલમાં હોય તો તે નિયમ પ્રમાણે ખાતેદારે પોતાની માલિકીના ઢોરની સમવાડી ભરવાંની રહેશે.

૯. ખેતીના કામ માટે ખાતેદારો ઉભડ લાવી શકશે અને ખાતેદારોએ એનું નામ નોંધાવવાનું રહેશે. નામ નોંધાવવા બદલ ખાતેદાર પાસે કોઈ વેરો લેવાનો રહેશે નહીં અને માફી દરથી એક વીઘું જમીન વાડો કરવા માટે ખાતેદાર હકદાર બનશે તથા ખોરડા માટે જરૂર જોઈતી કાટ મફત મેળવવા હકદાર બનશે.

**(બ) પંચમહાલ, ભરૂચ અને સુરત જિલ્લાઓ :**

૧. ખાતેદાર જે સર્વે નંબરનો ભોગવટો કરતી હશે તે સર્વે નંબર કે તેનો કોઈ ભાગ કોઈપણ શખ્સને ખેતી કરવા પેટા ભાડે આપી શકશે નહીં. પણ વ્યાજબી રીતે તે પોતે જ તેમાં ખેતી કરી શકશે.

૨. ખાતેદારે સર્વે નંબરના હદ નિશાનો યોગ્ય રીતે મરામત કરવા પડશે.

૩. જીલ્લા માટે હપ્તાઓની ઠરાવેલ તારીખે દર વર્ષે ખાતેદારે સરકારશ્રીને આકારણી નિયમિત ભરવી પડશે.

૪. ખાતેદાર એકી વખતે સાત કરતા ઓછા હોય તેટલી મુદત માટે ગામના પટેલને તેની ગેરહાજરીની આગળથી જાણ કર્યા સિવાય વસાહતમાંથી ગેરહાજર રહી શકશે નહીં. જો એક વખતે સાત દિવસ કરતાં વધારે વખત માટે ગેરહાજર રહેવાનું જરૂરી હશે તો રેંજ ફોરેસ્ટ ઓફિસરની અગાઉથી પરવાનગી લેવી પડશે.

૫. ખાતેદાર જે સર્વે નંબરમાં રહેતો હશે તે સર્વે નંબરમાં અનામત રાખેલા તમામ ઝાડોનું નુકશાનીમાંથી ઉત્તમોત્તમ શક્તિથી રક્ષણ કરવાનું રહેશે. તેમજ નીચે જણાવેલ મદદ આપવાની રહેશે.

(અ) શક્ય તેટલી ત્વરાથી આગ બુઝાવવા.

(બ) અનામત રાખેલા જંગલમાં આગ પ્રસરતી અટકાવવા.

(ક) જંગલના ગુનાની જાણ થયેથી ગુનો અટકાવવા.

(ડ) જંગલમાં ગુનેગારોને ગીરફતાર કરવામાં.

૬. કોન્ટ્રેકટર અથવા સરકારની એજન્સી મારફત કરવામાં આવતાં જંગલના રક્ષણ કામોની બાબતમાં જ્યારે ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર દ્વારા ખાતેદારોને જે કામ કરવાનું કહેવામાં આવે ત્યારે ખાતેદાર યોગ્ય પગારે તે કામ કરવા બંધાયેલ છે.

૭. ખાતેદાર જે જમીનનો ભોગવટો કરે તે જમીન સરકારી કામસર જરૂર હશે તો ખાતેદારને બાર મહિનાની નોટિસ આપી કબુલાતનામું રદ કરી શકશે અને પરત આપવાનો જમીનમાં ખાતેદાર જમીનને સુધારવા કરેલા ખર્ચ સિવાયના બીજા કોઈ બદલા માટે હકદાર રહેશે નહીં. સરકારી કારણ કયું છે અને જમીન સુધારવાના ખર્ચ બાબતમાં નિર્ણય લેવાની સત્તા વન સંરક્ષણશ્રીની આખરી ગણાશે.

૮. તાલુકાના વસાહતની ફેર તપાસ વખતે ખાતેદાર જે જમીનનો ભોગવટો કરતો હશે તે જમીનમાં આકારણી માટે ફેરતપાસ કરવાની આખરી સત્તા ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસરની રહેશે અને આવી તપાસ કરેલ દરેક બાબતે કરેલો વધારો ૬૬.૨/૩ ટકા કરતાં વધારે આકારણી કરી શકશે નહીં.

૯. ઉપર જણાવેલ શરતોમાંની કોઈપણ શરતની ખાતેદાર ભંગ કરશે તેવા કિસ્સામાં ડિવિઝનલ ફોરેસ્ટ ઓફીસરને આ કબુલાતનામું રદ બાતલ કરવાની સત્તા છે. તેમજ કબુલાતનામાની શરતોના ભંગ માટે જો ખાતેદારે જમીનનો કબજો છોડવો પડશે તો જંગલ ખાતું ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર (કે જેનો અભિપ્રાય છેવટનો ગણાશે તે) ના અભિપ્રાય પ્રમાણે વ્યાજબી લાગે તેવા ખાતેદારના ખર્ચે કરેલા સુધારાની વિઘાના ફાળે જે કિંમત થશે તેટલી કિંમત પ્રમાણે સરકારને અથવા નવા વસાહતીઓને બદલી આપશે. વન સંરક્ષકશ્રીએ પસાર કરેલા કોઈ પણ કબજો છોડવાના હુકમના કિસ્સામાં ખાતેદારને હુકમ મળેથી ૬૦ દિવસ સુધીમાં ગુજરાત રાજયના મુખ્ય વન સંરક્ષકશ્રીને અપીલ કરવાની સત્તા

આપવામાં આવશે. મુખ્ય વન સંરક્ષકશ્રી જો હુકમને બહાલી સાથેની ૬૦ દિવસમાં અથવા ખાતેદારની જંગમ મિલકતનો નિકાલ કરી શકે તે પ્રમાણે ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર જે લાંબો સમય મંજૂર કરે તે સમયમાં ખાતેદારે જગ્યા ખાલી કરવાની કબુલાત આપવી પડશે. તેમજ ખાતેદારે સ્થાવર મિલકત જેવા કે ઘરો, કુવા વગેરે પર કોઈ જાતનો દાવો કરવાનો રહેશે નહીં. ખાતેદારે ખાલી જગ્યા કરવાનો હુકમ પણ રદ થાય તે પહેલાં તે જગ્યામાં ખાતેદારે વાવેતર કરી નાંખ્યું હશે તે મોસમનો પાક લણવાને ખાતેદારે પરવાનગી માંગવાની રહેશે.

૧૦. જગ્યાનો કબજો છોડવાના કિસ્સામાં ખાતેદારના લેણાં નિકળતાં કોઈપણ આકારણી, જમીન મહેસુલની બાકી હોય તે રીતે ખાતેદાર પાસેથી વસૂલ કરી શકાશે.

●●●

## પત્રક - ૧

### ગુજરાતની વન વસાહતો અને વસાહતી ખાતેદારો

| અ.નં. | જીલ્લો | જંગલ વિસ્તારમાં આવેલી વનવસાહતો ની સંખ્યા | ખાતેદારો | | ખેતીનો વિસ્તાર (હેક્ટરમાં) |
|---|---|---|---|---|---|
| | | | કુટુંબ | વસતી | |
| ૧ | પંચમહાલ | ૨૯ | ૧૧૭૬ | ૧૨૨૨૦ | ૧૩૮૦.૨૮ |
| ૨ | સુરત | ૩૨ | ૨૯૧ | ૧૫૮૫ | ૭૭૮.૦૦ |
| ૩ | ભરૂચ | ૪૨ | ૫૪૬ | ૩૫૬૮ | ૧૮૮૮.૪૬ |
| ૪ | જુનાગઢ | ૧૧ | ૨૧૮ | ૧૬૩૪ | ૧૫૩૪.૯૫ |
| | | ૧૧૪ | ૨૨૩૧ | ૧૯૦૦૭ | ૫૫૮૧.૬૯ |

### બિનવસાહતી ગામો - રેવન્યુ ગામો (જ્યાં વન વસાહતના ખાતેદારો પૈકી કેટલાક રહે છે)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૧૧ | ૧૧૫ | ૨૪૧૬ | ૨૧૭.૫૮ |
| ૨ | સુરત | ૪૬ | ૩૮૨ | ૨૦૯૨ | ૮૨૭.૪૯ |
| ૩ | ભરૂચ | ૨૫ | ૪૮૩ | ૩૨૬૦ | ૧૧૧૧.૦૯ |
| ૪ | જુનાગઢ | ૫ | ૯૪ | ૧૦૨૦ | ૪૦૮ |
| | | ૮૭ | ૧૦૭૪ | ૮૭૮૮ | ૨૫૬૪.૭૨ |
| | કુલ સરવાળો | ૨૦૧ | ૩૩૦૫ | ૨૭૭૯૫ | ૮૧૪૬.૪૧ |

### વન વસાહતમાં વસતા બિનખાતેદારો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | - | ૧૮૪ | ૧૦૨૨ |
| ૨ | સુરત | ૩૨ | ૯૭૦ | ૪૪૮૬ |
| ૩ | ભરૂચ | ૪૦ | ૧૧૦૧ | ૫૭૮૭ |
| ૪ | જુનાગઢ | ૧૧ | ૨૯૧ | ૧૯૭૬ |
| | કુલ સરવાળો | ૯૨ | ૨૫૪૬ | ૧૩૨૭૧ |

### પત્રક - ૨
### વન વસાહત વિકાસ માટે ગુજરાત રાજ્યમાં અત્યાર સુધી ખર્ચાયેલ રકમ

| વર્ષ | મંજુર થયેલ રકમ (રૂા. લાખમાં) | હાંસલ થયેલ સિદ્ધિ (રૂા. લાખમાં) | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧૯૮૪-૮૫ | ૮૯.૯૫ | ૪૨.૫૫ | ૫૯૩૩ |
| ૧૯૮૫-૮૬ | ૮૦.૮૬ | ૭૪.૩૬ | ૧૧૮૩ |
| ૧૯૮૬-૮૭ | ૬૬.૭૭ | ૬૫.૨૬ | ૩૧૨૧ |
| ૧૯૮૭-૮૮ | ૭૮.૧૯ | ૮૦.૦૩ | ૨૯૬૩ |
| ૧૯૮૮-૮૯ | ૮૪.૩૦ | ૮૩.૬૬ | ૮૮૨૦ |
| ૧૯૮૯-૯૦ | ૧૦૭.૮૫ | ૧૦૭.૪૭ | ૧૪૫૬૫ |
| ૧૯૯૦-૯૧ | ૧૧૬.૦૦ | ૮૧.૧૬ | ૬૮૦૯ (રૂા.૨૯.૫૦ લાખનું- બજેટ ઓછું મળેલ હતું. |
| ૧૯૯૧-૯૨ | ૧૬૦.૦૦ | ૧૬૦.૦૦ (અપેક્ષિત)(અપેક્ષિત) | ૭૦૦૦ |

કેટલાક તારણો :

- જમીન પૂરતી હોવાથી આખા વર્ષનું અનાજ ખાવા પૂરતુંમળી રહે છે. બીજી જીવન જરૂરિયાતો મજૂરી કરીને પૂર્ણ કરે છે.
- ખેતી સાથે મજૂરી અને જંગલ ગૌણ પેદાશ એકઠી કરવાનું કામ કરે છે.
- પશુપાલનનો વ્યવસાય કરીને
- શિયાળામાં ટીમરૂપાન, મહુડાના કુલ વીણવાનું કામ ૨ થી ૩ કિ.મી.ના અંતરે જવું પડે છે.
- બજારભાવ સાથે સારા ભાવો મળવા જોઈએ.
- વધુ સમય વસાવા દેવામાં હેરાનગતી ન હોવી જોઈએ.
- ભાવો ઓછા મળે છે. મહેનત વધુ કરવી પડે છે.
- જંગલ ખાતાના અધિકારીઓ જંગલમાંથી કાઢી મુકે છે.
- ચનખલ ગામમાં આદિવાસી કુટુંબોને જંગલ ગૌણ પેદાશ એકત્રીકરણનું કામ મોટા પાયા પર મળતું નથી. જે થોડું ઘણું કરે છે તેમાં મહુડાની ડોળીનો તેલનો ઉપયોગ ઘર વપરાશ માટે કરે છે અને ફુલનું ફક્ત વેચાણ થાય છે. આવક મુખ્યત્વે ખેતી અને ખેતમજૂરીમાંથી જ થાય છે. જે ઘરખર્ચમાં વપરાઈ જાય છે.
- માલીકીની જમીનમાં વૃક્ષોનું વાવેતર સારા પ્રમાણમાં કરેલ છે. જેમાંથી ભવિષ્યમાં સારો આર્થિક ફાયદો થાય છે.
- જંગલમાં પાન મળતા નથી, મહુડા-ડોળી પણ ઓછા થાય છે. જંગલ ગૌણ પેદાશ એકત્ર કરવા જતાં કોઈ અકસ્માત થાય તો વળતર મળતું નથી.
- કુમળા વાંસમાંથી શાક બનાવવા

- ગૌણ પેદાશનું ..... તેવા ઝાડ વાવવા સરકારે યોજના કરવી જોઈએ.
- ટીમરૂપાન માટે દૂર દૂર સુધી જવું પડે છે.
- આખો દિવસ એકત્ર કરવામાં જાય છે તેના પ્રમાણમાં ભાવો ઓછા મળે છે.

**પેદાશોનો ઘરમાં ઉપયોગ :**

- ઉદાર, મદર, કાંકડ, સાવા, ટીમરૂપાન, ગુંદર, ગુગળ, ખાખરાપાન
- મોટાભાગના કુટુંબો બળતણ સિવાય કંઈજ લાવતા નથી.
- કેટલાક કુટુંબોમાં માંદગી દરમ્યાન જુદી જુદી આર્યુવેદિક વનસ્પતિનો દવા તરીકે ઉપયોગ કરે છે, પરંતુ કઈ વનસ્પતિનો કેવો અને ક્યારે ઉપયોગ થાય તે જણાવવા તૈયાર નથી.
- ટીમરૂપાન લાવીને વેચવાનું કામ.
- છેલ્લા ત્રણ-ચાર વર્ષોથી દુષ્કાળની પરિસ્થિતિ અને વરસાદના અભાવે વન પેદાશ એકત્રિત કરી શક્યા નથી.
- વનમાં વૃક્ષોનું પ્રમાણ ઘટવાથી આવકમાં ઘટાડો પણ થયો.
- ગૌણ પેદાશ આવે તેવા વૃક્ષોનું વધુ વાવેતર કરાવવું.
- ૨૦ થી ૨૫ કિ.મી. સુધી જંગલ પેદાશ એકઠી કરવા જવું પડે છે.
- વેપારી પોતાના ભાવથી માલ લ છે પરંતુ સરકારે નક્કી કરી વધારે ભાવ મળે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.
- ટીમરૂના પાન ગળવાની મુશ્કેલી પડે છે. જુડા બાંધતી વેળા આંખોમાં પાણી આવી જાય.
- પડવા-વાગવાનું જોખમ રહેલું છે.
- વૃક્ષો ઘટવાથી, દુષ્કાળ પડવાથી પેદાશ ઘટી છે.
- જંગલમાં વૃક્ષો વાવવાં તથા પાણીની સગવડ કરવી જરૂરી છે.
- જંગલમાં ઉત્તરોત્તર ઘટાડો થવાથી પેદાશ મળતી નથી.
- કોન્ટ્રાકટ પધ્ધતિમાં ભાવો ઓછા મળે છે. જંગલ ખાતા દ્વારા જ ભાવ પુરા મળે.
- ગૌણ પેદાશ એકઠી કરવા ઝાડ પર પણ ચઢવું પડે અને દૂર પણ જવું પડે.
- કુદરતી જંગલો સાચવવા જરૂરી છે. હાલ જે ઊંડાણ છે તેની માવજત લોકો કરે છે.
- ગૌણ પેદાશ એકઠી કરી વધુ આવક મેળવી શકાય તે માટે જોઈન્ટ ફોરેસ્ટ મંડળીની રચના કરવી જોઈએ.

# ANNEXURE

**The absract of total collection wages paid during last 10 years are as follows**

| Sr. No. | Item | Year | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 1993-94 | 1994-95 | 1995-96 | 1996-97 | 1997-98 | 1998-99 | 99-2000 | 2000-01 | 2001-02 | 2002-03 |
| 1. | Timra Leaf | 1744579 | 2688496 | 3456490 | 1891396 | 2846670 | 3851219 | 360621 | 5027920 | 3757666 | 5836536 |
| 2. | Mahuda Flower | 10942 | 7699 | 4870 | 8522 | 59390 | 8824 | 20822 | 123833 | 2000 | 16327 |
| 3. | Mahuda | 146493 | 44568 | 14272 | 228900 | 18693 | 12448 | 2243 | 196165 | 1641 | 10487 |
| 4. | Kadayo Gum- Gade-1 | 5272 | 4781 | 2255 | 5586 | 4112 | 3040 | - | 5420 | 328 | - |
| 5. | Kadyo Gum Gade-2 | 1469 | 1750 | 458 | 1638 | 950 | 620 | - | 1250 | 1674 | - |
| 6. | Kadyo Gum Gade-3 | 330 | 192 | 230 | 885 | 200 | 240 | - | 795 | 637 | - |
| 7. | White Musli | - | 1665 | 457 | - | - | - | - | - | - | - |
| 8. | Khair Hum | - | - | 162 | 145 | - | - | - | - | - | - |
| 9. | Modad Gum | 115 | - | 1376 | 830 | 480 | - | - | - | - | - |
| | **Total** | **1909200** | **2749151** | **3480570** | **2137902** | **2930495** | **3876391** | **383686** | **5355383** | **3763946** | **5863350** |

**Total Amt. disbursed 3,62,84,866**
**No.of mandays generated - 626649**

પ્રાપ્તિસ્થાન : નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી, રાજપીપળા (પૂ.)